# રૂહાની ઈન્આમ



પ્રકાશક

સુન્ની મુસ્લિમ ખિદમત કમિટી રૂપાલ

મુ. રૂપાલ, તા. બાવલા, જિ. અહમદાબાદ.

કિતાબનું નામ : **રૂહાની ઈન્આમ**

સંપાદક : **પીર સૈયદ હાજી દાદામિયાં શમ્સુદ્દીન કાદરી**
મુ. રૂપાલ, તા. બાવલા, જિ. અહમદાબાદ.

**આવૃત્તિ : પ્રથમ - પ્રત : ૫૦૦**
રબીઉલ અવ્વલ : ૧૪૨૮
એપ્રિલ - ૨૦૦૭

ખિદમત સીરીઝ નંબર - ૧૫

પ્રકાશક : **સુન્ની મુસ્લિમ ખિદમત કમિટી**
મુ. રૂપાલ, તા. બાવલા, જિ. અહમદાબાદ
પીન-૩૮૨૨૨૦

**હદીયો : દુઆ-એ ખૈર**

કંપોઝ બાય : **એશિયન ગ્રાફિક્સ**
**સૈયદ ફયઝુલ્લાહ ઈમદાદુલ્લાહ ખતીબ**
સીલેકટેડ હાઉસ, ખાસ બજાર,
તીન દરવાજા, એહમદઆબાદ.
ફોન : ૨૫૩૫ ૨૪૬૮

પ્રિન્ટેડ બાય : **ખતીબ કિતાબ ઘર એન્ડ પ્રિન્ટર્સ**
ખાસ બજાર, તીન દરવાજા, એહમદઆબાદ-૧.
ફોન : ૨૫૩૫ ૨૪૬૮

# લૌહે કુરઆની

| | | |
|---|---|---|
| نٓ | حٰمٓ عٓسٓقٓ | الٓمٓ |
| يٰسٓ | حٰمٓ | الٓمٓصٓ |
| آمِيْنْ | قٓ | كٓهٰيٰعٓصٓ |

આ તાવીઝ **'લૌહે કુરઆની'** ઘણો જ ફાયદાકારક અને તાસીર ધરાવે છે. મકાન કે દુકાનમાં લગાવવાથી ખૈરો બરકત નશીબ થાય છે.

સવારે આ તાવીઝને જોઈને કામ ધંધો કરનારને ગૈબથી રોઝી અતા થાય છે.

જે માણસ પર જાદૂ કે મેલી વિદ્યાની અસર થઈ તેના માટે આગળ-પાછળ ત્રણ ત્રણ વખત દુરૂદ શરીફ પઢીને આ હુરૂફે મુક્ત્તઆત (લૌહ કુરઆની) અગિયાર વખત પઢીને હાથો પર ફૂંક મારી બન્ને હાથ આખાય શરીર પર ફેરવી લે તો ઈન્શાઅલ્લાહ જાદૂની અસર દૂર થઈ જશે.

બીમાર માણસ ઉપર લૌહે કુરઆની પઢીને ફૂંકે અથવા તેનું તાવીઝ બનાવી બીમારના ગળામાં પહેરાવી દે. ઈન્શાઅલ્લાહ બીમારી દૂર થશે.

મીઠા મીઠા હૈ પ્યારા મોહમ્મદકા નામ
ઉન્પે લાખોં, કરોળો દુરૂદો સલામ
સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ

આંખોકા તારા નામે મોહમ્મદ
સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ



દિલ કા ઉજાલા નામે મોહમ્મદ
સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ

દૌલત જો ચાહો દૌનું જહાન કી
કરલો વઝીફા નામે મોહમ્મદ
સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ

વહી નેઅમત મૈં તુઝસે માંગતા હું
મેરે માલિક તેરી જિસ્મે રઝા હૈ
અતા કરદે મુઝે ઇશ્કે મોહમ્મદ
યેહી ટૂટે હુવે દિલકી સદા હૈ

# મુકદ્દસ તોહફો



અહીં દર્શાવેલ મુકદ્દસ તોહફો છઠ્ઠા ઈમામ હઝરત ઈમામ જાફર સાદીક રદીયલ્લાહો અન્હોના મુબારક અને મુકદ્દસ હાથોથી લખાયેલ કુરઆને મજીદનું એક પવિત્ર પાનું છે. જે કુફી લીપીમાં લખાયેલ છે. બીજી સદીની આ યાદગાર તુર્કીના સુલતાન યલદરૂમ બાયઝીદખાનના કુતુબખાનામાં હતો.

તુર્કીમા અમીર તેમુરે એને પ્રાપ્ત કર્યો હતો. એ પછી દિલ્હીના મુગલ બાદશાહો (જે તૈમુર ખાનદાનમાંથી હતા)ના કુતુબખાનામાં રહ્યો. ૧૮૫૭ના બળવામાં દિલ્હી બરબાદ થયું તેમુરી ખાનદાન છીન્ન ભીન્ન થયું તે પછી મુગલ શાહઝાદાએ હી.સં. ૧૩૫૬માં આ પવિત્ર તોહફો દિલ્હીવાળા ખ્વાજા હસન નીઝામી સાહેબને આપ્યો હતો. તેની અસલ કોપી જહાંગીરઆબાદ રીયાસતના નવાબ સર-રાજા એજાઝ રસૂલ બહાદૂરના ખજાનામાં મૌજૂદ હતો. તેની ફોટો કોપીની નકલ રજૂ કરતા આનંદ અનુભવીએ છીએ. આ ફોટોને બેઅદબીથી બચાવવા નમ્ર વિનંતી છે.

بسم الله الرحمن الرحيم


الصلوة والسلام عليك يا سيدي يا رسول الله وعلى آلك واصحابك يا حبيب الله



# તાવીઝ એ ગૌસીયા

આ તાવીઝ ગૌસુલ આઝમ રદિ.નું લખેલું છે

યા અલ્લાહ ! એની બરકતથી મુસ્લિમોની તકલીફ દૂર કરી ને હિફાઝત ફરમાવો.




યા અલ્લાહ ! એની બરકતથી મુસ્લિમ બીમારોને શિફા, તંદુરસ્તી બખ્શો.

યા અલ્લાહ ! એની બરકતથી મુસ્લિમોને તાકાત,
રોઝી રોઝગારમાં ઉન્નતી અર્પો.

**મેરે દર્દે દિલકી દવા ગૌસે આઝમ**
**કરે કૌન તેરે સિવા ગૌસે આઝમ**
**કરમ કર બરાએ ખુદા ગૌસે, આઝમ**
**બ હક્કે શફીઉલ વરા ગૌસે આઝમ**

# મોહરે કાદરીયાહ

## مہر شریف



# કલિમહ તૈયબ

## લા ઈલા-હ ઈલ્લલ્લાહ મુહમ્મદુર રસુલુલ્લાહ

કલિમએ તૈયબ મુસલમાનની પાંચ ફર્ઝો પૈકીની એક ફર્ઝ ઈસ્લામનો મૂળભૂત સિધ્ધાંત અને બુનિયાદી (પાયા)નો સ્થંભ છે. ઈસ્લામમાં દાખલ થવાનો બાબ (દરવાજો) છે. આ કલિમહને તૈયબ એટલે પાકીનો અર્થાત તહારત-સ્વચ્છતાનો કલિમહ કહેવામાં આવે છે.

ઈસ્લામનો મૂળ (અસ્લ) સિધ્ધાંત તૌહીદ અને રિસાલત છે. આ કલિમહના મુખ્ય બે ભાગ છે. પહેલો ભાગ તૌહીદનો છે જેને **લા ઈલાહ ઈલ્લલ્લાહ** કહેવામાં આવે છે અને તેના પણ બે ભાગ પાડવામાં આવ્યા છે. **નફી** અને **ઈસ્બાત**. લા ઈલાહ નફી છે. એટલે નથી કોઈ પૂજનિય- માઅબુદ અને ઈલ્લલ્લાહ ઈસ્બાત છે. એટલે સિવાય અલ્લાહના.

પ્રથમ તમામ બાતીલ (જૂઠા) માઅબુદો (ખુદાઓ)નો ઈન્કાર કરવાનો છે અને પછી એક જ અલ્લાહનો સ્વીકાર કરવાનુ નામ તૌહીદ છે. તૌહીદ એટલે એકેશ્વરવાદ (એક જ અલ્લાહને માઅબુદ-બંદગીને લાયક માનવું).

બીજો વિભાગ રિસાલતનો છે. **મુહમ્મદુર રસૂલુલ્લાહ.** અર્થાત હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અલ્લાહના રસૂલ છે. અલ્લાહ તઆલા બાદ અગર કોઈ આદરણીય છે તો ફક્ત તેના પ્યારા રસૂલ હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમ છે. ઈમાનવાળા બનવા માટે આ કલિમહ એટલે કે તૌહીદ અને રિસાલતનો દિલ અને જીભથી સ્વીકાર કરવો પડે તો જ એ મુસલમાન ગણાય છે.

આ કલિમહને પાકી, પવિત્રતા, તહારત એટલે સ્વચ્છતાનો કલિમહ એટલા માટે કહેવાય છે કે બંદગી (ઈબાદત) કરનાર માટે પાક-સાફ (પવિત્ર) હોવું જરૂરી જ નહિં, ફરજિયાત બાબત છે. નાપાક (અપવિત્ર) વ્યક્તિ ઈબાદત-બંદગી કરવાને લાયક નથી. જે અલ્લાહને આપણે માઅબુદ-પૂજનિય

માનીએ છીએ તેની બંદગી કરવા માટે મન, શરીર, વસ્ત્ર અને સ્થળનું પાક હોવું જોઈએ. કારણ કે અલ્લાહ પાક છે અને પાકીને પસંદ ફરમાવે છે.

પ્રથમ પાકી મન-કલ્બ-હૃદય એટલે દિલની હોવી જરૂરી છે. માણસનું બાહ્ય ગમે તેટલું પાક-સ્વચ્છ હોય, પણ અંતર (અંદર)થી માણસ નાપાક હોય તો બહારની પાકી એટલે કે શરીર-વસ્ત્ર અને ઘરની સ્વચ્છતાનો કોઈ અર્થ નથી. પહેલી પાકી મન એટલે કે હૃદયની હોવી જરૂરી છે.

બંદગી-ઈબાદત કે પ્રાર્થનાનો સીધો સંબંધ માણસના મન સાથે છે. જે મન, હૃદય કે દિલ નાપાક હોય તે ગમે તેટલી ઈબાદત કરે, પણ તેનું પરિણામ ફક્ત એક મહેનત-મજૂરી બનીને રહી જાય છે. ઈબાદતનું સાચુ પરિણામ અલ્લાહની રઝામંદી હાસિલ કરવાનું છે અને અલ્લાહ તેનાથી જ રાઝી થાય છે. જેનું અંદર અને બહાર એટલે કે મન અને શરીર બન્ને પાક (પવિત્ર) હોય.

માણસનું શરીર નાપાક થાય તો ગુસ્લ (ન્હાવા)થી પાક કરી શકે છે. કપડાં નાપાક થાય તો ધોઈને પાક કરી શકે છે, પણ મન-હૃદયની પાકી હાસિલ કરવી હોય તો સાચા દિલથી અને જીભથી કલિમહ તૈયબનો સ્વીકાર કરવો પડે છે. માણસના મન મહેલમાં રહેલી હજારો બુરાઈઓની ગંદકી ભરેલી હોય છે. કુફ્ર, શિર્ક જેવી મનની નાપાકીને સાફ કરવા 'કલિમએ તૈયબ' પઢવું અને માનવું અનિવાર્ય બની જાય છે. મક્કમ મનથી તૌહીદ અને રિસાલતનો સ્વીકાર કરીને મનમાં રહેલા અનેક બાતીલ (જૂઠા) માઅબુદોનો સફાયો કરવો પડે પછી જ વ્યક્તિ ઈબાદત (બંદગી-પ્રાર્થના-પૂજા) કરવાને લાયક બને છે. એટલે જ તો આ કલિમહને તૈયબ (પાક કરનાર કલિમહ) કહેવામાં આવે છે.

માણસની શરીર રચનાના ઉપર એક નજર નાખીએ તો શરીરમાં લગભગ દરેક અવયવની જોડી (બે અંગ) જોવા મળે છે. દા.ત. હાથ બે છે, પગ બે છે, આંખ બે છે, કાન બે છે, ફેફસાં બે છે, આંતરડાં બે છે, મગજ બે છે, પણ હૃદય (દિલ-કલ્બ) એક છે અને એ એટલા માટે જ કે તેમાં રહેનાર અલ્લાહ પણ એક જ છે. એક મ્યાનમાં બે તલવાર ન સમાય, તેમ એક દિલમાં

એકને જ સ્થાન મળે. બીજો જો આવે તો એક રહે નહિં, માટે એકને (અલ્લાહ)ને વસાવવા માટે તેના ઘરમાં ઘુસેલા અન્ય જે હોય તેમને ત્યાંથી ખસેડવા પડે અને તેનો સીધો ઉપાય છે 'લા ઈલાહ ઈલ્લલ્લાહ'નો સ્વીકાર (નથી કોઈ માઅબુદ સિવાય અલ્લાહના).

પ્રથમ પાકી-પવિત્રતા મનની કલ્બની છે, જે છુપી છે. જે બાતીની (અદ્રશ્ય) ગણાય છે. માથાની આંખો (ચર્મચક્ષુ)થી જોઈ શકાતી નથી, પણ દિલની આંખો (દિવ્યચક્ષુ) તેને જરૂર જુએ છે.

દરેક માણસને અલ્લાહે ત્રણ આંખો આપી છે. બે માથાની એટલે ચર્મચક્ષુ. જેના વડે આ નાશવંત જગતની તમામ જાહેરી સૃષ્ટિનું નિરક્ષણ કરે છે અને એક આંખ એ દિલની, મનની, હ્રદયની જેને દિવ્યચક્ષુ કહેવામાં આવે છે. જ્યારે માથાની આંખો બંધ થાય છે ત્યારે એ દિલની આંખ ખુલે છે. પછી તેના વડે અદશ્ય સૃષ્ટિ (રૂહાની આલમ-આધ્યત્મ જગત)ના દર્શન (દિદાર) કરે છે. કોઈએ ખૂબ સરસ કહ્યું છે :

**ઉલ્ટી હી ચાલ ચલતે હૈ દિવાનગાને ઈશ્ક**
**આંખોકો બંધ કરતે હૈ દિદારકે લીએ**

સારાંશ કલિમહ તૈયબ પઢવાથી સ્વીકાર કરવાથી માણસનું અંતર (અંદરની ભીતરની સૃષ્ટિ) સુંદર-સ્વચ્છ પાક બને છે. અંદરની આંખ ખુલે છે. જેમ માણસ આખો દિવસ કામ-ધંધો કરે છે. મહેનત મજૂરી કરે છે. તો તેનું શરીર થાકી જાય છે. કામકાજના કારણે મેલુ પણ બને છે અને જ્યારે તે થાક અને મેલ દૂર કરવા માણસ પાણીથી ન્હાય (ગુસ્લ કરે) છે. તો એક પ્રકારની સ્ફૂર્તિ અને શાંતી મેળવે છે. એમ જ્યારે માણસ કલિમહ તૈયબ પઢે છે તો હ્રદયની શાંતી-સુકૂન મેળવે છે. કારણ કે હ્રદયનો મેલ દૂર થઈ ગયો હોય છે.

ઈબાદત-બંદગી-પરસ્તીસ માટે હ્રદય અને શરીર એટલે જાહેરી અને બાતેની બન્ને પાકીનું હોવું જરૂરી છે. તો સાબિત એ જ થયું કે કલિમહ તૈયબના ઈકરાર વિનાની કોઈપણ ઈબાદત બેકાર છે. વ્યર્થ છે. કલિમહ તૈયબના સ્વીકાર

કર્યા વિના માણસ ગમે તેટલા સારા કામો કરે તેને કોઈ જ ફાયદો થતો નથી. કલિમહ તૈયબ પઢનારો, માનનારો, સ્વીકારનારો ઈમાનવાળો હોય છે. ઈમાન વગરનો અમલ (કર્મ) નકામો છે. ઈમાન વિનાની નમાઝ, રોઝા, હજ્જ કે ઝકાત કોઈ જ અર્થ રાખતા નથી. દરેક અમલ માટે પ્રથમ શર્ત ઈમાન છે.

એક વાત ચોક્કસ થઈ ગઈ કે કોઈપણ અમલ ઈમાન વિના નકામો છે. તે ગમે તેટલો સારો કેમ ના હોય, અલ્લાહ તઆલાએ કુર્આને પાકમાં જ્યાં જ્યાં અમલની વાત કહી છે, ત્યાં ત્યાં પ્રથમ ઈમાનનો ઝીકર કર્યો છે. દા.ત. તમને આયતો ઠેર ઠેર જોવા મળશે : **ઈલ્લલ્લઝીના આમનુ વઅમેલુસ્સાલેહાત** એટલે કે ઈમાન પછી તરત સાલેહ અમલનું બયાન જોવા મળે છે. ઈમાનવાળાની જમાઅતમાં દાખલ થવા માટે કલિમહ તૈયબનો ઈકરાર જીભથી બોલવું દિલથી કબૂલ કરવું ફરજિયાત છે. આ કલિમહની એ તાકાત છે કે, કોઈપણ માણસ ગમે તેટલા સમયથી બલ્કે જન્મથી જ કુફ્ર અને શિર્કની બદીથી ભરપુર હોય, પણ જો સાચા દિલથી કલિમહ તૈયબ પઢી લે તો તરત જ ઈમાનવાળો બની જાય છે, જન્નતી બની જાય છે.

ઈસ્લામ ધર્મમાં જીભ (જબાન)ની મહાનતા જુઓ કે જીભથી કલ્મો પઢી ઈકરાર કરે તો મોમીન બને છે. જન્નતી બને છે અને એ જ જીભથી ઈન્કાર કરે તો તરત જ કાફીર થઈ જાય છે. જહન્નમી બની જાય છે.

દા.ત. નિકાહખ્વાની વખતે દુલ્હા ત્રણ વખત જીભથી કબૂલ કરે, એક અજનબી ઔરત તેની પત્ની બની જાય છે. તેના પતિ તરીકેની તમામ જવાબદારી એ વરરાજાના માથે આવી જાય છે અને એ જ જબાનથી ત્રણ વખત તલ્લાક બોલી દે તો તરત જ એ સ્ત્રી તેના માટે પારકી બની જાય છે. તેના નિકાહ-બંધનમાંથી મુક્ત થઈ જાય છે. આ છે જીભ એટલે જબાનની કિંમત. એક સમય એવો હતો કે નિકાહ મૌખિક થતા હતા, તેનું કોઈ લખાણ થતું જ ન હતું. આજકાલ જે નિકાહના રજીસ્ટરનો ઉપયોગ થાય છે તે પણ ખરેખર બીદઅત જ ગણાય.

## કલિમહ તૈયબની શરૂઆત :

કલિમહ તૈયબનો પ્રારંભ જ્યારે અલ્લાહ તઆલાની ઝાત સિવાય બીજું કંઈ જ ન હતું ત્યારથી થઈ છે. જ્યારે અલ્લાહ જલ્લે શાનહુએ પોતાના નૂરથી એક નૂરને અલગ કરી (વિખૂટો પાડી) તેને **'નૂરે મુહમ્મદ'** નામ આપ્યું અને સૌપ્રથમ ખુદ અલ્લાહ તબારક વ તઆલાએ ફરમાવ્યું : **'મુહમ્મદુર્રસૂલુલ્લાહ'** આ અવાજ, કલામ, વાકય કે વહી જે હતું તે સૌથી પહેલાં હતું. અર્થાત કલિમહ તૈયબની શરૂઆત લા ઈલાહ ઈલ્લલ્લાહથી નહીં પણ મુહમ્મદુર્રસૂલુલ્લાહથી થઈ છે. પછી નૂરે મુહમ્મદીએ જવાબમાં ફરમાવ્યું હતું કે, લા ઈલાહ ઈલ્લલ્લાહ.

હઝરત શેખ મોહક્કીક અબ્દુલહક મોહદ્દિસ રહમતુલ્લાહ અલયહના લખાણથી સાબિત એ થાય છે કે, અલ્લાહનું કલામ મુહમ્મદુર્રસૂલુલ્લાહ છે અને રસૂલુલ્લાહનું કલામ લા ઈલાહ ઈલ્લલ્લાહ છે.

જ્યારે કલિમહ તૈયબને સૌપ્રથમ લખવાનો અલ્લાહ તઆલાએ હુકમ ફરમાવ્યો તો આ પ્રમાણે લખાવાયો **લા ઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ.**

ઈશ્ક અને મહોબ્બતનો તકાદો એ હતો કે, અલ્લાહે કલિમહની અંદર પોતાના હબીબના કલામને આગળ રાખ્યો. પોતાના કલામને પાછળ રાખ્યો અને બીજો સુક્ષ્મ ભેદ એ હતો કે આ કલિમહની અરબી ઈબારત ઉપર ધ્યાનથી નજર કરીએ તો ઈલ્લલ્લાહનો છેલ્લો શબ્દ અલ્લાહ અને મુહમ્મદુર્રસૂલુલ્લાહનો પહેલો શબ્દ મુહમ્મદ બન્ને પાસે પાસે જ નજરે ચઢે છે. અલ્લાહ તઆલા એ ચાહે છે કે જ્યાં મારૂ નામ હોય ત્યાં મારા વ્હાલા, પ્યારા, લાડલા, આખરી નબી હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમનું નામ હોવું જોઈએ.

જે આ કલિમએ તૈયબની ઈબારતથી સાબિત થાય છે.

**મેરા મુહમ્મદ ખુદા નહીં હય**
**લેકીન ખુદાસે જુદા નહીં હય**

# ગેરેન્ટેડ વીમા

એક વર્ષ માટે ઝીંદગીનો, એક વર્ષ માટે રોઝીની બરકતનો અને એક વર્ષ માટે શયતાનની ફરેબી ચાલબાજીથી સુરક્ષિત રહેવા માટેનો રૂહાની ઈલાજ (ગેરેન્ટેડ વીમા)

## (૧) દુઆ-એ-આશુરા (૧૦મી મોહર્રમની દુઆ)

ઝિંદગી અને મૌત અલ્લાહ ત્આલાના દસ્તે કુદરતમાં છે. તેમાં શંકાને સ્થાન નથી. પરન્તુ અલ્લાહ જલ્લે શાનહુ પોતાના ફઝલો કરમથી પોતાના મેહબૂબ (પ્રિય) બંદાઓની દુઆઓને માન આપે છે. (કબૂલ કરે છે.) જે કોઈ મુસલમાન બતાવેલી રીત મુજબ **'દુઆએ આશૂરા'** પઢશે તો ઈન્શાઅલ્લાહ એક વર્ષ સુધી મૌત (મૃત્યુ)ના ગમ (ચિંતા)થી મુક્ત રહશે. આવતો આશૂરા જરૂર જોશે. એટલે આ દુઆ પઢનાર માટે એક વર્ષની ઝિંદગીની ગેરેંટી છે. જે વર્ષે તેની મૌત નક્કી હશે તે વર્ષે આ દુઆ કોઈપણ બહાનાથી પઢી જ નહી શકે !

આ દુઆને હઝરત ઈમામ ઝેનુલ આબેદ્દીન રદિયલ્લાહો અન્હોની રિવાયતથી હઝરત સુલતાન મખદૂમ અશરફ જહાંગીર સીમનાની રહેમતુલ્લાહ અલયહે 'વઝાઈફે અશરફી' અને હઝરયત શયખ ગૌસ મોહમ્મદ ગ્વાલીયરી રહેમતુલ્લાહ અલયહે 'જવાહીરે ખમ્સા'માં પઢવાની રીત દર્શાવી છે.

આશૂરા (૧૦મી મોહર્રમ)ના દિવસે સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીમાં આગળ-પાછળ દુરૂદ શરીફ પઢીને આ દુઆ પઢે પોતે પણ પઢે અને પોતાના ઘરવાળા-સગા-સંબંધીઓને પણ પઢાવે.

પ્રથમ સાત વખત આ દુઆ પઢો.

બિસ્મીલ્લાહીર્રહમાનીર્રહીમ સુબ્હાનલ્લાહે મિલ-અલ-મીઝાને વ મુન્તહલ ઈલ્મે વ મબ લ ગર્રેદા વ ઝિનતલ અર્શે વલા મલ્જા અ વલા મલ્જાઅ મિનલ્લાહે ઈલ્લા ઈલયહે સુબ્હાનલ્લાહે અદ દશ શફ-એ વલ્વતરે વ અદદલ કલેમાતિતામ્માતે વ અસ્અલો હુસ્સલામતા બે રહમતેહિ વલા હવલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લા હિલ અલિય્યિલ અઝીમે વહુવ હસ્બી વ નેઅ-મલ વકીલો વ નેઅમલ મૌલા વ નેઅ મન નશીરો વ સલ્લલ્લાહો તઆલા અલા ખૈરે ખલ્કે હિ મોહમ્મદિંવ વ આલેહી અજમઈન.

પછી દુરૂદે ઈબ્રાહીમી (જે નમાઝમાં પઢવામાં આવે છે) તે દસ (૧૦) વખત પઢે.

અલ્લાહુમ્મ સલ્લે અલા સૈયેદેના મોહમ્મદિંવ વ અલા આલે સૈયેદેના મોહમ્મદિંવ કમા સલ્લૈત અલા સૈયદેના ઇબ્રાહીમ વ અલા આલે સૈયેદેના ઇબ્રાહીમ ઇન્નક હમીદુમ મજીદ. અલ્લાહુમ્મ બારિક અલા સૈયેદેના મોહમ્મદિંવ વ અલા આલે સૈયેદેના મોહમ્મદિન કમા બારકત અલા સૈયદેના ઇબ્રાહીમ વ અલા આલે સૈયેદેના ઇબ્રાહીમ ઇન્નક હમીદુમ મજીદ.

પછી હાથ ઉઠાવીને આ દુઆ એક (૧) એક (૧) વખત પઢે.

બિસ્મીલ્લાહીર્રહમાનીર્રહીમ યા ફારિજા કુરબે ઝિન્નૂને યૌમા આશૂરા વ યા જામિઆ શમ્લે યા કૂબા યૌમા આશૂરા વ યા સામિઆ દઅવતે મુસા વ હારૂના યૌમા આશૂરા વ યા રહમાનદ દુન્યા વલ આખિરતે વ રહિમાહોમા સલ્લે અલા સૈયદેના મોહમ્મદિંવ વ અલા આલે સૈયેદેના મોહમ્મદિંવ વ સલ્લે વ સલ્લિમ અલા જમીઈલ અમ્બિયાએ વલ મુર્સલીના વકદે હાજાતેના ફિહ દુન્યા વલ આખિરતે વતવ્વિલ ઉમરના બે રહમતેકા યા અર હમર રાહેમીન

બિસ્મીલ્લાહીર્રહમાનીર્રહીમ ઈલાહી બે હુર મતિલ હુસૈને વ અખીહે વ ઉમ્મેહી વ અબીહિ વ જદેહિ વ બનીહે ફર્રિજ અમ્મા અનાફીહે વ સલ્લલ્લાહો તઆલા અલા ખૈર ખલકેહી સૈયદેના મોહમ્મદિંવ વ આલેહિ અજમઈન

ત્યારપછી ૨ રકાત નમાઝ અદા કરે અલહમ્દો પછી કુલહોવલ્લાહ ૧૦ વખત પઢે અને નમાઝ પુરી કર્યા પછી આયતુલ કુર્સી અને દુરૂદ શરીફ ૧૧-૧૧ વખત પઢીને હઝરત સૈયદના ઈમામે આલી મકામ હુસૈન ઈબ્ને અલી અને શોહદાએ કરબલાની પાક રૂહોને સવાબ પહોંચાડે.

## (૨) એક વર્ષ માટે તંગદસ્તી દૂર કરવા માટે (વિમો)

રબીઉલ અવ્વલ (મીલાદશરીફનો મહીનો)માં જુમેરાત (શકય હોય તો નવચંદી જુમેરાતે)ના દિવસે તાજુ ખીલેલું ગુલાબનુ એક સાફ ફૂલ લઈને પ્રથમ ત્રણ વખત દુરૂદશરીફ પઢીને ૨૧ વખત **'અલ્લાહો નાસેરૂન, અલ્લાહો હાફીઝુન અલ્લાહુસ્સમદ'** પઢો પછી ત્રણ વખત દુરૂદશરીફ પઢીને ફૂલ પર દમ કરો અને અવાર-નવાર ફૂલને સુંઘતા રહો. જ્યારે આ ફૂલ સૂકાઈ જાય તો તેને ખાઈ જાવ. આ અમલ કરવાથી આખા વર્ષ માટે મુફલીસી અને તંગદસ્તી દૂર થાય છે. રોઝીમાં બરકત થાય છે. અજમાયેલો કામયાબ તાસીરવાળો અમલ છે. એક વર્ષ માટે રોઝીની બરકત માટે ગેરન્ટેડ વિમો છે. ઈન્શાઅલ્લાહ.

## (૩) એક વર્ષ માટે શયતાનની ફરેબી ચાલથી સુરક્ષિત રહેવા માટેનો અમલ (વિમો)

શાબાન મહીનામાં શબેબરાતની રાત્રી પહેલા મગરીબના સમયે (૧૪મી શાબાનની મગરીબના પહેલા) ચાલીસ (૪૦) વખત **'લા હૌલા વલા કુવ્વતા ઈલ્લા બિલ્લાહિલ અલીય્યિલ અઝીમ'** પઢવાથી આખાય વર્ષ શયતાનના ફરેબી હરકતોથી સુરક્ષિત થઈ જવાય છે. ઈન્શાઅલ્લાહ... આ અમલ પણ બા તાસીર છે. એક વર્ષ માટેનો વિમો છે.

(હવાલા ફઝાઈલે શોહુરો સિયામ)

# દુરૂદે રૂહી

આ દુરૂદશરીફ પઢીને તેનો સવાબ મર્હૂમ માં-બાપને બખ્શવામાં આવે તો તેમનો હક અદા કરવાનો સવાબ પઢનારને મળે છે અને જે કબ્રસ્તાનમાં પઢવામાં આવે તો મુર્દાઓ ઉપરથી અઝાબ દૂર થાય છે. તે દુરૂદે રૂહી આ પ્રમાણે છે.

## બિસ્મીલ્લાહિર્રહમાનીર્રહીમ

**અલ્લાહુમ્મા સલ્લે અલા મોહમ્મદિમ મા દમતિસ્સલાતો વ સલ્લે અલા મોહમ્મદિમ મા દામતતિર્રહમતો વ સલ્લે અલા મોહમ્મદિમ મા દામતિલ બરકાતો વ સલ્લે અલા રૂહે મોહમ્મદિન ફિલઅર્વાહે વ સલ્લે અલા સુરતે મોહમ્મદિન ફિસ્સુરે વ સલ્લે અલા ઈસ્મે મોહમ્મદિન ફિલ અસ્માએ વ સલ્લે અલા નફસે મોહમ્મદિન ફિન્નુફુસે વ સલ્લે અલા કલ્બે મોહમ્મદિન ફિલ કોલુબે વ સલ્લે અલા કબ્રે મોહમ્મદિન ફિલ કોબુરે વ સલ્લે અલા રોઝતે મોહમ્મદિન ફિર્રીયાઝ વ સલ્લે અલા જસદે મોહમ્મદિન ફિલ અજસાદે વ સલ્લે અલા તુર્બતે મોહમ્મદિન ફિત તુરાબે વ સલ્લે અલા ખૈરે ખલ્કેહિ સૈયદેના મોહમ્મદિંવ વ અલા આલેહી વ અસ્હાબેહિ વ અઝવાજેહિ વ ઝુર્રિયાતેહિ વ અહલે બૈતેહિ વ અહબાબેહિ અજમઈન બે રહમતેક યા અર હમર રાહેમીન.**

## બિસ્મીલ્લાહનો અમલ

હદીસ શરીફમાં છે કે જે કોઈ એક વખત 'બિસ્મીલ્લાહ હીર્રહમાનીર્રહીમ' પઢશે તે દરેક અક્ષરના બદલામાં ૪૦૦૦ નેકીઓ આપવામાં આવશે. ૪૦૦૦ ગુનાહ માફ કરવામાં આવશે અને ૪૦૦૦ દરજ્જાઓ બુલંદ કરવામાં આવશે માટે દરેક નેક કામની શરૂઆત બિસ્મીલ્લાહથી જ કરવી જોઈએ.

(નુઝહતુલ મજાલીસ)

# અઝકાર

સિલસિલાએ આલીયા કાદરીયાહના મુખ્ય બે હેતુઓ છે.

(૧) પંજગાના નમાઝની પાબંદી અને ઝિકરૂલ્લાહ (અલ્લાહની યાદ).

(૨) ખિદમતે ખલ્ક એટલે અલ્લાહની મખ્લુકની ખિદમત (સેવા) કરીને અલ્લાહ તઆલાની રઝામંદી મેળવવી.

(૧) પહેલો હેતુ : હૃદય અને આત્માની શુદ્ધતા મેળવવા માટે છે. નફસ પર કાબૂ રાખવા અને અલ્લાહે ફર્ઝ ઠેરવેલ ઈબાદતોને સમયસર અદા કરવાનો ખ્યાલ રહે એ જ હેતુ રહેલો છે.

(૨) બીજો હેતુ : ખિદમતે ખલ્ક એટલે માણસ માણસ માટે ફાયદાકારક-નફાકારક બને, મોટાનો અદબ કરો, નાના પ્રત્યે પ્રેમ દાખવો, માં-બાપની ફરમાબરદારી સગા સંબંધીઓના હક્કો, પાડોશીઓના હક્કો, બિમારોની સેવા, ગરીબો, યતીમો અને બેવાઓની મદદ કોઈપણ જાતના ભેદભાવ વિના ખયરાત (દાન) વડે કરીને કૌમના દબાયેલા કચડાયેલા વર્ગને પોતાની બરાબરીમાં લાવવાનો હેતુ છુપાયેલો છે. જે કાદરીયાહ સિલસિલાની ખાસ વિશિષ્ટતા છે.

પહેલા હેતુની પ્રાપ્તી માટે નમાઝની પાબંદી ખૂબ જ જરૂરી છે. નમાઝ પણ એક ઝિક્ર છે. તે ઉપરાંત હઝરત ગૌસુલ આઝમ (રદીયલ્લાહો અન્હો)ના આદેશ અનુસાર કેટલાક અઝકાર (ઝિક્રનું બહુ વચન અઝકાર થાય) આપના સિલસિલાના પીરાને તરીકતથી પ્રચલિત છે. જેમાંના થોડાક અહિં રજૂ કર્યા છે. આ અઝકારનું ચિંતન-મનન અને વિર્દ મુરીદે પોતાના પીરે તરીકતની સૂચના પ્રમાણે કરવું હિતકારક રહેશે. ઈન્શાઅલ્લાહ....

૧. લા ઈલાહા ઈલ્લલ્લાહ

૨. અન્તલહાદી અન્તલહક લયસલહાદી ઈલ્લાહુ

૩. લા મઅબુદ ઈલ્લલ્લાહ

લા મકસુદ ઈલ્લલ્લાહ

લા મવજુદ ઈલ્લલ્લાહ

૪. સુબ્હાનલ્લાહે વબે હમ્દેહી સુબ્હાનલ્લાહીલ અઝીમે વબે હમ્દેહી અસતગફેરૂલ્લાહ

૫. સુબ્હાનલ્લાહે વલહમ્દોલિલ્લાહે વલા ઈલાહા ઈલ્લલ્લાહો વલ્લાહો અકબર વલા હવલા વલા કુવ્વતા ઈલ્લાબિલ્લાહ હીલ અલીયુલ અઝીમ.

૬. લા ઈલાહા ઈલ્લલ્લાહો વહદહુ લા શરીક લહુ લહુલ મુલ્કો વલહુલ હમ્દો યોહી વયોમીતો બેયદે હીલ ખયર વહોવા અલા કુલ્લે શયઈન કદીર.

૭. દુરૂદે ગૌસીયા-કાદરીયાહ

અલ્લાહુમ્મા સલ્લે અલા સૈયદેના મોહમ્મદીન વ અલા આલે સૈયદેના મોહંમદીમ મઅદનીલ જુદે, વલ કરમે મમ્બઈલ ઈલ્મે વલ હિલ્મે વલ હિકમે

બારીક વસલ્લીમ.

# દુઆના એહકામ

દુઆને ઈબાદતનું ઝેવર કહેવામાં આવે છે. મુસલમાન ભાઈઓએ જાણવું જોઈએ કે દુઆ, દુરૂદ, તસ્બીહ, માણસની હાજતો પૂરી કરે છે અને દુઃખદર્દ દૂર કરે છે. આ ફાની જગત પરેશાનીઓ અને તકલીફોનું ઘર છે. એમાં સંતોષ, રાહત, ચૈન, અમન અને શાંતિ પ્રાપ્ત કરવા માટે દોજહાંના સરદાર, શફીએ મુજનબીન, સરદારે અંબિયા, હઝરત મોહંમદ મુસ્તુફા, રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)એ ઘણા સારા નુસ્ખા એટલે ઈલાજ બતાવ્યા છે. તે લાભકારક નુસ્ખા અમોએ આ અહીંયા ટૂંકમાં જણાવ્યા છે.

ઈસ્લામી બિરાદરો તેને પઢે અને અમલ કરે તો ઈન્શાઅલ્લાહ સુખચૈન પ્રાપ્ત થશે અને પરેશાનીઓ ચિંતાઓથી મુક્ત થશે.

**'અદદુઆઓ મગ્ઝૂલ ઈબાદતે'** દુઆ ઈબાદતનું અને બંદગીનું મગ્ઝ છે. તેને ખુદાવંદી રહમતની કુંચી કહી છે. જેમ મકાન કે બંગલામાં દાખલ થતાં કુંચીથી તાળું ખોલવામાં આવે છે, તેવી જ રીતે અલ્લાહ તઆલાની વિશાળ રહમતો પ્રાપ્ત કરવા માટે, દુઆ, ચાવી સમાન છે. અલ્લાહ તઆલા પોતાના બંદાઓ પર એટલો બધો મહેરબાન છે કે, બંદો જ્યારે તેને પુકારે છે, સવાલ કરે છે, માંગે છે, તે જ વેળા તેને સાંભળે છે અને આપે છે. જ્યારે પણ દુઆ કરવામાં આવે છે ત્યારે કદી બેકાર જતી નથી, પરંતુ તેને કબૂલ કરવામાં આવે છે. માટે મુસલમાનોએ દુઆ કરવાથી કદી થાકવાનું નથી અને નાઉમ્મીદ થવાનું નથી.

અલ્લાહની યાદ મોટી વસ્તુ છે. જે બંદો અલ્લાહને યાદ કરે છે, તો અલ્લાહ તઆલા તે બંદાને પણ યાદ કરે છે. અલ્લાહની યાદથી દિલનો મેલ અને કાટ દૂર થાય છે, અને દિલને રાહત મળે છે.

રસૂલે અકરમ, નૂરે મુજસ્સમ, હાદીયે બરહક, મોહમ્મદ મુસ્તુફા, સલ્લલ્લાહો અલયહે વસલ્લમએ ઈર્શાદ ફરમાવ્યો કે, સૌથી શ્રેષ્ઠ ઈબાદત, દુઆ છે. આપે એવું પણ ફરમાવ્યું કે, અલ્લાહની નજીક દુઆથી વધારે કદરવાળી બીજી કોઈ ચીઝ નથી.

હઝરત બીબી આઈશા (રદિયલ્લાહો અન્હા) કહે છે કે, નબીયે કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)થી એવો સવાલ પૂછવામાં આવ્યો કે, કઈ ઈબાદત સર્વશ્રેષ્ઠ છે ! આપ સરકારે જવાબ આપ્યો કે, કોઈ શખ્સ પોતાની જાત માટે દુઆ માગે તે શ્રેષ્ઠ ઈબાદત છે.

નબીયે કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)નો ઈર્શાદ હઝરત અબૂ હુરૈરહ (રદિયલ્લાહો અન્હો) આ રીતે બયાન કરે છે કે, આપે એવો ઈર્શાદ ફરમાવ્યો છે કે, 'જ્યારે કોઈ ઈમાનવાળો શખ્સ અલ્લાહ તરફ મોઢું કરીને અલ્લાહથી કોઈ સવાલ કરે છે, તો તે વસ્તુ જે તેણે માગી તે તેને, યા તો મળી જાય છે, અથવા તેના જ માટે આખેરતમાં જમા થાય છે. (એટલે તાત્કાલિક મળતી નથી પણ આખેરતમાં મળે છે.) પણ આમા શરત એવી છે કે, જલ્દબાઝી ના કરે. લોકોએ પૂછ્યું કે, જલ્દબાઝી એટલે શું ? ફરમાવ્યું કે, તે માણસ એવું કહેવા માંડે છે કે મેં તો દુઆ પર દુઆ કરી પણ દુઆ કબૂલ થતી હોય તેમ લાગતું નથી. (આવું કહે તે જલ્દબાઝી કરી કહેવાશે તેથી આવું બોલવું જોઈએ નહિ.)

હઝરત જાબિર બીન અબ્દુલ્લાહ કહે છે કે, નબીયે કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ), કુરાન મજીદની સૂરતોની માફક અમને ઈસ્તેખારા પણ શીખવતા હતા. જ્યારે કોઈ મુશ્કેલ કામ આવી પડે તો પ્રથમ બે રકાત નમાઝ પઢો અને પછી એવી દુઆ માંગો કે :

'હે અલ્લાહ ! હું તારા ઈલ્મથી, તલબે ખૈર કરૂં છું, તારી કુદરતથી કુદરત માગું છું, તારા ફઝલે અઝીમનો સવાલ કરૂં છું, તું કાદિર છે અને હું કુદરત રાખતો નથી. તું જાણે છે અને હું જાણતો નથી. તું ગયબનો જાણવાવાળો છે. હે અલ્લાહ ! અગર તું જાણે છે કે આ કામ સારૂં છે મારા માટે દીનમાં, ધંધામાં અને કાર્યના પરિણામમાં, તો તેને મારા માટે નિશ્ચિત કરી દે, અને જો તુ જાણે છે કે આ કાર્ય ખોટું છે મારા માટે દીનમાં, ધંધામાં અને કાર્યના પરિણામમાં તો તું તેને મારાથી હટાવી દે અને મને તેનાથી હટાવી દે અને મારા માટે ભલાઈ દે, જ્યાંથી પણ હોય અને તેની જ ઉપર મને રાજી કરી દે.'

ઉપરની દુઆ માગ્યા બાદ પોતાની જે હાજત હોય તે રજૂ કરે.

હઝરત જાબિર (રદિયલ્લાહો તઆલા અન્હો) કહે છે કે, જ્યારે જ્યારે મને કોઈ મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરવાનું આવ્યું, ત્યારે બુધવારના દિવસે બે નમાઝોની વચમાં મેં એ દુઆ માંગી છે અને તે કબૂલ થઈ છે. આવી દુઆ હુઝૂર પણ માગતા હતા.

હઝરત અનસ (રદિયલ્લાહો તઆલા અન્હો) કહે છે કે, એક વખત હું હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની સાથે હતો. એક આદમીએ એવી દુઆ માંગી કે, 'હે આસ્માનોને શૂન્યમાંથી વજુદમાં લાવનારા અય હૈય ! અય કૈયુમ, હું તારાથી સવાલ કરૂં છું.' હુઝૂરે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું કે, તેણે અલ્લાહને એવા (સરસ) નામોથી પોકાર્યો કે, જ્યારે આ નામોથી તેને પોકારવામાં આવે છે ત્યારે તે દુઆઓને કબૂલ કરી લે છે.

હઝરત અબૂ હુરૈરહ રિવાયત કરે છે કે, નબીયે કરીમે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું કે, જે અલ્લાહથી માગતો નથી, તેનાથી અલ્લાહ ખફા થાય છે.

એક ઔરતે પોતાની જરૂરતો નબીયે કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની સમક્ષ કહી બતાવી. આપે ફરમાવ્યું કે, હું તને વધુ સારી વાત બતાવું છું. રાત્રે સુતી વખતે **33 વાર લાઈલાહા ઈલ્લલ્લાહ, 33 વાર સુબ્હાનલ્લાહ અને 3૪ વાર અલહમ્દોલિલ્લાહ** પઢી લેજે. આ આખી દુનિયા અને આખી દુનિયામાં જે કાંઈ છે તેનાથી તે શ્રેષ્ઠ છે.

એક ઠેકાણે આપે એવું ફરમાવ્યું કે, અલ્લાહ તઆલાની નજીક સૌથી પ્યારી વાત નીચેની દુઆ પઢો તે છે :

**'સુબ્હાનલ્લાહ, લા શરીક, લહુલ મુલ્કો વ લહુલ હમ્દો, વહોવા અલા કુલ્લે શયઈન કદીર, લા હવ્લા, વલા કુવ્વતા ઈલ્લા બિલ્લાહે, સુબ્હાનલ્લાહ વ-બેહમ્દેહી.'**

મદની સરકારે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એવું પણ ફરમાવ્યું છે કે, જ્યારે તમારામાંથી કોઈ દુઆ કરે તે એવું ના કહે કે **અગર તારી મસ્લેહત હોય** (તો કબૂલ કર). બલ્કે સવાલનો દિલી ઈરાદો કાયમ કરે. પોતાની ઈચ્છા પર પૂરી તવજ્જો આપે, કારણ કે અલ્લાહ તઆલા કોઈ પણ ચીજ આપવા માટે શક્તિમાન છે. અલ્લાહને મજબૂર કરનાર કોઈ નથી.

હઝરત અબુ નઈમ વહબ કહે છે કે, હઝરત ઈબ્ને ઉમર (રદિયલ્લાહો અન્હો) અને હઝરત ઈબ્ને ઝુબૈરને મેં દુઆ કરતા અને પોતાની હથેળીઓને ચેહરા પર ફેરવતા જોયા છે.

હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર (રદિયલ્લાહો અન્હો) રિવાયત કરે છે કે, નબીએ કરીમે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ઈર્શાદ ફરમાવ્યો કે, સૌથી પહેલી કબૂલ થનારી તે દુઆ છે, જે એક મુસલમાન બીજા મુસલમાનની પીઠ પાછળ (ગાયબ રીતે) તેને માટે કરે. તેની પાસે એક ફરિશ્તો ઉભેલો હોય છે. તે શખ્સ દુઆ કરે છે ત્યારે પેલો ફરિશ્તો આમીન કહે છે.

અલ્લાહના પ્યારા નબી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એક વખત એક બિમારની ખબર લેવા ગયા, આપે તેને ફરમાવ્યું કે, અલ્લાહથી દુઆ કરો ! પેલો બિમાર શખ્સ બોલ્યો કે, હે અલ્લાહ ! મારી ઉપર આખેરતમાં જે અઝાબ તુ નાખનારો છે, તે અઝાબ, મને દુનિયામાં જ આપી દે. હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) આ સાંભળીને ફરમાવ્યું, 'સુબ્હાનલ્લાહ ! તમે લોકો (એને) બરદાશ્ત નહિ કરી શકો ! એવું કેમ બોલતો નથી કે, હે અલ્લાહ ! અમને દુનિયામાં ભલાઈ આપ અને આખેરતમાં પણ ભલાઈ આપ અને જહન્નમના અઝાબથી બચાવી લે. આપે તેના માટે દુઆ ફરમાવી. અલ્લાહે તેને શીફા આપી.

હુઝૂરે અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની એક હદીસ '**તિરમિઝી શરીફ**'માં બયાન થઈ છે, જેમાં આપે ફરમાવ્યું છે કે, 'માનવીએ પોતાની તમામ હાજતો ખુદાથી જ માગવી જોઈએ, જો જોડાનું તળીયું તૂટી જાય તો પણ ખુદાથી જ માગે અને જો નમક (મીઠું)ની જરૂરત હોય તો પણ ખુદાથી જ માગે.' આ હદીસનો અર્થ એવો થયો કે, માનવીએ પોતાની નાની નાની જરૂરતો પણ બારી તઆલાથી જ માગવી જોઈએ જે હલાલ અને પવિત્ર (તૈયબ) છે, નાજાયઝ હેતુઓ અને ગુનાહોના કામોને માટે ખુદાના દરબારમાં હાથ ફેલાવવા તે હદ દરજ્જાની બેઅદબી અને ગુસ્તાખી છે.

દુઆ આપણે અલ્લાહ તઆલાથી એખલાસ અને પાકીઝા નિયતથી માગવી જોઈએ, કે જે ખુદાથી આપણે માગી રહ્યા છીએ, તે ખુદા તઆલા આપણી હાલતોનો પૂરેપૂરો ઈલ્મ રાખે છે અને ઘણો મહેરબાન છે.

કુરાને મજીદમાં ઈર્શાદ થયો કે, : **'ફાદઉિલ્લાહા મુખ્લેસીના લહુદ્દીના.'** (અર્થ : અલ્લાહને પોકારો અને તેના માટે તમારી બંદગીને ખાલીસ (શુદ્ધ) કરતા રહો.)

પોતાના ગુનાહોના ઢગલા પર નજર નાખ્યા સિવાય બંદાએ બારી તઆલાની બેહિસાબ રહમત, ઉદારતા, દયા અને માફી પર નજર રાખવાની છે. આ બાબતમાં **'તિરમિઝી'** શરીફની એક હદીસમાં છે કે,

**'પોતાની દુઆઓને કબૂલ થવાના યકીન સાથે દુઆ કરો, ખુદા એવી દુઆને કબૂલ નહિ કરે જે ગાફિલ અને બેપરવા દિલથી નીકળી હોય.' (તિરમિઝી)**

આપણી દુઆ ઈન્તેહાઈ આજીઝીની સાથે થવી જોઈએ, આપણું દિલ ખુદાની હયબત અને જલાલથી કાપવું જોઈએ. માથું અને નિગાહ ઝુકેલી હોય, અવાજ ધીમો હોય, શરીરના અવયવો ઢીલા પડેલા હોય, આંખો આંસુથી ભીની હોય અને આપણા તમામ અંદાઝ અને ઢબથી મિસ્કીની, મોહતાજી અને બેકસી જાહેર થતી હોય. એવી રીતે બારગાહે રબ્બુલ ઈઝઝતમાં હાજર થઈને દુઆ માગવી જોઈએ. આપણને લાગવું જોઈએ કે હું એક ફકીર છું, મિસ્કીન છું.

**હઝરત ઝકરિયા** (અલયહિસ્સલામ)ની તારીફમાં કુરાને હકીમમાં **'સૂરએ મરયમ' આ.૩**માં કહેવામાં આવ્યું કે,

**'તેણે પોતાના રબ્બને ચુપકે ચુપકે પોકાર્યો'** જ્યારે કોઈ મુસીબતમાં ફસાઈ જવાય ત્યારે ભૂતકાળમાં આપણે જે નેક આ'માલ, માત્ર ખુદાને રાજી કરવા ખાતર જ કર્યા હોય, તેનો વાસ્તો આપી દુઆ માગવી જોઈએ.

**તિબરાની**ની હદીસ છે કે,

**'સૌથી મોટો આજીઝ (નમ્ર) તે છે જે દુઆ કરવામાં (આજીઝ) હોય.'**

હઝરત ઉમર (રદિયલ્લાહો અન્હો) ફરમાવે છે કે, 'મને દુઆ કબૂલ થાય તેની ચિંતા નથી, મને તો દુઆ માગવાની જ ચિંતા છે. જ્યારે મને દુઆ માગવાની તૌફીક થઈ ગઈ, તો કબૂલીયત પણ તેની સાથે સાથે હાસિલ થઈ જશે.'

નમાઝ પછી **'યા અલ્લાહ મારી મગફેરત ફરમાવી દે.'** એવું તરત જ ના કરો. હુઝૂરે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)એ તરીકાને મના ફરમાવ્યો છે. રસૂલે મકબૂલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવે છે કે, નમાઝ પછી [illegible] બાદ બેસો. **તો સૌ પ્રથમ ખુદાની હમ્દોસના (ગુણગાન) કરો. તે પછી દુરૂદ શરીફ પઢો અને પછી દુઆ માંગો.**

હુઝૂરે અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)એ પણ ફરમાવ્યું કે, **રાતના પાછલા પહોરે જાગો અને દુઆ માગો.** આપ સરકાર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવે છે કે, રાતનો પાછલો હિસ્સો બાકી રહે છે ત્યારે ખુદા તઆલા ફરમાવે છે કે, કોણ મને પોકારે છે કે જેની દુઆ હું કબૂલ કરૂં ! કોણ મારી પાસે માગે છે, જેને હું અતા કરૂં ! કોણ મારાથી મગફેરત ચાહે છે, જેને હું માફ કરી દઉં ! **(તિરમિઝી)**

આજકાલ સામાન્ય રીતે મુસલમાનોને શિકાયત છે કે, અમે જ્યારે પણ દુઆ કરીએ છીએ તો તે કબૂલ થવાની (સ્વીકારવાની) નિશાનીઓ કેમ જણાતી નથી ? અને જે ચીજ-વસ્તુ માગીએ છીએ તે મળતી (પ્રાપ્ત થતી) કેમ નથી ? જો કે અલ્લાહ પાકનું ફરમાન તો એવું છે કે,

**(અર્થ : 'મને પુકારો અને મારાથી જ દુઆ માંગો, હું તમારી દુઆ કબૂલ કરીશ.')**

દુઆ કેવી રીતે માંગવી જોઈએ દુઆને કબૂલ થવાની શું નિશાનીઓ છે. તેની કઈ કઈ જગ્યાએ અને સમયો છે, જ્યાં દુઆ કબૂલ થઈ જાય છે. તે જાણવા જોઈએ. એવી રીતે અમુક વસ્તુઓ જે દુઆથી સંબંધિત છે. તેને જાણવાની જરૂર છે. આપ ખુદા પાકથી દુઆ કરતી વખતે તે વાતો અને શરતોનો પ્રબંધ (પાબંદી) કરો, જે દુઆ માટે ખાસ જરૂરી અને અગત્યની છે. આ વાત પણ ધ્યાનમાં રહેવી જોઈએ કે કોઈ મુસલમાનની દુઆ, જ્યારે કે તે સર્વે શરતોનો પ્રબંધ કરે તો અસ્વીકાર કરવામાં આવતી નથી, પરંતુ હંમેશાં કબૂલ કરી લેવામાં આવે છે.

કદી જે ચીજ (વસ્તુ)ની માગણી કરવામાં આવે છે, તે જ મળે છે અને કદી તે દુઆની બરકતથી કોઈ ખાસ મુસીબત અને દુઃખ પડવાનું હોય, તે ટાળી દેવામાં આવે છે. કદી તો અલ્લાહ પાકની મસલેહત જાહેરમાં નિશાનીઓ

ઉપલબ્ધ થવાને રોકી દે છે. તો તે દુઆના બદલામાં ખાસ પ્રકારનો અજર અને સવાબ જમા કરી દેવામાં આવે છે. જેમ કે કયામતના દિવસે બન્દાને તે સવાબ અર્પણ કરવામાં આવશે, જે એની દુઆઓના બદલામાં સાચવી રાખવામાં આવ્યો હતો. ત્યારે આ વાતની તમન્ના કરશે કે દુનિયામાં મારી કોઈપણ દુઆની અસર જાહેર ના થઈ હોત તો સારૂં થાત. અવારનવાર જે દુઆઓ મેં ખુદા પાકથી કરી હતી તે બધાનો સવાબ આજે જ મળત તો કેટલી ખુશી થાત ?

મુસલમાનોની દુઆ અસ્વીકાર કરવામાં આવતી નથી, પરંતુ સ્વીકારી લેવામાં આવે છે. હવે અમુક લોકોનું દુઆ કર્યા પછી એમ કહેવું છે કે, અમારી દુઆ કબૂલ થતી નથી, તે વાત અલ્લાહ પાક વિષે ખોટી માન્યતા અને બેહદ અપમાન છે.

કબૂલ ન થવાનો મતલબ તો એ છે કે, જે વસ્તુ માગી હતી તે પણ ન મળે-કોઈ મુસીબત જે ઉતરવાની હતી તે પણ હટાવવામાં ન આવે અને કયામતના દિવસે સવાબ પણ ન મળે તો દુઆનો અસ્વીકાર થયો કહેવાય.

જ્યારે ઉપરોક્ત ત્રણ બાબતોમાંથી કોઈ એકનું પ્રાપ્ત થવું ચોક્કસ અને યકીની છે, તો પછી કબૂલ ન થવાની ફરિયાદ કરવી મઝહબી અજાણતાનું ખુલ્લું પ્રતિબિંબ છે.

## દુઆની શરતો અને આદાબો

(૧) દુઆ કરવાવાળાનું ખાવું પીવું અને પહેરવેશ હરામનો ન હોવો જોઈએ. તેવી રીતે તેની કમાણી પણ હરામ પ્રકારની ન હોય. જે ધંધો રોજગાર કરે તે હલાલ પ્રકારનો હોવો જોઈએ.

(૨) એખલાસ અને નિખાલસપણાથી દુઆ માગવામાં આવે. લોકોને દેખાડવા અને રીયાકારી સાથે ન માંગે. ખુદા પાક સાથે દુઆમાં કોઈને શરીક (ભાગીદાર) ના કરે.

(૩) દુઆ કરતા પહેલાં કોઈ નેક કામ કરે. દા.ત. સદકો, ખૈરાત કરે અથવા નમાઝ પઢે.

(૪) પાકીનો પુરતો ખ્યાલ રાખે. ગુસલનો (નહાવાનો) ટાઈમ ના હોય, તો કમસે કમ વુઝૂ કરી લેવું જોઈએ.

(૫) કિબ્લા તરફ મોં કરી કાયદાની (અત્તહિયાત પઢવી) બેઠક પ્રમાણે બેસી દુઆ માગવી.

(૬) દુઆ પહેલાં અલ્લાહ પાકની હમ્દોસના (વખાણ) કરવી. પછી હુઝૂર નબીએ પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)પર દુરૂદ મોકલવું જોઈએ.

(૭) બંને હાથ ઉઠાવી અને હાથની હથેળીઓ ખુલ્લી રાખી દુઆ માંગવી. બંને હાથ એટલી હદે ઉંચા કરવામા આવે કે ખભ્ભાની બરાબર (સામે સુધી) થઈ જાય. જ્યારે દુઆ માટે હાથ ઉઠાવવામાં આવે તો છાતીની નજીક ન કરવામાં આવે, પણ સામેની બાજુ ફેલાયેલા હોવા જોઈએ.

(૮) બંને હાથ ખુલ્લા હોવા જોઈએ. એટલે કે કોઈ કપડું વગેરે હાથો પર ન હોય (કપડાં વગેરેથી) હાથ બહાર કાઢીને દુઆ માગવી જોઈએ.

(૯) દુઆમાં સંપૂર્ણ ધ્યાન (ખોશુઅ-ખોઝુઅ) અને બેહદ અદબ તથા નમ્રતા હોવી જોઈએ.

(૧૦) ગળગળા (રડવા જેવા) થઈને દુઆ માંગવી જોઈએ.

(૧૧) અલ્લાહ પાકના નામોને અથવા પોતાના કોઈ નેક કામને અથવા નબીઓ-વલીયોને વસીલો બનાવવો. એટલે કે દુઆમાં આમ કહેવું કે, અય અલ્લાહ ! હું તારી કૃપા અને તારી રહમતનો વસીલો બનાવું છું અથવા પોતાના કોઈ નેક કામને વર્ણવીને આમ કહેવું કે, અય અલ્લાહ ! જો મારૂં ફલા કામ (અમલ) તારા ત્યાં મકબુલ (પસંદ) હોય, તો તેના વસીલાથી મારી આ દુઆ કબૂલ ફરમાવી લે, એવી રીતે નબીયો (અલયહિમુસ્સલામ) અથવા કોઈ નેક માણસના વસીલાથી દુઆ માગવામાં આવે, તો કબૂલ થાય છે.

(૧૨) આહિસ્તા (ધીમા અવાજે) દુઆ માગવી જોઈએ.

(૧૩) દુઆમાં શબ્દો વારંવાર કહેવા જોઈએ. ૭ અથવા ૫ અથવા ઓછામાં ઓછી ત્રણ વાર દુઆ માગવી જોઈએ.

(૧૪) દુઆ માગતા પહેલાં પોતાના ગુનાહો અને ખોટા કામોનો ઈકરાર કરવો. દાખલા તરીકે, અય અલ્લાહ ! હું બહુ મોટો ગુનેગાર છું.

(૧૫) દુઆમાં સાચી તલબ (તડપ) હોવી જોઈએ. દિલને સંપૂર્ણપણે જાગૃત રાખવું અને પૂરી રીતે દિલ લગાવી ખુશી અને શોકથી દુઆ માંગવી.

અલ્લાહ પાકથી સારી ઉમ્મીદ (આશા) રાખવી. વિચારો મક્કમ અને નિય્યત મજબૂત રાખવી.

(૧૬) દુઆ માંગી રહ્યા પછી આમીન કહેવું. (જો દુઆ માંગનાર ઈમામ હોય તો મુકતદીઓએ પણ આમીન કહેવું જોઈએ.)

(૧૭) દરેક નાની મોટી જરૂરત, ખુદા પાકથી જ માગવી જોઈએ.

(૧૮) એવા અલફાઝ (શબ્દો) સાથે દુઆ માગવી કે શબ્દો (અલફાઝ) થોડા હોય અને અર્થ વધારે થતા હોય. એવા પણ શબ્દો દુઆમાં વાપરવામાં આવે, જે દીન અને દુનિયાની જરૂરતોને આવરી લે. દાખલા તરીકે

**'રબ્બના આતિના ફિદ્દુનિયા હસનતોં વફીલ**
**આખિરતે હસનતોં વકિના અઝાબન્નાર.'**

(૧૯) દુઆમાં પોતાની જાતને, પોતાના મા-બાપને અને સર્વે મુસલમાન ભાઈઓને પહેલા યાદ કરવા.

(૨૦) દુઆ કરતી વખતે આકાશ તરફ જોવું જોઈએ નહિં. પરંતુ નજર નીચી રાખે. આ અદબની વાત છે.

(૨૧) દુઆમાં કવિતાની કાવ્યરચના પ્રમાણે શબ્દો જોડવાથી બચવું જોઈએ.

(૨૨) દુઆમાં ગાવાની રીત અપનાવવી જોઈએ નહિં.

(૨૩) ગુનાહ માટે અને કોઈની વચ્ચે જુદાઈ કરાવવાની દુઆ માગવી નહિં.

(૨૪) દુઆમાં અલ્લાહની રહમતને તંગ (સંકુચિત) ના કરે. દાખલા તરીકે, એવું ના કહે કે અય અલ્લાહ ! મને રોઝી આપ અને બીજાને ન આપ.

(૨૫) જે વસ્તુ સામાન્ય રીતે અશકય હોય, તેના માટે દુઆ ન માંગે. દાખલા તરીકે, મને જવાન (યુવાન) બનાવી દે અથવા હું કદી ના મરૂં, અથવા મારૂં કદ (ઉંચાઈ) નાનું થઈ જાય અથવા સુરજ ના નીકળે વિ.વિ.

(૨૬) દુઆ કબૂલ થવામાં ઉતાવળ ના કરે. એટલે કે મેં જે દુઆ માગી હતી તે હજુ સુધી શા માટે કબૂલ થઈ નથી, જલ્દીથી મારી દુઆ કબૂલ કર. એવું પણ ના કહો કે, મેં જે દુઆ માગી હતી તે હજુ સુધી કબૂલ થઈ નથી.

(૨૭) દુઆથી ફારીગ (પરવારી) થઈને બંને હાથ મોં પર ફેરવવા જોઈએ.

### દુઆ કબૂલ થવાના ખાસ ખાસ સમય

(૧) **શબેકદર** (રમઝાનશરીફની ૨૧, ૨૩, ૨૫, ૨૭ અને ૨૯મી રાતો)

(૨) **યૌમે અરફા** (ઝીલહજના માસની ૯મી તારીખ)

(૩) **રમઝાન**નો પૂરો મહિનો.

(૪) **જુમ્આની રાત.**

(૫) **જુમ્આનો દિવસ.**

(૬) જુમ્આના દિવસનો ખાસ ટાઈમ. એ ખાસ ખાનએ **કાઅબાના દરવાજા**ની ચોખટના વચલા ભાગમાં દુઆ કબૂલ થાય છે.

(૭) **ખાનએ કાઅબા**ની અંદર પણ દુઆ કબૂલ થાય છે.

(૮) **સફા** અને **મરવા**ની વચમાં (બે પહાડ) જ્યાં હાજીઓને દોડવાનો હુકમ છે, જેને સઈ કહે છે, તે સ્થળે પણ દુઆ કબૂલ થાય છે.

(૯) **ઝમઝમ શરીફ** પાસે, દુઆ કબૂલ થાય છે.

(૧૦) **સફા** અને **મરવા** નામના પહાડો પર દુઆ કબૂલ થાય છે.

(૧૧) **મકામે ઈબ્રાહીમ**ની પાછળ (કા'બા શરીફમાં એક જગ્યા છે) દુઆ કબૂલ થાય છે.

(૧૨) **અરફાત**નું મૈદાન જ્યાં નવમી ઝિલહજે હાજી લોકો હજ માટે ભેગા થાય છે, તે મેદાનમાં દુઆ કબૂલ થાય છે.

(૧૩) **મુઝદલફા,** જ્યાં હાજી લોકો અરફાતથી આવીને રાત્રે રોકાય છે, તે સ્થળે દુઆ કબૂલ થાય છે.

(૧૪) **મીના,** જ્યાં હજ પછી ત્રણ દિવસ સુધી હાજીઓ રોકાય છે, ત્યાં પણ દુઆ કબૂલ થાય છે.

(૧૫) **'જમરાતે સલાસે',** એટલે તે ત્રણ જગ્યાઓ જ્યાં (શયતાનને) કાંકરીઓ મારવામાં આવે છે, ત્યાં દુઆ કબૂલ થાય છે.

(૧૬) **'મીઝાબે રહમતની'**, નીચે, એટલે કે કા'બા શરીફની છતની જગ્યાએ જ્યાં થઈ પાણી પડે છે, ત્યાં દુઆ કબૂલ થાય છે.

(૧૭) સરકારે દો જહાં સલ્લલ્લાહો અલયહે વસલ્લમના પાક અને **મુબારક રોઝા** (ગુબંદે ખિદરા) પાસે, દુઆ કબૂલ થાય છે.

(૧૮) **'સૂરએ અનઆમ'**ની તે આયત જેમાં શબ્દ **'અલ્લાહ'** બે વાર પાસે પાસે આવે છે. એક વાર **'અલ્લાહ'** કહી દુઆ માગવી અને ફરી **'અલ્લાહ'** કહેવું અને ફરી દુઆ માગવી. આ બંને મુબારક નામોની વચ્ચે દુઆ માગવી. એ પણ દુઆ કબૂલ થવાનું સ્થાન છે.

**'સૂરએ અન્આમ'** આયત-૧૨૪માં આ પ્રમાણે છે.

**'ઈઝા જાયત્હુમ આયતુન કાલુ લન નુઅ મિન.**
**હત્તા નુઆતા. મીસ્લ મા ઉતીય રોસુલુલ્લાહ ૦**
**'અલ્લાહ' અઅલમુ હૈયસો યજઅલો રીસાલત હુ.'**

## કયા લોકોની દુઆ અચૂક કબૂલ થાય છે ?

(૧) ઘણા જ લાચાર, માણસની દુઆ કબૂલ થાય છે.

(૨) મઝલૂમ (જેના પર ત્રાસ ગુજારવામાં આવ્યો હોય) શખ્સો ભલે પછી તે મઝલુમ ફાસીક-ફાજીર(ગુનેહગાર) હોય અને મુસ્લિમ પણ ન હોય. એટલે કે મઝલુમ જો કાફિર પણ હોય તો પણ તેની દુઆ કબૂલ થાય છે. કાફિરોની દુઆ વિષે અમુક લોકો શંકા સેવે છે અને દલીલમાં કુરઆન પાકની આયત લાવે છે કે,

**'વમા દુઆઉલ કાફિરીન ઈલ્લા ફિ ઝલાલ.'**

**(અર્થાત :** નથી કાફિરોની દુઆ પણ ગુમરાહીમાં.)

અમુક આલીમોએ કાફિરોની દુઆ વિષે જે દલીલો કરી છે તેનો જવાબ દીની સંશોધન કરનાર-મઝહબી જ્ઞાન ધરાવનાર સાહેબોએ પૂરતા પ્રમાણમાં આપ્યો છે, ખરી અને સચોટ વાત તો એ છે કે,કાફિરોની દુઆ પણ કબૂલ થાય છે.

આખિરતની બાબત તેમની દુઆ કબૂલ ન થવી બીજી વસ્તુ છે. તેની ચર્ચા અત્રે જરૂરી નથી.

(૩) બાપની દુઆ પોતાની ઔલાદ માટે કબૂલ થાય છે.

મા ની દુઆ પણ કબૂલ થાય છે.

બાપની દુઆ ભલે સારી હોય અથવા ખરાબ હોય, પરંતુ તે ઔલાદ માટે તેવી છે, જેમ કે નબીની દુઆ પોતાની ઉમ્મત માટે છે.

(૪) ન્યાયી ઈમામ-હાકિમ (બાદશાહ), આદિલ-ન્યાય કરનાર હાકિમથી મુરાદ મુસ્લિમ હાકિમ-બાદશાહ છે. તેની દુઆ કબૂલ થાય છે.

(૫) નેક માણસની દુઆ, પણ આ શરતે કે દુઆ કોઈ ગુનાહ માટે અને કોઈને નુકસાન કરવા માટે ના હોય તો દુઆ કબૂલ થાય છે.

(૬) નેક અને ફરમાબરદાર ઔલાદની દુઆ પોતાના મા-બાપ માટે કબૂલ થાય છે.

(૭) મુસાફિરની દુઆ, સફર અને પ્રવાસ દરમિયાન (ભલે પછી દુઆ પોતાના માટે હોય કે બીજા માટે) કબૂલ થાય છે.

(૮) રોઝાદારની દુઆ ઈફતારના ટાઈમે, કબૂલ થાય છે.

(૯) એક મુસલમાનની પોતાના બીજા મુસ્લિમ ભાઈ માટે તેની ગેરહાજરીમાં (પીઠ પાછળ) કરેલી દુઆ (એટલે એક મુસલમાન જો બીજા મુસલમાન માટે તેની સામે નહીં પણ તેની પીઠ પાછળ દુઆ કરે) તો તે દુઆ કબૂલ થાય છે.

**'પીઠ પાછળ' તેની ગેરહાજરીમાં'** ની ચોખવટ એટલા માટે કરવામાં આવી કે, જે દુઆ એક મુસ્લિમની પીઠ પાછળ કરવામાં આવશે તે અત્યંત નીખાલસપણાથી હશે. કોઈની રૂબરૂમાં દુઆ કરવાથી તેને ખુશ કરવા અને ખુશામતનો પણ અર્થ થઈ શકે છે.

(૧૦) દરેક મુસલમાનની દુઆ કબૂલ થાય છે. પરંતુ એ શરતે કે તે દુઆ કોઈને હાનીકર્તા અને કુસુંપ માટે ના હોય. દુઆ કર્યા પછી આમ ન કહેવું કે, મેં દુઆ કરી હતી પણ કબૂલ ન થઈ.

(૧૧) તૌબા કરવાવાળાની દુઆ : (માણસ ગુનાહોથી તૌબા કરે છે અને તૌબા પછી કોઈ દુઆ કરે તો તે દુઆ કબૂલ કરી લેવામાં આવે છે. મતલબ કે જે માણસો તૌબા કરવામાં ઢીલ નથી કરતા, ગુનાહ થતાંની સાથે જ તરત જ તૌબા કરી લેવાની આદત છે તેમની દુઆ પણ કબૂલ થાય છે.)

(૧૨) જે માણસ રાત્રે નિંદ્રામાંથી ચમકી જઈને આ દુઆ પઢે :

**'લાઈલાહા ઈલ્લલ્લાહુ વહદહુ લાશરીકલહુ લહુલ મુલ્કો વલહુલ હમ્દો વહોવ અલા કુલ્લે શયઈન કદીર. અલહમ્દો લિલ્લાહે લા ઈલાહ ઈલ્લલ્લાહુ વલ્લાહો અકબર વલાહોલા વલા કુવ્વતા ઈલ્લાહ બિલ્લાહે અલ્લા હુમ્મગફિરલી.'**

અથવા તે સિવાય કોઈ બીજી દુઆ કરે, તો તે કબૂલ થાય છે. જો આ ચોંકી જનાર માણસ જરા હિમ્મત કરી, વુઝૂ કરી, થોડી નમાઝ પઢી લે, તો આ નમાઝ કબૂલ થઈ જાય છે. સુતા માણસને કદી કદી અલ્લાહ પાક તરફથી એટલા માટે જગાડવામાં આવે છે કે, બન્દો ઉઠીને કંઈ ઈબાદત કરી લે અને જયારે આ હેતુસર જગાડવામાં આવ્યો , અને બન્દાએ મકસદ પૂરો કર્યો, તો પછી કોઈ કારણ નથી કે તેની દુઆ કબૂલ ના થાય.

(૧૩) જે માણસ **'યા ઝલ જલાલે વલ ઈકરામ'** પઢીને દુઆ માગે, તો તેની પણ દુઆ કબૂલ કરી લેવાય છે.

(૧૪) જયારે કોઈ માણસ **'યા અરહમર્રાહિમીન'** પઢીને દુઆ માગે છે, તો તેની પણ દુઆ કબૂલ કરી લેવાય છે.

(જયારે કોઈ મુસલમાન ઉપરોક્ત શબ્દો ત્રણ વાર કહે છે, તો ફરિશ્તો તે બન્દાને સંબોધીને કહે છે કે, **અરહમર્રાહિમીન**, તારી વાત સાંભળી રહ્યો છે, માંગ શું માગે છે ?)

(૧૫) જયારે કોઈ બન્દો ત્રણ વાર ખુદા પાકથી જન્નત (સ્વર્ગ)ની માગણી કરે છે, તો મહાન અલ્લાહ પાકના દરબારમાં જન્નત અરજ કરે છે, **'અય અલ્લાહ ! તેને જન્નતમાં દાખલ કર'** તેવી જ રીતે જયારે કોઈ બન્દો દોઝખ (નર્ક)થી પનાહ માગે છે (તેનાથી બચવાની માગણી કરવી) તો દોઝખ અરજ કરે છે કે, **'અય અલ્લાહ ! તે બન્દાને આગથી બચાવી લે.'**

(૧૬) હાજીઓની દુઆ, જયાં સુધી હાજી હજ પઢીને પોતાના ઘેર પાછો ન ફરે, તેની પણ દુઆ કબૂલ થાય છે.

(૧૭) જે મુસલમાન નીચે આપેલી દુઆના શબ્દો પઢશે. તો તેની જરૂરત ખુદા પાક તરફથી પૂરી કરવામાં આવશે.

(દુઆના શબ્દો આ પ્રમાણે છે) :

**'લાઈલાહ ઈલ્લા અન્ત સુબ્હાનક ઈન્ની કુન્તો મિનઝ્ઝાલેમીન.'**

આ દુઆ હઝરત યુનૂસ (અલયહિસ્સલામ)એ કરી હતી અને તે ઘણી અનુભવી અને લાભકર્તા છે.

(૧૮) જે માણસ અઝાન પછી નીચે આપેલી દુઆ પઢે, તો તેની દુઆ પણ કબૂલ થાય છે અને કયામતના દિવસે બંને જહાનના સરદાર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની સિફારિશ પ્રાપ્ત થશે. ઈન્શાઅલ્લાહ....

(દુઆ આ પ્રમાણે છે) :

**'અલ્લાહુમ્મ રબ્બ હાઝેહીદદઅવતીત્તામ્મતે વસ્સલાતીલ કાયેમતે આતે મોહંમદે નીલ વસીલતે વલ ફઝીલત વદદરજતર્રફીઅત વબ્અસહુ મકામમ મહમૂદ નીલ્લઝી વઅદતહુ વરઝુકના શફાઅતહૂ યોમલ કીયાંમતે ઈન્નક લાતુખલેફુલ મીઆદ.'**

(૧૯) જે માણસ સર્વે મુસ્લિમ મર્દો અને ઓરતો માટે ૨૭ અથવા ૨૫ વાર **'ઈસ્તેગફાર'** કરે, તો તે માણસ તેવા લોકોમાં ગણવામાં આવે છે, જેની દુઆ કબૂલ કરી લેવામાં આવે છે અને તેમની બરકતથી ઝમીનવાળાઓને રોઝી આપવામાં આવે છે.

સાઈમ વિષે લગભગ ઓલમાએ દીનના ૪૦ મતો જુદા જુદા છે, જેમાં વધારે મશહૂર અને ભરોસાપાત્ર બે મત છે.

(૧) પ્રથમ મત એ છે કે, જ્યારે ઈમામ ખુત્બા માટે મિમ્બર પર આવીને બેસે, ત્યારથી લઈને નમાઝના સલામ ફેરવતા સુધી. ખાસ કરીને જ્યારે તે (ઈમામ) સુરએ ફાતિહા (અલહમ્દો) શરૂ કરે તો વલદદાલ્લીન કહેતા સુધી. આ ખાસ ઘડીની વધારે ઉમ્મીદ છે.

(૨) બીજો મત આ પ્રમાણે છે કે, જુમ્આના દિવસે અસરની નમાઝ પછીથી સુરજ ડૂબવા સુધી ખાસ ઘડી છે.

(૩) રાત્રે દુઆ કરવી. ખાસ કરી અડધી રાત પછી માગેલી દુઆ કબૂલ થાય છે.

(૪) રાત જો ૧૨ કલાકની હોય તો તેના ત્રણ ભાગ કરી, પહેલા ભાગ સુધીના સમયમાં દુઆ કબૂલ થાય છે.

(૫) આવી જ રીતે ૧૨ કલાકની રાતના ત્રણ ભાગ કરી છેલ્લા ભાગમાં માગેલી દુઆ કબૂલ થાય છે.

(૬) સુબ્હ સાદીક (ફજરની નમાઝનો ટાઈમ પહેલાં)ના સમયે દુઆ કબૂલ થાય છે.

(૭) નમાઝ માટે જ્યારે અઝાન થાય, તે ટાઈમ, એટલે કે અઝાન સાંભળી દુઆ માગે તો દુઆ કબૂલ થાય છે.

(૮)અઝાન અને ઈકામત (તકબીર)ની વચ્ચેના સમયે દુઆ કબૂલ થાય છે.

(૯) તકબીર (તકબીરે તહરીમા) શરૂ થવા સમયે કબૂલ થાય છે.

(૧૦) **હૈયા અલસ્સલાહ** અને **હૈયા અલલ ફલાહ** પછી ખાસ કરીને તે માણસ, જે દુઃખ-મુસીબતમાં સપડાયેલો હોય, તેની દુઆ કબૂલ થાય છે.

(૧૧) જેહાદની સફરમાં જ્યારે કોઈ જાય, તો તેની દુઆ કબૂલ થાય છે.

(૧૨) ઈસ્લામી લશ્કર જ્યારે દુશ્મનોથી લડતાં લડતાં એક બીજાને ભેગું થાય એટલે કે જ્યારે લડાઈ જોરદાર થઈ રહી હોય, ત્યારે દુઆ કબૂલ થાય છે.

(૧૩) ફર્ઝ નમાઝ પછીના ટાઈમે દુઆ કબૂલ થાય છે.

(૧૪) સિજદાની હાલતમાં (એટલે કે જ્યારે નમાઝનો સિજદો કરે) દુઆ કબૂલ થાય છે.

(૧૫) કુરઆન શરીફની તિલાવત કર્યા પછી, માગેલી દુઆ કબૂલ થાય છે.

(૧૬) કુરઆન શરીફ ખતમ કરવા પછીનો ટાઈમ એટલે કે જે હાફિઝે, કુરઆન ખતમ કર્યું છે, તેની દુઆ સાંભળવાવાળા કરતાં વધારે મકબૂલ (પ્રિય) છે.

(૧૭) જ્યારે ઈમામ વલદ્દાલ્લીન કહે. આ સમય દુઆ કબૂલ થવાનો છે.

(૧૮) ઝમઝમનું પાણી પીવાનો સમય પણ દુઆ માટે અનુકૂળ છે.

(૧૯) પાછલી રાત્રે મુરઘાની અઝાન (મુરઘો બોલવાનો સમય) વખતનો સમય પણ દુઆ કબૂલ થવાનો છે.

(૨૦) જ્યાં ઘણા મુસલમાનો એકત્ર થયા હોય, દાખલ તરીકે ઈદ-જુમ્આ-અરફાતનો દિવસ, તે સમયે દુઆ કબૂલ થાય છે.

(૨૧) મુરદા (મૃત્યુ પામેલા માણસ)ની આંખો બંધ કરતી વેળાએ, એટલે જ્યારે (જીવ) નીકળે અને લોકો મરનારની આંખો બંધ કરે (આ ટાઈમ પણ દુઆ કબૂલ થવાનો છે.) અથવા મુરદા પાસે હાજર થવાના સમયે દુઆ કબૂલ થાય છે.

(૨૨) જ્યારે વરસાદ વરસતો હોય, ત્યારે દુઆ કબૂલ થાય છે.

(૨૩) ઝિક્રની મહેફિલમાં દુઆ કબૂલ થાય છે.

(૨૪) કાઅબા શરીફને દેખવાના સમયે પણ દુઆ કબૂલ થાય છે.

## બરકતી જગ્યાઓ

(૧) જે સ્થળ શરઈ (ઈસ્લામી) દૃષ્ટિએ બરકતી હોય, ત્યાં બેસીને દુઆ માગવાથી દુઆ કબૂલ થઈ જાય છે.

(૨) મસ્જિદે હરામ (બૈતુલ્લાહ શરીફ)માં દુઆ કબૂલ થાય છે.

(૩) મસ્જિદે નબ્વી (મદીના શરીફમાં આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની મસ્જિદ)માં, દુઆ કબૂલ થાય છે.

(૪) મસ્જિદે અકસા (બૈતુલ મુકદ્દસની મસ્જિદ)માં દુઆ કબૂલ થાય છે.

(૫) **મતાફ,** એટલે તે જગ્યા જ્યાં હાજી લોકો ખાન-એ-કાઅબાનો તવાફ કરે છે, ત્યાં દુઆ કબૂલ થાય છે.

(૬) **મુલતઝમ,** એટલે કે હજરે અસવદ અને કાબા શરીફના દરવાજા વચ્ચેની જગ્યા.

## દુઆ કબૂલ થવાની નિશાનીઓ

(૧) ડર લાગવો, બીક લાગવાનો ભાસ થવો, દિલ પર હદ ઉપરાંત બીક છવાઈ જવી.

(૨) શરીરના રૂવાટાં ઉભા થઈ જવાં.

(૩) આંખોથી આંસુ વહેવાં.

(૪) બીક છવાયા પછી દિલમાં સંતોષ શાંતિ અનુભવવી. દિલમાં ખુશી અને આનંદ અનુભવવો. જાહેરમાં તબીયત હલકી થઈ જવી અને એમ લાગવું કે મારા પરથી એક બોજ ઉતરી ગયો.

જ્યારે દુઆ માગનાર પર આવું વાતાવરણ છવાઈ જાય, તો અલ્લાહપાકનો આભાર માની તેની હમ્દ (તારીફ) કરે. અલ્લાહના નામ પર સદકો કરે.

**હઝરત આઈશા સિદ્દિકા (રદિયલ્લાહો અન્હા)** ફરમાવે છે કે, જ્યારે કોઈ માણસને પોતાની દુઆ કબૂલ થવાનો અનુભવ થવા લાગે, અથવા કોઈ બીમારને તંદુરસ્તી પ્રાપ્ત થવા લાગે અથવા કોઈ બે પત્તા થએલ માણસ પાછો આવી જાય તો તેણે આ દુઆ પઢવી જોઈએ.

**'અલ્હમ્દો લિલ્લાહીલ્લઝી બેઈઝ્ઝતેહી**
**વ જલાલેહી વ બે નેઅમતીસ્સાલેહાત.'**

## હલાલની કમાઈ

● અલ્લાહ તઆલા ફરમાવે છે કે, **'યા અય્યોહર્રસુલો કોલુ મિનત્તય્યીબાતી વઅમલુ સાલેહીન ઈન્ની બેમા તઅમલુન અલીમ.'** (સૂરા મુઅમેનુન, આયત-૫૧)

(અર્થ : હે રસૂલો ! પાક ચીજો ખાવ અને ભલાઈનાં કામ કરો, જે તમે કરો છો, તે હું જાણું છું)

● અલ્લાહ તઆલા ફરમાવે છે કે, **'યા અય્યોહલ્લઝીન આમનૂ કોલુ મિન તય્યીબાતી મા રઝકનાકુમ વશ્કોરૂલિલ્લાહી ઈન કુન્તુમ ઈય્યાહુ તઅબોદુન.'** (સૂરા બકરહ : આયત-૧૭૨)

(અર્થ : હે ઈમાનવાળાઓ ! પાકીઝા ચીજો ખાવ, જે રોજી અમે તમને આપી અને જો તમે તેના બંદા છો, તો અલ્લાહનો શુક્ર કરો.)

એવું કહ્યા પછી આપે ફરમાવ્યું, માનવી લાંબી મુસાફરી કરે છે. મહેનત-મજૂરીને લીધે, તેના વાળ વીખરાયેલા અને ચહેરો ધૂળવાળો થાય છે. તે આકાશ તરફ હાથ ઉઠાવીને 'યા રબ ! યા રબ' કહે છે (પરંતુ) તેનું ખાવું-પીવું (ભોજન) હરામ છે, તેનો પોષાક હરામનો છે, તેની ગીઝા (ભોજન) હરામ છે, તો આ સ્થિતિમાં તેની દુઆ કેવી રીતે કબૂલ થઈ શકે ? **(મુસ્લિમ શરીફ)**

સારાંશ એ છે કે, અલ્લાહ પોતે આપણને હલાલની કમાણી કરવાનો અને તે થકી મેળવેલી રોજી (ભોજન, પોષાક, ફરનીચર, અયશ આરામનાં સાધનો વગેરે) ખાવાનો અને વાપરવાનો હુકમ કરે છે. ભ્રષ્ટાચાર અને હરામના માર્ગે મેળવેલા ધનને લીધે જે આફતો આવે, ત્યારે 'યા રબ! મારી મદદ ફરમાવ.' એવી દુઆ વારંવાર કરીએ તો પણ એ દુઆ કેવીરીતે કબૂલ થાય ? હિદાયત એવી મળી કે, હક-હલાલની કમાણીથી અનાજ-ભોજન અને ઘરની ચીજો, જોડા, પોષાક, તમામ ચીજો લાવો. હરામની કમાણી કરો જ નહિ. ચૈન, શાંતિ અને ચમનમાં રહેવા માટે હલાલના રસ્તા અપનાવો.

બિસ્મિલ્લાહ હિર્રહમા નિર્રહીમ



# અશરફી તરાના

અશરફી તરાના હુઝૂર મોહદ્દિસે આઝમે હિન્દ [illegible] અલયહે પોતાના હાથે લખ્યો છે જે મકબૂલ કલામ ઉર્દૂ-ફારસીમાં છે [illegible] મખ્દૂમ અશરફ જહાંગીર સિમનાની (રદિ.)ની બારગાહમાં રજૂ કરવામા [illegible] છે એને યાદ કરી લો અને હંમેશા પઢતા રહો જેથી દીન-દુનિયાની નેઅમતો [illegible] અને દરેક ગમ-મુસીબતોથી નજાત મળતી રહેશે. ઈન્શાઅલ્લાહ....

સરવરા શાહા કરીમા દસ્તગીરા અશરફા
[illegible] રૂહે પયમ્બર યક નઝર કુન સુએમાં .... સરવરા...
[illegible] સિમનાનો ગૌષે આલમો પીરે હુદા
[illegible] ફઝલો અતા સરચશ્મએ જૂદો સખા
[illegible] તેરા મંગતા દસ્ત-બસ્તા હૈ ખળા
[illegible] મેરે દાતા મેરે ખાલી હાથકા .... સરવરા...
[illegible] ફલક રિફઅત હે ઔર મેહરાબો માહ
[illegible] ટોપિયાં થામે ઉસે મોહતાજો શાહ
[illegible] જન્નતસે ફુઝું રખતા હે જાહ
[illegible] જલ્વએ ઝૈબા ભી અબ બેહરે ઈલાહ .... સરવરા...
[illegible] અવલિયા અય સાહિબે ઈઝઝો વકાર
[illegible] બાગે વિલાયત દોનો આલમકી બહાર
[illegible] ગમકે હાથો આજ-કલ ઝારો નઝાર
[illegible] પર ખળા હું હાથ બાંધે અશ્કબાર .... સરવરા...
[illegible] પર નહીં રેહતા કભી દુનિયાકા હાલ
[illegible] રા ઝવાલો હર ઝાવલે રા કમાલ
[illegible] રાતેં અબ તો હો રોઝે વિસાલ
[illegible] અય આફતાબે હુશ્ન અય મેહરે જમાલ .... સરવરા...
[illegible] અબ અદાવત પર બહોત એહલે ઝમન
[illegible] ઔર લાખોં હે રંજો મહન
'[illegible]' મોહતાજકી સુન લે બરાએ પંજતન
[illegible] હો તેરા આબાદ તેરી અંજુમન .... સરવરા...

# મુનાજાત

બુઝુરગોંના વસીલાથી ભરપુર દુઆ

ફઝલ કર યા રબ મોહમ્મદ મુસ્તફા કે વાસ્તે
સૈયદે કૌનેન શાહે અંબિયા કે વાસ્તે
યા ઈલાહલ આલમી યે અર્ઝ કર મેરી કુબુલ
ઈસતજીબ હાઝા દોઆઈ મુજતબા કે વાસ્તે
દૂર કર રંજે દિલી, હય સખ્ત મુઝકો બેકલી
ઉસે શહે સિદિકે અકબર બા સફા કે વાસ્તે
ફઝલ કે હાથોં સે મુઝકો મેવએ મકસદ ખિલા
ઉસ ઉમર ફારૂક આદિલ બે રિયા કે વાસ્તે
દો જહાંમેં હઝરતે ઉસ્માન કી ખાતીર મુઝે
મત ખજીલ કરના તુ ઉસ બા હયા કે વાસ્તે
હય તેરે દરબારે આલીમેં હમારી ઈલ્તેઝા
મુશ્કીલે હલ કર મેરી મુશ્કીલ કુશા કે વાસ્તે
દે ખુશી દિલકો મેરે સર સબ્ઝ કર નખ્લે મુરાદ
ઉસ જિગર ખસ્તા હસન સાહિબ લેકા કે વાસ્તે
હર તરફસે ફૌજે ગમને આકે ઘેરા હૈ હમે
દે પનાહ યા રબ શહીદે કરબલા કે વાસ્તે
બુલબુલે બાગે મદીના કુરરતુલ ઐને રસુલ
યાની બીબી ફાતેમાહ ખૈરૂન્નીશાં કે વાસ્તે
અય ખુદા તેરે સિવા હૈ દાદ રસ આસી કા કૌન
તુ હી હય ફરયાદ રસ ઝેનુલ અબા કે વાસ્તે
હમ બહુત હૈરાન હૈ કર રહમકી હમ પર નઝર
બાકરો જાફર, અલી મુસા રઝા કે વાસ્તે
મુસા એ કાઝીમ, તકી મૌલા નકી વ અશકરી
ઔર ઈમામે મેહદી પીરો હુદા કે વાસ્તે
યા ઈલાહી દૂર કર સબ રંજો ગમ કોહો અલમ
ગૌસુલ આઝમ પીરો મુરશદ રેહનુમા કે વાસ્તે
નકશબંદી, સોહરવર્દી ઔર ચિશ્તી કે તુફેલ
કર દુઆ મકબુલ અલ્ફેસાની બા સફા કે વાસ્તે

# કસીદતુલ ગૌસીયા શરીફ

## બિસ્મીલ્લા હિર્રહમા નિર્રહીમ

### નહમદુહુ વ નોસલ્લી અલા રસુલેહિલ કરીમ

આરીફે રમુઝે યઝદાની, આગાહે હકીકતે રૂહાની, મહેબુબે સુબહાની, કુત્બે રબ્બાની, હુઝૂર ગૌસુસ્સકલૈન, ગૌસુલ આઝમ, પીરાનેપીર દસ્તગીર સય્યદના વ મૌલાના વ મુરશીદના હઝરત સૈયદ મોહયુદીન અબુ મોહંમદ શેખ અબ્દુલ કાદિર જીલાની બગદાદી (રદીયલ્લાહો અન્હો) એ વજદો-કૈફની હાલતમાં આ રૂહાની કસીદાની રચના કરી છે.

કસીદતુલ ગૌસીયા શરીફ પઢનારના દિલોને શાંતી અને ચૈન નસીબ થાય છે. સમજી વિચારીને પઢવાથી મરતબામાં હૈરતઅંગેઝ તરક્કી પ્રાપ્ત થાય છે. ભય અને નિરાશા વખતે ભય અને નિરાશાના વાદળો વિખરાઈ જાય છે.

આ કસીદાહમાં હુઝુર પીરાનપીરે અલ્લાહ તઆલાની નેઅમતોની ચર્ચા અને પોતાનો ઉચ્ચ મરતબો અને ઉચ્ચતમ રૂહાની દરજ્જાનું બયાન કર્યુ છે.

હઝરત મૌલાના સૈયદ બહાઉદ્દીન સાહબ જીલાની એ "ગુન્યતુત્તાલેબીન"ના હાંસિયા પર આ કસીદા પઢવાના ફાયદા અને ફઝીલત બયાન કરી છે.

"કંઝુલ અસરાર મએ મરાતુલ અન્વાર" ના કર્તાએ કસીદતુલ ગૌસીયાહ શરીફ પઢવાનો તરીકો બતાવ્યો છે. જે કોઈ વ્યકતિ પોતાની નેક ઈચ્છા પ્રાપ્ત કરવા ચાહતો હોય તો આ કસીદાને ૪૦ દિવસ સુધી પઢે અવ્વલ આખર ત્રણ વાર દુરૂદ શરીફ પઢે આ કસીદાની શરૂઆતમાં તે દુરૂદ શરીફ આપ્યું છે તે પઢે ખૂબજ અકીદત મંદી અને એકાગ્રતા રાખશે તો ઈન્શાઅલ્લાહ દિલી મુરાદ જલ્દી પુરી થશે. આ કસીદાને દરરોજ ૧૧ વખત પઢે. આગળ પાછળ ૧૧-૧૧ વખત દુરૂદ શરીફ પઢે તો ઈન્શાઅલ્લાહ ખ્વાબમા હુઝુર ગૌસે પાક પીરને પીર દસ્તગીર (રદીયલ્લાહો અન્હો) ની ઝિયારત થશે.

જ્યારે પઢવાથી શરૂઆત કરે ત્યારે થોડીક મીઠાઈ બનાવી હુઝુર પુરનુર સરકારે દો આલમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ઔર ગૌસે પાક (રદીયલ્લાહો અન્હો) ની અરવાહે પાકને ફાતેહા પઢી બખ્શીશ કરીને દુરૂદ શરીફ પઢયા બાદ પઢવાની શરૂઆત કરે, નેક નિય્યતથી સાચી અકીદતથી પઢશે તો ઈન્શાઅલ્લાહ જરૂર કામયાબ થશે. ફજરની નમાઝ અથવા ઈશાની નમાઝ બાદ પઢી શકે છે. (કન્ઝુલ અસરાર)

# કસીદતુલ ગૌસીયા શરીફ

## બિસ્મીલ્લા હિર્રહમા નિર્રહીમ

**અલ્લા હુમ્મા સલ્લે અલા સૈયદેના મોહમ્મદીન વ આલા આલે સૈયદેના મોહમ્મદીમ મઅદનીલ જુદે વલ કરમે મમ્બઇલ ઇલ્મે વલ હિલ્મે વલ હિક્મે વ બારિક વ સલ્લિમ**

**(૧) સકાનીલ-હુબ્બો કાસતીલ વિસાલી**
**ફકુલ્તો લે ખમ્રતી નહવી તાઅલી**

(અર્થ : ઈશ્કો મોહબ્બતે મને વસ્લ-મિલાપના પ્યાલા પિવડાવ્યા, એટલે મૈં મારી શરાબ (પીણાં)ને ફરમાવ્યું કે મારી તરફ આવ)

**(૨) સઅત વ મશત બે નહવી ફી કોઊસીન**
**ફહિમ્તો બે સુકતી બૈનલ મવાલી**

(અર્થ : પ્યાલાઓમાં ભરેલી તે શરાબ (પીણાં) મારી તરફ દોડી એટલે હું મારા સાથીઓમાં ઈશ્કે ઈલાહી ના સુકો સોરૂર દ્વારા વિશ્વના લોકોમાં માનનીય અને ઉચ્ચ થઈ ગયો.)

**(૩) ફકુલ્તો લે સાએરિલ અકતાબે લુમ્મુ**
**બે હાલી વદખોલુ અન્તુમ રેજાલી**

(અર્થ : દુનિયાના સર્વે કુતબોથી મૈં ફરમાવ્યું મારી અઝમત (મોટાઈ-મહત્તા) સમક્ષ ઝુકી જાવ કારણ તમે મારા શાગિર્દ (શિષ્ય-મુરીદ) છો.)

**(૪) વહમ્મુ વશ્રબુ અન્તુમ જુનુદી**
**ફસાકીલ કૌમિ બિલ વાફી મલાલી**

(અર્થ : હિમ્મત અને દ્રઢ-મજબુત નિર્ણય કરો અને મઆરેફતનો જામ પીઓ એટલા માટે કે તમે મારા સૈન્ય છો, કેમકે કૌમના સાકીએ મારા માટે લબાલબ અને છલોછલ જામ ભરી રાખયો છે.)

**(૫) શરિબ્તુમ ફુદલતી મિમ્બઅદે સુક્રિ**
**વલાનિલ્તુમ ઉલુવ્વી વત્તે સાલી**

(અર્થ : મારા મસ્ત થયા પછી તમે, બચેલી - પડી રહી ગએલી શરાબ (તવહીદનું પીણું) પીધી પરંતુ તમે મારા ઉચ્ચ મરતબા તથા ખુદાના સાનિધ્યને પામી શકતા નથી.)

(૬) મકામો કોમુલ ઓલા જમ્અંવ વલાકિન
મકામી ફૌક કુમ મા ઝાલા આલી

(અર્થ : અગરચે તમારા સૌનો મુકામ (દરજ્જો) બુલંદ છે. તેમ છતાં મારો મુકામ તમારા મુકામ (મર્તબા)થી ઉચ્ચતમ છે અને હંમેશા બુલંદ રહેશે

(૭) અના ફી હદરતિત કરી બે વહદી
યોસર્રે ફોની વ હસ્બી ઝુલ જલાલી

(અર્થ : હું બારગાહે ઈલાહીના સાનિધ્યમાં અજોડ તેમજ અનુપમ છું. અલ્લાહ તઆલા મને ફેરવે છે એટલે એક દરજ્જાથી બીજા દરજ્જા પર બઢતી આપે છે. અને ખુદાવંદ તઆલા મારા માટે કાફી અને બસ છે.)

(૮) અનલ-બાઝીયો અશ્હાબો કુલ્લા શયખિન
ફમન ઝા ફિર્રિજાલી ઓઅતી મિસાલી

(અર્થ : જેવી રીતે બાઝ-અશ્હબ (શકરો) પક્ષી બધા પક્ષીઓ પર સર્વોપરિતા ધરાવે છે. તેવીજ રીતે હું બધા મશાયખો (પીરો) પર સર્વોપરિતા ધરાવું છું. બતાવો મર્દાને ખુદા (વલીઓ) માં કોણ છે મારા જેવો કે જેને ઉચ્ચ મર્તબો આપવામાં આવ્યો હોય ?)

(૯) કસાની ખલ્અતન બે તેરાઝિ અઝમિન
વ તવજ્જની બે તીજાનિલ કમાલી

(અર્થ : અલ્લાહ તઆલા એ મને ખિલ્અત (ઈનામી વસ્ત્રો) પેહરાવી જેની પર છાપકામ હતું બધા જ કમાલો ખુબીઓનો તાજ મારા માથા પર મૂકી.)

(૧૦) વ અત્લઅની અલા સિર્રિન કદીમિન
વ કલ્લદની વ અઅતાની સુવાલી

(અર્થ : અલ્લાહ તઆલા એ મને કદીમ ભેદ પર ખબરદાર કર્યા મને ઈઝઝતનો હાર પહેરાવ્યો અને જે કાંઈ મૈં માંગ્યુ તે અર્પણ કર્યુ.)

(૧૧) વ વલ્લાની અલલ અકતાબે જમ્અન
ફ હુકમી નાફેઝુન ફી કુલ્લે હાલી

(અર્થ : અલ્લાહ તઆલા એ મને બધા કુત્બો પર હાકેમ બનાવ્યો છે તો મારો હુકમ દરેક હાલમાં પ્રચલિત છે.)

(૧૨) ફલવ અલ્કૈતો સિર્રી ફી બેહારિન
લ સારિલ કુલ્લો ગૌરન ફીઝ ઝવાલિ

(અર્થ : જો હું મારો ભેદ અથવા તવજ્જોહ સમુદ્રો પર નાખી દઉં તો બધા સમુદ્રોનું પાણી સુકાઈ જાય અને તેમનું નામ અને નિશાન બાકી રહે નહીં.)

(૧૩) વ લવ અલ્કૈતો સિર્રી ફી જેબાલિન
લ દુક્કત વખ્તફત બૈનર્રિમાલી

(અર્થ : જો હું મારો ભેદ પર્વત પર નાખી દઉં તો તે અણું અણું થઈને રેતીમાં એવી રીતે મળી જાય કે તેનામાં અને રેતમાં કોઈ ફરક પડે નહીં.)

(૧૪) વલવ અલ્કૈતો સિર્રી ફૌકા નારિ
લખેમદત વન્ફતત મિન સિર્રે હાલી

(અર્થ : જો મારો ભેદ આગ પર નાખી દઉં તો તે મારા ભેદથી બિલ્કુલ ઠંડી થઈ જાય અને તેનુ નામ-નિશાન બાકી રહે નહીં.)

(૧૫) વલવ અલ્કૈતો સિર્રી ફૌકા મૈયિતિન
લ કામ બે કુદરતીલ-મૌલા તઆલી

(અર્થ : જો હું મારો ભેદ મુર્દા પર નાખી દઉં તો તરત જ અલ્લાહ તઆલાની કુદરતથી જીવંત થઈને બેઠો થઈ જાય.)

(૧૬) વમા મિન્હા શોહુરૂન અવ દોહુરૂન
તમુરૂ વ તન્કદી ઇલ્લા અતાલી

(અર્થ : મહિનાઓ અને જમાનાઓ જે પસાર થઈ ગયા છે અથવા પસાર થઈ રહયા છે. નિઃશંક તે મારી સમક્ષ હાજર થાય છે.)

(૧૭) વ તુખ્બેરોની બેમા યાતી વ યજરી
તો અલેમોની ફઅકસીર અન જેદાલી

(અર્થ : પસાર થઈ ગયેલા જમાના તથા આવનારી ઘટનાઓની તે મને ખબર આપે છે (હે. કરામતોના મુન્કર) ઝગડા કરવાથી રોકાઈ જા.)

(૧૮) મુરીદી હિમ વ લિબ વશ્તહ વ ગન્ને
વ ઈફઅલ મા તશાઓ ફલ ઈસ્મો આલી

(અર્થ : હે મારા મુરીદ ! ઈશ્કે ઈલાહીમાં મગ્ન થઈ જા ખુશ રહે અને નિડર થઈ જા, ખુશાલીના ગીત ગા જે ઈચ્છા હોય તે કર કારણ કે મારું નામ ઉચ્ચ છે.)

(૧૯) મુરીદી લા તખફ અલ્લાહો રબ્બી
અતાની રિફઅતન બિલ્તુલ મનાલી

(અર્થ : હે મારા મુરીદ ! કોઈ થી ડર નહિં અલ્લાહ મારો મદદગાર છે. તેણે મને ઉચ્ચતા અર્પણ કરી, જેથી મેં મારી તમન્નાઓને મેળવી લીધી.)

(૨૦) તુબુલી ફિસ્સમાએ વલ અર્દે દુક્કત
વશાઉસ્સઆદતે કદ બદાલી

(અર્થ : મારા નામના ડંકા જમીન અને આસમાનમાં વાગી રહ્યા છે નેક-બખ્તીના રક્ષક અને નસીબ મારા માટે જાહેર થઈ રહ્યા છે.)

(૨૧) બિલાદુલ્લાહે મુલ્કી તહત હુકમી
વ વકતી કબ્લ કબ્લી કદ સફાલી

(અર્થ : ખુદાના બધા શહેરો અને જમીન મારો મુલ્ક છે. મારા ફરમાન હેઠળ છે અને દુનિયા પર મારી આ હુકૂમત મારા હૃદયનો અરીસો થતા પહેલાની છે. એટલે હું વહેલી (ખુદાની અર્પણથી) વલી છું જન્મજાત સમયનો હાકિમ છું.)

(૨૨) નજરતો ઈલા બિલાદિલ્લાહે જમ્આ
ક ખર્દલતિન અલા હુકમીત્તે સાલી

(અર્થ : મૈં ખુદાએ તઆલાના સર્વ શહેરો તરફ જોયું તો તે બધા મળીને રાઈના દાણાની બરાબર હતા.)

(૨૩) દરસ્તુલ-ઈલ્મ હતા સિર્તો કુત્બન
વતિલ્તુસ્સઅદ મિમ-મોલલ મવાલી

(અર્થ : હું દીની ઈલ્મ પઢતો કુત્બ થઈ ગયો મૈં ખુદાવંદ તઆલાની મદદથી સુભાગ્યતા ને મેળવી લીધી.)

(૨૪) રિજાલી ફી હુવા જિરહિમ સેયામુન
વફી ઝુલ મિલ્લયાલી કલ લો આલી

(અર્થ : મારા મુરીદો ગરમીની મોસમમાં રોઝા રાખે છે. અને રાતોના અંધકારમાં (ઈબાદતની રૌશનીથી) મોતીઓની માફક ઝગમગે છે.)

(૨૫) વ કુલ્લો વલીયીલ લહુ કદમુંવ વ ઈન્ની
અલા કદમિન્નબીયે બદરિલ કમાલી

(અર્થ : દરેક વલીનો એક કદમ (દરજ્જો) છે અને હું સરકારે દો આલમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના મુબારક કદમ નીચે છું જે પરિપૂર્ણ આસમાનના પુનમના ચંદ્ર છે.)

(૨૬) નબીય્યો-હાશિમી મક્કી હિજાઝી
વ હુવા જદ્દી બેહિ અયનુલ કમાલી

(અર્થ : તે કિર્તિવંત કરમ ફરમાવનારા મક્કી અને હિજાઝી નબી, મારા પવિત્ર દાદા-નાના છે. તેમના જ માધ્યમ (વસીલા)થી મેં બુઝુર્ગી મેળવી છે.)

**(૨૭) મુરીદી લા તખફ વાશિન ફ ઈન્ની**
**અઝુમુન કાતેબુન ઈન્દલ કિતાલી**

(અર્થ : હે મારા મુરીદ ! તુ કોઈ ચાડીયા-બદમાશથી ડર નહિં કારણ કે જંગમાં હું ઉચ્ચ શાનવાળો અને દુશ્મનને કતલ કરવાવાળો છું.)

**(૨૮) અનલ-જીલીયો મુહયુદ્દિન ઈસ્મી**
**વ અઅલામી અલા રાસિલ જિબાલી**

(અર્થ : હું ગીલાન (જીલાન) કસ્બાનો રહેવાસી છું મારું નામ મુહયુદ્દિન (ઈસ્લામને સજીવન કરનાર) છે. મારા ફૈઝ અને સચ્ચાઈનો નિશાન-ધ્વજ પર્વતોની ટોચ પર લહેરાઈ રહ્યો છે.)

**(૨૯) અનલ હસનીયો વલ 'મખ્દઅ' મકામી**
**વ અકદામી અલા ઓનો કિર્રિજાલી**

(અર્થ : હું હઝરત ઈમામ હસનની ઓલાદમાંથી છું અને મારો મર્તબો 'મખ્દઅ' (એટલે એક ખાસ ઉચ્ચ મકામ) છે. અને મારા પગ અલ્લાહના વલીઓની ગરદનો પર છે.)

**નોટ : ત્યાર પછી આ પંકિતઓને ત્રણ વાર પઢો.**

**(૩૦) વ અબ્દુલ કાદિરિલ-મશ્હુરો ઈસ્મી**
**વ જદ્દી સાહેબુલ અયનિલ કમાલી**

(અર્થ : અને અબ્દુલકાદિર મારૂ મશ્હુર-ખ્યાતી ધરાવનારૂં નામ છે અને મારા પવિત્ર નાના હઝરત મોહમ્મદ મુસ્તફા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પરિપૂર્ણ ખૂબીઓવાળા ઝરણાંના માલિક છે.)

**(૩૧) તકબ્બલની વલા તુદુર્દ સુઆલી**
**અગિસ્નિ સૈયેદી ઉન્ઝુર બેહાલી**

(અર્થ : મારી વિનંતી કબૂલ કરો અને મારા સવાલને રદ ના કરો. મારી મદદ ફરમાવો. હે મારા સૈયદ (સરદાર) ! મારી દુઃખી હાલતને જુઓ અને દયા કરો.)

**(૩૨) ફ હલ્લીલ યા ઈલાહી કુલ્લ સઅબિન**
**બે હક્કીલ-મુસ્તફા બદરિલ કમાલી**

(અર્થ : તો હે ઈલાહી ! આસાન ફરમાવી દે દરેક સખ્તીને અને તકલીફને હઝરત મોહંમદ મુસ્તફા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) કે જે પરિપૂર્ણ ચંદ્ર છે તેમના સદકાથી.)

# 'સલાતુલ અસરાર'

## નમાઝે ગૌસીયાહ-કાદરીયાહ

કોઈપણ કાર્યની કામયાબી હાંસિલ કરવા માટે આ નમાઝ અકસીર ઈલાજ છે.

હઝરત ઈમામ અબુલ હસન નુરૂદ્દીન સતનુની (રહેમતુલ્લાહ અલયહ) 'બહજતુલ અસરાર'માં અને હઝરત મુલ્લાં અલી કારી (રહેમતુલ્લાહ અલયહ) તેમજ હઝરત શેખ અબ્દુલ હક્ક મોહદ્દિસ દહેલવી (રહેમતુલ્લાહ અલયહ) હુઝૂર સૈયદના ગૌસુલ આઝમ પીરાને પીર દસ્તગીર (રદીયલ્લાહો અન્હો)થી રિવાયત કરે છે. આ નમાઝ પઢવાની રીત એ પ્રમાણે છે કે મગરીબની નમાઝની સુન્નતો અદા કર્યા બાદ બે રકાત નીફલ નમાઝ એવી રીતે પઢે કે દરેક રકાતમાં અલહમ્દો પછી 'સૂરએ ઈખ્લાસ' ૧૧ વખત પઢે. નમાઝ પૂરી થાય ત્યારે અલ્લાહ જલ્લે શાનહૂની હમ્દો શના કરીને હુઝૂર પુરનુર સરકારે દો આલમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પર ૧૧ વખત તોહફએ દુરૂદ શરીફ મોકલ્યા પછી ૧૧ વખત આ રીતે પઢે. 'યા રસુલલ્લાહ ! યા નબીયલ્લાહ ! અગીસ્ની વ અમદુદની કઝાએ હાજતી યા કાઝીયલ હાજાત.' ત્યારબાદ બગદાદ શરીફ (ઈરાક) તરફ ૧૧ કદમ ચાલે અને દરેક કદમ પર આ રીતે પઢે.

'યા ગૌસુસ્સકલૈન ! યા કરીમત્તરફયન ! અગીસ્ની વ અમદુદની ફી કઝાએ હાજતી યા કાઝીયલ હાજાત.'

ત્યારબાદ હુઝૂર તાજદારે અંબિયા અને હુઝૂર તાજદારે ઔલિયાના વસીલાથી દુઆ માંગે ઈન્શાઅલ્લાહ દુઆ કુબૂલ થશે. (બહજતુલ અસરાર)

## દુઆ-એ-ગૌસીયાહ

હઝરત પીરાનેપીર દસ્તગીર રદિ.ને દરેક જાતની મુસીબતો આફતો તકલીફોથી બચવા માટે આપની વાલેદા મોહતરમાએ આપને નીચેની દુઆ ૧૧ વખત પઢવા શીખવાડેલ. હઝરત ગૌષપાક રદિ. ફરમાવે છે કે મને જે કાંઈ મળ્યું છે તે આ દુઆથી મળ્યું છે એ દુઆ આ છે.

**અલ્લાહ કાફી, કસદતુલ કાફી, વજદતુલ કાફી,**

**લેકુલ્લે કાફી, કફાફિલ કાફી,**

**વનેઅમલ કાફી, વલિલ્લાહિલ હમ્દ.**

# બહેતરીન અમલ

(પંજ ગંજે કાદરીયાહ)

દિની-દુનિયાવી બરકતો હાંસિલ કરવા માટે અને આખેરતમાં નજાત (છુટકારો) મેળવવા માટે આ અનમોલ તોહફો છે. આ મુબારક નામો-નમાઝ બાદ ૧૦૦ વખત પઢે. આગળ-પાછળ ૩ વખત દુરૂદ શરીફ પઢે. ઈન્શાઅલ્લાહ બરકતોથી માલામાલ થશે.

| | |
|---|---|
| ફજરની નમાઝ બાદ : | યા અઝીઝો યા અલ્લાહ |
| ઝોહરની નમાઝ બાદ : | યા કરીમો યા અલ્લાહ |
| અસરની નમાઝ બાદ : | યા જબ્બારો યા અલ્લાહ |
| મગરીબની નમાઝ બાદ : | યા સત્તારો યા અલ્લાહ |
| ઈશાંની નમાઝ બાદ : | યા ગફફારો યા અલ્લાહ |

## ખત્મે કાદરીયાહ

મુશ્કેલી આસાન કરવા માટે અને મકસદ પ્રાપ્ત કરવા માટે પીરાને તરીકતથી આ ખત્મ પઢવાનું જાણવા મળ્યું છે. ઈસ્લામી મહીનાના પ્રથમ ૧૫ દિવસમાં આ ખત્મ પઢી શકાય છે અને તેની શરૂઆત જુમેરાત (ગુરૂવાર)થી થાય છે. સળંગ ત્રણ (૩) દિવસ પઢવામાં આવે, ખત્મ થઈ ગયા બાદ થોડીક મીઠાઈ પર હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અને હુઝૂર ગૌસે પાક (રદીયલ્લાહો અન્હો)ની અરવાહે પાકને ફાતેહા ખ્વાની કરી બક્ષી દે.

બિસ્મીલ્લાહ સહિત

૧૧૧ વખત અલહમ્દો (સૂરએ ફાતેહા) પઢે.

૧૧૧ વખત ત્રીજો કલમો પઢે.

૧૧૧ વખત સૂરએ અલમ નશરાહ પઢે.

૧૧૧ વખત કુલહોવલ્લાહ (સૂરએ ઈખ્લાસ) પઢે.

૧૧૧ વખત દુરૂદ શરીફ પઢે.

ઉપરોક્ત દર્શાવેલ ખત્મ પઢયા બાદ દુઆ કરે ઈન્શા અલ્લાહ મુશ્કેલીઓ આસાન થશે અને મકસદ પણ હાંસિલ થશે.

હઝરત પીરાને પીર (રદીયલ્લાહો અન્હો) ફરમાવે છે કે બધા ઝિક્રોથી બહેતર અને શ્રેષ્ઠ 'લા ઈલાહા ઈલ્લલ્લાહ'નો ઝિક્ર છે તેનો જ વધુમાં વધુ વિર્દ કરો.

(સિરતે ગૌસુલ આઝમ પાન-૨૪૨)

## ખત્મે ખ્વાજગાને ચિશ્ત

હરેક મુશ્કિલ અને તકલીફના સમયે ખત્મે ખ્વાજગાન અહીંયા બતાવેલ તરીકા મુજબ પઢવાથી મુશ્કિલ કે આફત-બલા દૂર થાય છે. ઘણો જ ફાયદાકારક અને તાસીર ધરાવતો આ ખત્મ સાબિત થયો છે. ચિશ્તીયાહ સિલસિલાના બુઝુર્ગોના તરીકા મુજબ આ ખત્મ પઢી શકાય છે.

સુરેહ ફાતેહા (અલહમ્દો શરીફ) ૭ વખત
દુરૂદે ઈબ્રાહીમ ૧૦૦ વખત
સુરેહ અલમનશરહ ૭૦ વખત
સુરેહ ઈખ્લાસ ૧૦૦૦ વખત
સુરેહ ફાતેહ ૭ વખત
દુરૂદ શરીફ ૧૦૦ વખત અને આ દુરૂદશરીફ પઢવું.
**અલ્લાહુમ્મ સલ્લિ અલા મોહમ્મદિંવ વ અલા આલે મોહમ્મદીન બે અદદે કુલ્લિ શયઈન મઅલૂમિલ લક.**
યા કાઝી યા કાદિયલ હાજાત ૧૦૦ વખત
યા દાફેઅદ્દરજાત ૧૦૦ વખત
યા દાફેઅલ બલિય્યાત ૧૦૦ વખત
યા કાફિલ મુહિમ્માત ૧૦૦ વખત
યા હલ્લાલ મુશ્કિલાત ૧૦૦ વખત
યા મુજીબુદ્દઅવાત ૧૦૦ વખત
યા શાફિઅલ અમ્રાઝ ૧૦૦ વખત
યા મુફત્તેહલ અબ્વાબ ૧૦૦ વખત
યા મુસબ્બેબલ અસ્બાબ ૧૦૦ વખત
યા ખયરન નાસિરીન ૧૦૦ વખત
યા દલીલન મુતહૈયરીન ૧૦૦ વખત
યા ગયાસલ મુસ્તગિસીન ૧૦૦ વખત
યા મુકલ્લીબલ કુલુબે વલ અબ્સાર ૧૦૦ વખત
યા મોઈનુદ્દિન મોઈનુલ હક અ ઈન્ના બે ઈઝનિલ્લાહ ૧૦૦ વખત
લા મલજા અ વલા મન્જાઅ ઈલ્લા બિલ્લાહ ૧૦૦ વખત
લા હવલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહિલ અલિય્યિલ અઝીમ ૧૦૦ વખત
યા અરહમર રાહેમીન ૧૦૦ વખત
આમીન ૧૦૦ વખત.

## ચાર મોટા ફાયદાઓ

હઝરત અલી રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે કે રસુલે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું કે જે કોઈ માણસ દરરોજ આ દુઆ એક સો (૧૦૦) વખત પઢશે તેને ચાર મોટા ફાયદાઓ થશે.

(૧) ગરીબી-ભૂખ અને રોઝીની તંગી દૂર થશે.

(૨) કબરની ગભરાટ દૂર થશે. રાહત પ્રાપ્ત થશે.

(૩) જાહેરી અને બાતેની માલદારી નસીબ થશે.

(૪) જન્નતનો દરવાજો ખટખટાવવાનો હકદાર બનશે અને માન સાથે જન્નતમાં દાખલ થશે. એ દુઆ આ પ્રમાણે છે.

**'લા ઈલાહ ઈલ્લલ્લાહુલ મલિકુલ હક્કુલ મુબીન.'**

## નાદે અલી

**બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ**

**નાદે અલિય્યમ મઝ-હરલ અજાઈબ.**

**તજિદહુ અવ્નન લ-ક ફિન્નવાઈબ.**

**કુલ્લુ હમ્મિન વ ગમ્મિન સયન્જલી બિઅઝ-**

**મતિ-ક યા અલ્લાહો વ બિ-નબુવ્વતિ-ક**

**યા મુહમ્મદ વ બિ-વિલાયતિ-ક**

**યા અલી યા અલી યા અલી અદરિક્ની.**

# ફઝીલત

- ઈશાની નમાઝ પછી આ નાદે અલી પાંચસો વાર પઢે જેની પહેલાં અને પછી સો સો વાર દુરૂદશરીફ પઢે અને પછી હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ઝિયારતની નિય્યતથી વઝૂ સહિત સૂઈ જાય. ઈન્શાઅલ્લાહ, ઝિયારતથી મુશર્રફ થશે.
- દરરોજ એકત્તાલીસ વાર નાદે અલી પઢવાથી મોટામાં મોટી મુશ્કેલી સરળ થઈ જાય છે.
- શત્રુને પરાસ્ત કરવા એને ધ્યાનમાં રાખીને અઢાર વાર નાદે અલી પઢે.
- જિન્નાત તથા જાદૂ વગેરેની અસરને દૂર કરવા પાણી પર આને પંદર વાર પઢીને દમ કરી પાણીનો છંટકાવ કરવાથી અસર દૂર થઈ જશે.
- જે દર્દી જીવનથી હતાશ થઈ ગયો હોય એને સાત વરસાદના પાણી ઉપર દમ કરી પિવડાવવામાં આવે. ઈન્શાઅલ્લાહ સ્વાસ્થ્ય પ્રાપ્ત થશે.
- ગુનાહમાફી માટે દરરોજ છપ્પન વાર પઠન કરે.
- કોઈ પણ દુઃખ-દર્દ હોય, દરરોજ એક હજાર વાર પઢવાથી ગમે તે દુઃખ-દર્દ દૂર થઈ જશે.
- કોઈની ઉપર ખોટા આક્ષેપ તથા જૂઠા આરોપ લગાડવામાં આવ્યા હોય તો તે દરરોજ ચાલીસ વાર પઢીને પોતાની ઉપર દમ કરે. તમામ આરોપોથી આઝાદ થઈ જશે.

# સલાતુત તસ્બીહ

આ નમાઝમાં અનહદ સવાબ છે. નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વઆલેહિ વસલ્લમ હઝરત અબ્બાસ રદિયલ્લાહો અન્હોને ફરમાવ્યું કે અય કાકા ! શું હું તમને અતા (અર્પણ) ન કરૂં ? શું હું તમને બખ્શિશ ન કરૂં ? દસ ખસ્લતો છે કે જ્યારે તમે કરો તો અલ્લાહ તઆલા તમારા ગુનાહ બખ્શી દેશે. આગલા-પાછલા, જૂના-નવા, જે ભૂલથી કર્યા હોય તે અને જે ઈરાદાપૂર્વક કર્યા તે, નાના-મોટા, છુપા અને જાહેર, તેના પછી સલાતુત તસ્બીહની તાલીમ ફરમાવી. પછી ફરમાવ્યું કે જો તમારાથી થઈ શકે તો દરરોજ એક વાર પઢો. જો ન થાય તો અઠવાડિયામાં એક વાર જુમ્આના દિવસે (જુમ્આમાં) અને એ પણ ન થાય તો મહિનામાં એકવાર પઢો અને એ પણ ના થાય તો વર્ષમાં એકવાર પઢો, જિંદગીમાં એક વાર પઢો.

**રીત :** તિર્મિઝી શરીફમાં અબ્દુલ્લાહ બિન મુબારક રદિયલ્લાહો અન્હોથી રિવાયત મજકૂર છે. તેઓ ફરમાવે છે કે સલાતુત તસ્બીહની ચાર રકાતની નિય્યત કરે. અલ્લાહો અકબર પછી સના પઢે, પછી આ તસ્બીહ પંદર (૧૫) વખત પઢે. સુબ્હાનલ્લાહ વલહમ્દો લિલ્લાહે વલા-ઈલા-હ ઈલ્લલ્લાહો વલ્લાહો અકબર.' પછી અઊઝો બિસ્મિલ્લાહ, અલહમ્દો અને પછી કોઈ પણ સૂરત પઢો. પછી તસ્બીહ દસ (૧૦) વખત પઢો. પછી રુકૂઅમાં પણ આ તસ્બીહ દસ (૧૦) વખત પઢો. રુકૂઅમાંથી ઉઠતા 'રબ્બના લકલ હમ્દ' પઢી ફરી પાછી આ જ તસ્બીહ દસ (૧૦) વાર પઢો. પછી સિજદામાં પણ આ તસ્બીહ દસ (૧૦) વાર પઢો. પછી સિજદામાંથી માથું ઉઠાવી આ તસ્બીહ દસ (૧૦) વાર પઢો. પછી સિજદામાં જઈ દસ (૧૦) વાર તસ્બીહ પઢો.

આ રીતે એક રકાતમાં ૭૫ તસ્બીહ થાય અને ચાર (૪) રકાતમાં ઉપરોકત તસ્બીહ ત્રણસો (૩૦૦) વાર પઢાશે.

મસ્અલો : ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહો અન્હોમાંથી પૂછવામાં આવ્યું કે આપને ખબર છે કે આ નમાઝમાં કઈ સૂરતો પઢવામાં આવે ? આપે ફરમાવ્યું, 'સૂરએ તકાસુર', વલ અસ્ર, કુલા યા ઐયોહલ કાફેરૂન અને કુલ હોવલ્લાહો અહદ.' (રદદુલ મોહતાર)

## પાંચ કલ્મે

(૧) **અવ્વલ કલિમહ તૈયબ :** લા ઈલા-હ ઈલ્લલ્લાહુ મુહમ્મદુર રસૂલુલ્લાહ.

(૨) **દોયમ કલિમહ શહાદત :** અશ્હદુ અલ લા ઈલા-હ ઈલ્લલ્લાહુ વહ-દહુ લા શરી-ક લહુ વ અશ્હદુ અન-ન મુહમ્મદન અબ્દુહુ વ રસૂલુહ.

(૩) **સોયમ કલિમહ તમજીદ :** સુબ્હાનલ્લાહિ વલહમ્દુ લિલ્લાહિ વલા ઈલા-હ ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર. વલા હૌ-લ વલા કુવ્વ-ત ઈલ્લા બિલ્લાહ હિલ અલિય્યિલ અઝીમ.

(૪) **ચહારુમ કલિમહ તૌહીદ :** લા ઈલા-હ ઈલ્લલ્લાહુ વહ-દહુ લા શરી-ક લહુ લહુલ મુલ્કુ વ-લહુલ હમ્દુ યુહ-યી વયુમીતુ બિ-યદિહિલ ખૈ-ર, વહુ-વ અલા કુલ્લિ શયઈન કદીર.

(૫) **પંજુમ કલિમહ રદ્દે કુફ્ર :** અલ્લાહુમ-મ ઈન્ની અઊઝુ-બિ-ક મિન અન ઉશ્રિ-ક બિ-ક શૈઅંવ વ અના અઅ-લમુ બિહિ વ અસ્તગ-ફિરુ-ક લિમા લા અઅ-લમુ બિહિ તુબ્તુ અન્હુ વ-ત-બર-રઅતુ મિનલ કુફ્-રિ વશ-શિર-કિ વલ કિઝ-બિ વલ ગી-બતી વલ બુહતાનિ વલ મઆસી કુલ્લિહા અસ્લમ્તુ વ આમન્તુ વ અકૂલુ લા ઈલા-હ ઈલ્લલ્લાહુ મુહમ્મદુર રસૂલુલ્લાહ. સલ્લલ્લાહુ અલૈહિ વઆલિહિ વસલ્લમ.

## ઈમાને મુજ્મલ

આમન્તુ બિલ્લાહી કમા હુ-વ બિઅસ્માઈહિ વ સિફાતિહિ વ કબિલ્તુ જમી-આ અહકા-મિહી વ અરકાનિહિ.

## ઈમાને મુફસ્સલ

આમન્તુ બિલ્લાહિ વ મલા-ઈ-કતિહિ વ કુતુબિહિ વ રુસુલિહિ વલ યવ-મિલ આખિરી વલ કદરિ ખયરિહિ વ શર્રિહિ મિનલ્લાહિ તઆલા વલ્બઅસિ બઅ-દલ મૌત.

## દુરૂદશરીફ

અલ્લાહુમ-મ સલ્લિ અલા સૈયદના મુહમ્મદિંવ વ
અલા આલિ સૈયદના મુહમ્મદિંવ વબારિક સલ્લિમ.

## ઈસ્તિગ્ફાર

અસ્તગ-ફિરુલ્લા-હ રબ્બી મિન કુલ્લિ ઝમ્બિંવ વ અતુબુ ઈલૈ-હ.

## સના

સુબ્હાનકલ્લાહુમ-મ.વબિ હમ્દિ-ક વ તબા-રકસ્મુ-ક
વ તઆલા જદ-દુ-ક વલા ઈલા-હ ગૈરુક.

## તશહહુદ

અત્તહિય્યાતુ લિલ્લાહિ વસ સ-લ-વાતુ વત તૈયિબાત. અસ્સલામુ અલૈ-ક અય્યુહન નબિય્યુ વ રહ-મતુલ્લાહિ વ બરકાતુહ. અસ્સલામુ અલયના વઅલા ઈબાદિલ્લાહિસ સાલિહીન. અશહદુ અલ લા ઈલા-હ ઈલ્લલ્લાહુ વ અશહદુ અન-ન મુહમ્મદન અબ્દુહુ વ રસૂલુહ.

## દુરૂદે ઈબ્રાહીમી

અલ્લાહુમ-મ સલ્લિ અલા સૈયદિના મુહમ્મદિંવ વઅલા આલિ સૈયદિના મુહમ્મદિન કમા સલ્લય-ત અલા સૈયદિના ઈબ્રાહી-મ વઅલા આલિ સૈયદિના ઈબ્રાહી-મ ઈન્ન-ક હમીદુમ મજીદ. અલ્લાહુમ-મ બારિક અલા સૈયદિના મુહમ્મદિંવ વઅલા આલિ સૈયદિના મુહમ્મદિન કમા બારક-ત અલા સૈયદિના ઈબ-રાહી-મ વઅલા આલિ સૈયદિના ઈબ્રાહી-મ ઈન્ન-ક હમીદુમ મજીદ.

## દુઆએ માસૂરહ

અલ્લાહુમ્મગ ફિરલી વલિ વાલિદય-ય વલિમન તવાલદ વલિ જમીઈલ મુઅમિની-ન વલ મુઅમિનાત, વલ મુસ્લિમી-ન વલ મુસ્લિમાત, અલ અહયા-ઈ મિન્હુમ વલ અમ્વાત, ઈન્ન-ક મુજીબુદ દઆવત, બિરહ-મતિ-ક યા અર-હમર રાહિમીન.

## દુઆએ કુનૂત

અલ્લાહુમ-મ ઈન્ના નસ્તઈનુ-ક વ નસ્તગ-ફિરુ-ક વ નુઅમિનુ બિ-ક વ નતવક્કલુ અલૈ-ક વનુસ્ની અલૈકલ ખૈર, વનશ્કુરુ-ક વલા નક-ફુરુ-ક વનખ્લઉ વનત્રુકુ મંય યફ-જુરુ-ક, અલ્લાહુમ-મ ઈય્યા-ક નઅબુદુ વ લ-ક નુસલ્લી વનસ્જુદુ વ ઈલય-ક નસ્આ વ નહ-ફિદુ વ નરજૂ રહ-મ-ત-ક વ નખ્શા અઝા-બ-ક ઈન-ન અઝા-બ-ક બિલ્ કુફ્ફારિ મુલ્હિક.

## નમાઝ છોડનાર વિચારે !

(૧) જેણે ફજરની નમાઝ છોડી તેની રોઝીમાંથી બરકત દૂર થાય છે.
(૨) જેણે ઝોહરની નમાઝ છોડી તેના દિલમાંથી નૂર દૂર થાય છે.
(૩) જેણે અસરની નમાઝ છોડી તેની તંદુરસ્તી દૂર થાય છે.
(૪) જેણે મગરીબની નમાઝ છોડી તેનાથી ખાવાની લિજ્જત દૂર થાય છે.
(૫) જેણે ઈશાની નમાઝ છોડી તેની દીન અને દુનિયા બન્ને બરબાદ થઈ ગઈ.

## રાત્રે સૂતી વખતે અવશ્ય પઢી લો

એક વખત રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે હઝરત અલી કર્રમલ્લાહો વજહુલ કરીમને ફરમાવ્યું કે દરરોજ રાત્રે સૂતા પહેલા આટલુ અવશ્ય પઢયા પછી જ સુવો.

(૧) સુરએ ફાતેહા (અલહમ્દો શરીફ) ચાર વખત પઢો. ૪૦૦૦ હજાર દિનાર સદકો આપવાના બરાબર સવાબ મળશે.
(૨) સુરએ ઈખ્લાસ (કુલહોવલ્લાહ)ની સુરત ત્રણ વખત પઢીને સુવો. એક કુર્આનશરીફ ખત્મ કરવાનો સવાબ મળશે.
(૩) અસ્તગફેરુલ્લાહ ત્રણ વખત પઢીને સુવો. બે ઝગડેલા માણસો વચ્ચે સમાધાન કરાવવાનો સવાબ મળશે.
(૪) દુરુદ શરીફ ત્રણ વખત પઢીને સુવો. જન્નતની કીંમત અદા કરવાનો સવાબ મળશે.
(૫) કલ્મએ તમજીદ (ત્રીજો કલ્મો) ચાર વખત પઢીને સુવો. એક હજ્જ અદા કરવાનો સવાબ મળશે. (સુબ્હાનલ્લાહ)

# શજરા મુબારક

## કાદરીયાહ હસનીયુલ હુસૈની

**બીસ્મીલ્લાહ હીર્રહમા નિર્રહીમ**
**નહમદોહુ વનો સલ્લી અલા રસુલેહિલ કરીમ**

અલહમ્દો લિલ્લાહે રબ્બીલ આલમીન વલ આકેબતો લિલ મુત્તકીન વસ્સલાતો વસ્સલામો અલા રસુલેહી 'મોહમ્મદીવ' વ આલા આલેહી વ અસ્હાબેહી અજમઈન બે રહમતેકા યા અરહમર રાહેમીન.

કુલ યા એબાદેયલ્લઝીન અસરફુ અલા અન ફોસે હીમ લા તકનતુ મીર રહમતીલ્લાહ. ઈન્નલ્લાહા યગફેરૂઝ ઝોનુબા જમીઆ ઈન્નહુ હોવલ ગફુરૂર રહીમ.

અલ્લા હુમ્મા સલ્લે અલા સૈયદેના મોહમ્મદીવ વ આલા આલે સૈયદેના મોહમ્મદીંમ મઅદનીલ જુદે વલ કરમે મમ્બઈલ ઈલ્મે વલ હિલ્મે વલ હિકમે વ બારીક વ સલ્લીમ.

હાઝેહિ શજરતુન તય્યબતુન અસ્લોહા સાબેતુન વ ફરઓહા ફીસ્સમાઅ.

**મુરીદે પીરે પીરાં શવ, ચું ખ્વાહી કુર્બે રબ્બાની,**
**કે બર પીરાં શરફ દારદ, મુરીદે શાહે જીલાની.**

(૧) લફઝે બિસ્મીલ્લાહ સે આગાઝ હમ્દ શાહ હૈ
ઈસ્મે આઝમ ઈસ મુકદ્દસ શાહ કા અલ્લાહ હૈ
(૨) જીસકે કુન કેહને સે પૈદા હો ગયે દોનું જહાં
ઝુબીશે લબ હો ગઈ જીસકી વજૂદ ઈન્સ વ જાં

(૩) કરતે હૈ સુબ્હો મશા સબ આશના ના આશના
ઉસ્કી તારીફ, ઉસ્કી તૌસીફ, ઉસ્કી હમ્દ, ઉસ્કી શના
(૪) વાકઈ વોહ ઝાત બરહક લાઈકે તારીફ હૈ
ફીલ હકીકત બસ વહી એક કાબીલે તૌસીફ હય
(૫) ઉસને બખ્શી મહેરબાની સે હમે ઈન્સાનીયત
કી અતાં મખ્લૂક પર ઈન્સાં કો ઉસને ફૌકીયત
(૬) ફીર હિદાયત કે લીએ ઈન્સાન કે ભેજે રસૂલ
ઔર ફરમાતા રહા ઈન પર સહીફોં કા નુઝૂલ
(૭) ઈન રસૂલોં કા ભી એક સરદાર થા મદ્દે નઝર
ઈસ લીએ ભેજા મોહમ્મદ મુસ્તફા કો સર બસર
(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)
(૮) જીનકે આતે હી દો આલમ મેં ઉજાલા હો ગયા
હમ ગરીબોં બે કસોકા બોલ બાલા હો ગયા
(૯) લીખ શકે કયા ના'ત ઈન્સા ઉસ શેહ ઝીજાહ કી
રહેનુમાઈ જીસ્ને ફરમાઈ ખુદા કી રાહ કી
(૧૦) હૈ વજૂદ પાક ઈન્કા બાઈસે સર્રે શહુદ
હો સલામ અલ્લાહ કા ઈન પર હંમેશા હો દુરૂદ
(૧૧) બાદ રબ કે સબ કમાલોં મેં મુકમ્મિલ આપ હૈ
આપસે અફઝલ નહીં કુછ, સબસે અફઝલ આપ હૈ
(૧૨) આપ કે અસ્હાબ બુબક્ર, વ ઉમર વ ઉસ્માન હૈ
ઔર અલી મુરતુઝા શેરે ખુદા ઝી શાન હૈ
(૧૩) વાકઈ ઝાતે રિસાલત કે અનાસીર હૈ યે ચાર
રિસ્તેદારાને રસુલુલ્લાહ હૈ યહ ચાર યાર
(૧૪) સબ મુસલમાં કેહતે હૈં ચારોં કો અસ્હાબે સફા
ઈનસે રૌશન હો ગયા કંદિલ ઈરફાન મેં દિયા

(૧૫) બાદ હૈ ઈનકે ઈમામે દૂસરા હઝરત હસન
ફીર હુસૈન સૈયદુશ્શોહદા ઈમામ ઝુલ મનન
(૧૬) બાદ ઝેનુલ આબેદીન ઝી હસબ આલી નસબ
કરબલા મેં બેકસો બિમાર થા જીસ્કા લકબ
(૧૭) બાદ ઈન્કે મોહમ્મદ બાકીર આલી વકાર
ફીર ઈમામ જઅફર સાદીક અહેલે ઈકતેદાર
(૧૮) બાદ ઈમામ મુસા કાઝીમ હૈ વો સુલતાનુલ હુદા
ઔર ફીર હૈ આરીફે હક્ક સૈયદ મુસા રઝા
(૧૯) બાદ હૈ મઆરૂફ કર્ખી માહીરે ઈરફાને હક્ક
બાદ હૈ સર્રી સકતી આલીમે ઈલ્મી અદક
(૨૦) બાદ હય શયખ અબુલ કાસીમ જુનેદ બા લકબ
જીનકો બગદાદી મહોબ્બત સે કહા કરતે હૈ સબ
(૨૧) બાદ હય હઝરત બુબક શીબ્લી ઝી વકાર
હો ગયા ઈનસે ઈરફાને હકીકત આશકાર
(૨૨) ફીર હુવે હય શયખ અબ્દુલ વાહીદ આલી મકામ
રહેનુમાઈ ગુમશુદાને રાહ કી હય જીસ્કા કામ
(૨૩) બાદ હૈ શયખ અબુલ ફરેહ હકીકત આશના
યાની અલ તરતુસી બા વસ્ફ બા સફત વ શના
(૨૪) બાદ હૈ હઝરત મોહમ્મદ યુસુફ ઈબ્ને હસન
જીન્કા હનકારી લકબ હૈ જો હૈ આલે પંજતન
(૨૫) બાદ હૈ ઈબ્ને સઈદ, ઈબ્ને અલી મખદૂમ હય
હૈ જો મખઝૂમી મુબારક નામ સે મૌસુમ હય
(૨૬) બાદ હૈ સુલતાને દીં, કુત્બ ઝમાં ગૌસુલ વરા
યાની વોહ મહેબુબે સુબ્હાની, ઈમામુલ ઔલીયા
(૨૭) જો કે સારે ઔલીયા અલ્લાહ કે સરતાજ હય
અતકીયા જીનકે ઝારાસે દીન કે મોહતાજ હય

(૨૮) નામ જીન્કા સૈયદ અબ્દુલ કાદીર ઝીં શાન હૈ
જીન્કા એક અદનાસા ખાદીમ ખુશરૂ વ સુલતાન હૈ
(૨૯) બાદ અબુલ ફતેહ લકબ રદ્દે ખયાલ ખામ હય
સૈયદ ઈસ્માઈલ ઈસ ખાલી ગૌહર કા નામ હૈ
(૩૦) બાદ મેં જો આરીફાને સર્રે હકમેં તાક હૈ
નૂરે ચશ્મે ગૌસુલ આઝમ સૈયદે ઈસ્હાંક હૈ
(૩૧) બાદ હય સૈયદ મોહમ્મદ સાહેબે ઈસ્મે અદક
હો ગયા ઈસ જહાન મેં જીનકા ઈશ્કુલ્લાહ લકબ
(૩૨) બાદ ઈન કે સૈયદ કાસીમ નઈમુલ્લાહ હય
આપ કામીલ ઔલીયા હય વાસીલે અલ્લાહ હય
(૩૩) બાદ હય શાહે સુલેમાન આલીમે સર્રે ખફી
જાનતે હય જો મુરીદોંકે ખયાલાતે દિલી
(૩૪) ફીર જમાલુલ્લાહ મલકબ સિફતમેં સર મસ્ત હય
નામ હય સૈયદ ખલીલ અકબામેં બાલા દસ્ત હય
(૩૫) ફીર હય સૈયદ શાહ કુત્બુદ્દિન મહેમૂદ સફા
બાદ હય સૈયદ હસન શાહ ફકીહ ગૌસુલ વરા
(૩૬) બાદ ઈનકે જનાબે શાહ નુરૂલ્લાહ હય
જો ગીરોહ ઔલીયા અલ્લાહ મેં ઝી જાહ હય
(૩૭) બાદ હય ઈનકે જનાબે સૈયદ અબ્દુલ અઝીઝ
જીનકો શમશીરે ઈલાહી કેહતે હય અહેલે તમીઝ
(૩૮) ફીર હય સૈયદ શાહ નુરૂલ્લાહ સાની અહેલે દિલ
જીનસે હર ખાદીમ કો અપના મુદુઆ જાતા હૈ મીલ
(૩૯) ફીર હુવે હય સૈયદ મહેબુબુલ્લાહ શાહ ભી
મોઅતકીફ ઓર મહવ ઈરફાં રહેતે થે જો હર ઘડી
(૪૦) ફીર હુવે હય શાહ અસદુલ્લાહ આલી ખાનદાન
જીનકે આગે એક તમાશા બન ગયે દૌનું જહાન

(૪૧) ફીર હુવે હય સૈયદ મહેબુબુલ્લાહ શાહ દૌમ
બાપ જીનકા શેરે હક હય નાના હય શાહે ઉમમ
(૪૨) ફીર હુવે હય સૈયદ હુસૈન રહેનુમાએ શહે દીન
ઝોહદો તકવામેં રાહ કરતે થે જો ગોશા નશીન
(૪૩) ફીર જનાબ સૈયદ યાસીન આલી જાહ હય
જો મહેરે મારેફત કે બુર્જ કે એક માહ હય
(૪૪) ફીર હૈ સૈયદ શાહ નુરૂલ્લાહ હકીકત આશના
જીનકી હર એક સાંસ મેં તૌહીદ હૈ જલ્વાનુમાં
(૪૫) બાદ હય સૈયદ મોહંમદ આરીફ ઝી જાહ હય
યાની જો મશહુર દુનિયામેં ગરીબુલ્લાહ હય
(૪૬) બાદ હય સૈયદ બડાસાહબમિયાં અહેલે તરીક
બેકસીમેં, બેબસી મેં હય મુરીદોં કે રફીક
(૪૭) બાદ હય સૈયદ હુસૈન કાદરી બા ઈઝઝ વ જાહ
આલમે ઈસ્લામ હય જીનકી વિલાયત કા ગવાહ
(૪૮) બાદ ઈનકે સૈયદ મહેમુદ હય બાલા નશીન
પાયે હય ઉન્સે ખિલાફત શાહે ઝૈનુલ આબેદીન
(૪૯) જીનકો ચાહતસે કહા કરતે થે સબ ઝેનુમિયાં
જો રહા કરતે થે સારે ખાદીમોં પર મેહરબાં
(૫૦) દી ખિલાફત આપને ફરઝંદ શમ્સુદ્દિન કો
ચુન લીયા ખુદાને ઈન્હે ખુદ્દામ કી તલકીન કો
(૫૧) આપને બખ્શી ખિલાફત અપને નૂરે ઐન કો
સૈયદ દાદામિયાં કેહતે હય દિલ કે ચૈન કો

**ખાનદાને કાદરી મેં ફખ્ર જો બેયઅત હુવા**
**ગૌસુલ આઝમ બખ્શવાયેંગે ઉસે રોઝે જઝા**

# શજરએ મુબારક આલીયા ચિશ્તીયાહ હૂદી

બિસ્મિલ્લાહ હિર્રહ્મા નિર્રહીમ

**અલહમ્દો લિલ્લાહે રબ્બીલ આલમીન, વસ્સલાતો વસ્સલામો અલા રસુલેહી વ અલા આલેહી વ અસ્હાબેહી વ અહેલે બયતેહી અજમઈન બે રહમતેકા યા હમર રાહેમીન.**

**હાઝા સીલ સલતી મીમ મશાયખી ફીત્ત તરીકતીલ ચિશ્તીયાહ રિદવાનુલ્લાહે તઆલા અયલહીમ અજમઈન. અલ્લાહુમ્મા સલ્લે અલા સૈય્યદેના મોહમ્મદીંવ વ અલા આલે સૈય્યદેના મોહમ્મદીંવ વ બારીક વસ્લીમ.**

(૧) ઈલાહી બે હુરમતે સૈયદીલ કૌનેન, રસુલુસ સકલૈન, મોહમ્મદનીલ મુસ્તફા સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ.
(વિસાલ ૧૨, રબીઉલ અવ્વલ મદીનાએ મુનવ્વરા)

(૨) ઈલાહી બે હુરમતે ઈમામુલ મશારીક વ મગારીબ અલી ઈબ્ને અબી તાલીબ કરમલ્લાહો વજહુલ કરીમ.
(શહાદત ૨૧, રમઝાન નઝફ અશરફ)

(૩) ઈલાહી બે હુરમતે ખ્વાજા હસન બસરી રદિયલ્લાહો અન્હો.
(વિસાલ ૧૭, મોહર્રમ બસરા)

(૪) ઈલાહી બે હુરમતે ખ્વાજા અબ્દુલવાહિદ બીન ઝૈદ રદિયલ્લાહો અન્હો.
(વિસાલ ૨૭, સફર બગદાદ શરીફ)

(૫) ઈલાહી બે હુરમતે ખ્વાજા ફુઝૈલ બીન અયાઝ રદિયલ્લાહો અન્હો.
(વિસાલ ૩, રબીઉલ અવ્વલ મક્કાએ મુઅઝઝમા)

(૬) ઈલાહી બે હુરમતે ખ્વાજા સુલતાન ઈબ્રાહીમ અદહમ બલ્ખી રદિયલ્લાહો અન્હો.
(વિસાલ ૨૧, જમાદીઉલ આખર મુલ્કે શામ)

(૭) ઈલાહી બે હુરમતે ખ્વાજા બદરૂદ્દિન હુઝૈફા મરઅશી રદિયલ્લાહો અન્હો. (વિસાલ ૭, સવ્વાલ મુલ્કે શામ)

(૮) ઈલાહી બે હુરમતે ખ્વાજા અમીનુદ્દિન હુબેરીઉલ બસરી રદિયલ્લાહો અન્હો. (વિસાલ ૧૭, સવ્વાલ મુલ્કે શામ)

(૯) ઈલાહી બે હુરમતે ખ્વાજા મમશાદ અલવી દય નુરી રદિયલ્લાહો અન્હો. (વિસાલ ૧૪, મોહર્રમ બગદાદ શરીફ)

(૧૦) ઈલાહી બે હુરમતે ખ્વાજા અબુ ઈસ્હાક શામી ચિશ્તી રદિયલ્લાહો અન્હો. (વિસાલ ૧૪, રબીઉલ આખર મુલ્કે શામ)

(૧૧) ઈલાહી બે હુરમતે ખ્વાજા અબુ અહેમદ અબ્દાલ ચિશ્તી રદિયલ્લાહો અન્હો.
(વિસાલ ૧૭, જમાદીઉલ આખર ચિશ્ત શરીફ)

(૧૨) ઈલાહી બે હુરમતે ખ્વાજા અબુ મોહમ્મદ બીન અહમદ ચિશ્તી રદિયલ્લાહો અન્હો. (વિસાલ ૪, રબીઉલ આખર ચિશ્ત શરીફ)

(૧૩) ઈલાહી બે હુરમતે ખ્વાજા નાસીરૂદ્દિન અબુ યુસુફ ચિશ્તી રદિયલ્લાહો અન્હો. (વિસાલ ૩, રજ્જબ ચિશ્ત શરીફ)

(૧૪) ઈલાહી બે હુરમતે ખ્વાજા અબુલ બરકાત સીરાજુલ હિંદ શેરેસાની મુબલ્લીગે આઝમ સૈયદ સુલતાન હાજી હૂદ બીન અવ્વાના રદિયલ્લાહો અન્હો.
(વિસાલ ૧૫, રજ્જબ હી. ૫૩૬, પીરાન પટ્ટન શરીફ)

**વ સલ્લલ્લાહો તઆલા અલા ખયરે ખલકેહી**
**વ નુરે અરશેહી અલા આલેહી વ અસ્હાબે અજમઈન**
**બે રહમતેકા યા અર હમર રાહેમીન.**

# સલામી

અજમેર શરીફમાં હઝરત ખ્વાજાએ આઝમના નૂરાની રોઝામાં મગરીબથી લગભગ ૧૫-૨૦ મિનિટ પહેલા રૌશનીની પુરાની રસમ એદા કરવામાં આવે છે. વીજળીના દીવા બંધ કરી દેવામાં આવે છે અને મીણબત્તીઓને સળગાવી રૌશની કરાય છે. ત્યારે ફારસી ભાષામાં જે અશ્આર સલામી રૂપે પઢાય છે, તે ગુજરાતી અર્થ સાથે નીચે રજૂ કર્યા છે.

(૧) **ખ્વાજાએ ખ્વાજગાં મોઈનુદ્દીન**
**અશરફે ઓલીયા રૂએ ઝમીન**

(અર્થ : મોઈનુદ્દીન તો ખ્વાજાઓના ખ્વાજા છે અને સમગ્ર ધરતી પર આપ ઔલીયાઓમાં શ્રેષ્ઠ છે.)

(૨) **આફતાબે સિપહરે કૌનો મકાં**
**બાદશાહે સરીરે મુલ્કે યકીં**

(અર્થ : આપ સમગ્ર સૃષ્ટિમાં સૂર્ય જેવા છો અને યકીન (વિશ્વાસ)ના જગતમાં બાદશાહ છો.)

(૩) **દર જમાલો કમાલ ઉંચે સુખન**
**ઈ મુબય્યન બુવદ બ હીસ્ને હસીં**

(અર્થ : આપના જમાલ (રૂપે) અને કમાલના સંપૂર્ણ ગુણની તારીફ કરવા કોણ લાયકાત ધરાવે છે.આપનો જમાલ અને કમાલ એક મજબૂત કિલ્લા જેવો છે.

(૪) **મત્લએ દર સિફાતે ઉ ગુફતમ**
**દર ઈબારત બુવદ ચું દરે સમીં**

(અર્થ : આપના વખાણમાં એક પંક્તિ મેં અરજ કરી છે. જે એબારત (વખાણ)ના લેહાજથી અમૂલ્ય મોતીનું દૃષ્ટાંત છે.)

(૫) એ દરસ્ત કિબ્લાગાહે અહેલે યકીં
બર દસ્ત મહરો માહ સુદા જબીં

(અર્થ : આ એક એવો આસ્તાનો છે જે અહેલે યકીન (શ્રદ્ધાળુઓ) માટે એક કીબ્લા છે. આપના રોઝા પર સૂર્ય અને ચંદ્ર પોતાની પેશાની રગળે છે.)

(૬) રૂએ બર દગર ગહત હમીં સાયન્દ
સદ હજારાં મલીક ચુ ખુરરૂવે ચીં

(અર્થ : ચીન જેવા મહાન મુલ્કના રૂસરૂ જેવા લાખો બાદશાહ આપના રોઝા પર પોતાના ચહેરા ઘસે છે.)

(૭) ખાદીમાને દસ્ત હમા રીઝવાન
દર સફા રોઝઅત ચું ખુલ્દે બરીં

(અર્થ : આપના દરબારમાંના તમામ ખાદીમો રીઝવાન છે અને સફામાં આપનો રોઝો મુબારક ખુલ્દે બરી જેવો છે.)

(૮) ઝર્રએ ખાકે ઉ અબીરો સરીશ્ત
કત્રએ આલે ઉ ચુ માહે મુઇં

(અર્થ : આપના રોઝા મુબારકનું રજકણ પણ અંબર યુક્ત છે અને આપના દરના પાણીના દરેક બુંદ માએ મુંઈ જેવા છે.)

(૯) ઈલાહી તા બુવદ ખુરશીદો માહી
ચિરાગે ચિશ્તીયા રા રૌશનાઈ

(અર્થ : હે અલ્લાહ ! જ્યાં સુધી ચાંદ અને સૂરજ રૌશની આપતા રહે ત્યાં સુધી ચિશ્તીયા ચિરાગને પણ તું રૌશન (પ્રકાશિત) રાખ. આમીન.

# હસની, હુસૈની, કાદરી ઔર ચિશ્તી વ રિફાઈ
# પઢ્હો યે ગ્યારહ નામ, મિલે ગમસે રિહાઈ

(યે પાંચો ગ્યારહ નામ મુબારક પઢ્હને સે અવ્વલ વ આખિર તીન મરતબા દુરૂદ શરીફ પઢ્હે.)

નોટ : ઈન મુબારક નામોં કે પીછે રદિયલ્લાહો તઆલા અન્હુ ઝરૂર પઢ્હેં.


**અલ્લાહુમ્મા સલ્લિ અલા સય્યિદિના મુહમ્મદિંવ વ અલા આલિ સય્યિદિના મુહમ્મદિંવ વ બારિક વ સલ્લિમ**

## ગ્યારહ નામ મુબારક હઝરત ઈમામ હસન મુજતબા રદિયલ્લાહુ તઆલા અન્હુ

શહાદત : ૨૮ સફર, મઝાર, જન્નતુલ બકીઅ (મદીના શરીફ)

૧. યા સૈયદના શહીદે અબરાર કર્મલ્લાહ
૨. યા હસન શહીદે અબરાર કુરબતુલ્લાહ
૩. યા શેરે નબી શહીદે અબરાર સબરુલ્લાહ
૪. યા શમ્એ અલી શહીદે અબરાર હક્કુલ્લાહ
૫. યા રેહબરે શહીદે અબરાર ઝિકરુલ્લાહ
૬. યા હાદી શહીદે અબરાર ઈઝઝતુલ્લાહ
૭. યા મોહિબ્બે શહીદે અબરાર ખયરુલ્લાહ
૮. યા રેહનુમા શહીદે અબરાર બરકતુલ્લાહ
૯. યા હામીએ શહીદે અબરાર હિમાયતુલ્લાહ
૧૦. યા આકા શહીદે અબરાર કિફાયતુલ્લાહ
૧૧. યા સરતાજ શહીદે અબરાર ફતહુલ્લાહ

યા અમીરુલ મોમેનીન, હઝરત હસન
યા શાહે અબરાર જાને પંજતન
શાને ઈસમાઈલ તુમ, જાને બતૂલ
તુમ કુરૈશી, હાશમી, ઈબને રસૂલ.




# ગ્યારહ નામ મુબારક શહીદે આ'ઝમ ઈમામ હુસૈન રદિયલ્લાહુ તઆલા અન્હુ

શહાદત : ૧૦ મોહર્રમ, મઝાર : કરબલા શરીફ (ઈરાક)

૧. યા સૈયદના શહીદે મોઅઝઝમ રહમતુલ્લાહ
૨. યા હુસૈન શહીદે મોઅઝઝમ સિબ્તે રસૂલુલ્લાહ
૩. યા શબ્બીર શહીદે મોહઝઝમ સૈફુલ્લાહ
૪. યા શાહ શહીદે મોઅઝઝમ હિદાયતુલ્લાહ
૫. યા અમીન શહીદે મોઅઝઝમ ફકીહુલ્લાહ
૬. યા મેહબૂબે શહીદે મોઅઝઝમ ઈનાયતુલ્લાહ
૭. યા નૂર શહીદે મોઅઝઝમ કરીમુલ્લાહ
૮. યા સિદ્દીક શહીદે મોઅઝઝમ રહીમુલ્લાહ
૯. યા સખી શહીદે મોઅઝઝમ સલવાતુલ્લાહ
૧૦. યા સરવર શહીદે મોઅઝઝમ નૂરુલ્લાહ
૧૧. યા અમીર શહીદે મોઅઝઝમ ઝબીહુલ્લાહ

શાહ અસ્ત હુસૈન, બાદશાહ અસ્ત હુસૈન
દીન અસ્ત હુસૈન, દીં પનાહ અસ્ત હુસૈન
સર દાદ ન દાદ દર દસ્તે યઝીદ
હક્કા કે બિનાએ લાઈલાહા અસ્ત હુસૈન



# ગ્યારહ નામ મુબારક હઝરત ગૌસુલ આ'ઝમ પીરાનેપીર દસ્તગીર રદિયલ્લાહુ તઆલા અન્હુ

(વિસાલ : ૧૧ રબીઉસ સાની, મઝાર : બગદાદ શરીફ (ઈરાક)

૧. યા સૈયદ મોહિયુદ્દીન અમરુલ્લાહ
૨. યા શયખ મોહિયુદ્દીન ફદલુલ્લાહ
૩. યા ઔલિયા મોહિયુદ્દીન અમાનુલ્લાહ
૪. યા મિસ્કીન મોહિયુદ્દીન નૂરુલ્લાહ
૫. યા ગૌસ મોહિયુદ્દીન કુત્બુલ્લાહ
૬. યા સુલતાન મોહિયુદ્દીન સૈફુલ્લાહ
૭. યા ખ્વાજા મોહિયુદ્દીન ફરમાનુલ્લાહ
૮. યા મખ્દૂમ મોહિયુદ્દીન બુરહાનુલ્લાહ
૯. યા દુરવેશ મોહિયુદ્દીન આયતુલ્લાહ
૧૦. યા બાદશાહ મોહિયુદ્દીન ગૌસુલ્લાહ
૧૧. યા ફકીર મોહિયુદ્દીન મુશાહિદુલ્લાહ

ગૌસે આ'ઝમ બમને બે સરો સામાં મદદે
ક્બિલએ દીં મદદે, કા'બએ ઈમાં મદદે.




## ગ્યારહ નામ મુબારક હઝરત ખ્વાજા ગરીબ નવાઝ મોઈનુદ્દીન ચિશ્તી રદિયલ્લાહુ તઆલા અન્હુ

વિસાલ : ૬ રજજબ, મઝાર : અજમેર શરીફ (ભારત)

૧. યા ખ્વાજા મોઈનુદ્દીન અતાએ રસૂલુલ્લાહ
૨. યા હસન મોઈનુદ્દીન મુહિબ્બે રસૂલુલ્લાહ
૩. યા હિન્દલવલી મોઈનુદ્દીન તાલિબે રસૂલુલ્લાહ
૪. યા ઉસમાની મોઈનુદ્દીન મેહબૂબે રસૂલુલ્લાહ
૫. યા હારૂની મોઈનુદ્દીન સિબ્તે રસૂલુલ્લાહ
૬. યા સંજરી મોઈનુદ્દીન આશિકે રસૂલુલ્લાહ
૭. યા ઓલિયા મોઈનુદ્દીન ફનાફિર રસૂલિલ્લાહ
૮. યા કામિલ મોઈનુદ્દીન ફનાફિલ્લાહ
૯. યા મૌલા મોઈનુદ્દીન વલીયુલ્લાહ
૧૦. યા ગરીબનવાઝ મોઈનુદ્દીન સખીયુલ્લાહ
૧૧. યા સખી મોઈનુદ્દીન બરકતુલ્લાહ

બ ગરદાબે બલા ઉફ્તાદા કશ્તી
ઝઈફ઼ાં વ શિકસ્તાં રા તૂ પુશ્તી
બહક્કે ખ્વાજએ ઉસમાન હારૂન
મદદ કુન યા મોઈનુદ્દીન ચિશ્તી



# ગ્યારહ નામ મુબારક હઝરત સૈયદ અહમદ કબીર રિફાઇ રદિયલ્લાહુ તઆલા અન્હુ

વિસાલ : ૨૨ જમાદીઉલ અવ્વલ, મઝાર : ઉમ્મે ઉબૈદા શરીફ (ઈરાક)

૧. યા સૈયદ અહમદ કબીર મહબૂબુલ્લાહ
૨. યા મૂસવી અહમદ કબીર ફનાફિલ્લાહ
૩. યા આરિફ અહમદ કબીર જલાલુલ્લાહ
૪. યા તકી અહમદ કબીર મા'શૂકુલ્લાહ
૫. યા કન્ઝે મા'રિફતી અહમદ કબીર વલીયુલ્લાહ
૬. યા હાજી અહમદ કબીર કુદરતુલ્લાહ
૭. યા કુત્બુલ હુદા અહમદ કબીર ઝાકિરુલ્લાહ
૮. યા મોમિન અહમદ કબીર ફયઝુલ્લાહ
૯. યા નૂરે જમાલી અહમદ કબીર ઈનાયતુલ્લાહ
૧૦. યા રિફાઇ અહમદ કબીર અબ્દુલ્લાહ
૧૧. યા અબુલ અબ્બાસ અહમદ કબીર અન્વારુલ્લાહ

શાહે મન સુલતાને આલમ
સૈયદે અહમદ કબીર
ખાતિરે મન જમ્આ કુન
યા ગૌસુલ આ'ઝમ દસ્તગીર



# ઈસ્મે આઝમ

## અલ્લાહ જલ્લે જલાલહુ



## અલ્લાહ ત્આલાના મુબારક નામો દ્વારા બીમારીના ઈલાજો

### બીમારી અને મુફલિસી (ગરીબાઈ) દૂર કરવા

(૧) **યા લતીફો :** જે માણસ મુફલિસ અને બેકાર હોય અથવા બીમાર હોય તે આ મુબારક નામને બે રકાત તહીયતુલ વૂઝૂ પઢે. ત્રણસો વાર ૨૧ દિવસ સુધી પઢે. એ મુદ્દત પછી મુરાદ પૂરી થશે. (ઈન્શાઅલ્લાહ)

(૨) **બીમારી દૂર કરવા ૧૦ વખત શરબત અથવા દવા પર દમ કરી પાવું. 'યા માજિદો.'**

આ નામને દસ વાર શરબત અથવા દવા પર પઢી માંદાને પીવડાવવું. સાત દિવસમાં માંદો ખુદાના ફઝલથી તંદુરસ્ત થઈ જશે.

(૩) **બીમારી દૂર કરવા ૧૦૦ વખત પાણી પર દમ કરી પીવાનું 'યા ઝલ જલાલિ વલ ઈકરામ'** જે માણસ આ નામને સો વાર પાણી પર દમ કરી માંદા માણસને પીવડાવશે બે ત્રણ દિવસમાં તંદુરસ્તી પ્રાપ્ત થશે.

(૪) **બીમારી દૂર કરવા નેવું (૯૦) વખત દરરોજ પઢવાનું 'યા કબીરો.'** જો બીમાર એ નામને દરરોજ ૯૦ વાર પઢશે તો ઘણો જલ્દી તંદુરસ્ત થઈ જશે.

(૫) **બીમારી દૂર કરવા ' યા રહમાનો'.**

સવારની સુન્નત અને ફર્ઝ નમાઝ દરમ્યાન માણસ વારંવાર યા અલ્લાહો યા રહમાનો કોઈ બીમારના મથાળે ઉભો રહી પઢશે તો તે કેવોય માંદો હશે પણ તંદુરસ્ત થઈ જશે ને જો મૌત તકદીરમાં હશે તો ખાતમો ખૈર થશે મુશ્કેલી આસાન થશે. આ અમલ મુજર્રબ (અનુભવ સિધ્ધ) છે.

(૬) **'યા સલામો'** જો કોઈ માણસ ત્રણ હજાર વાર **બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ યા સલામો** ત્રણ દિવસ સુધી કોઈ બીમાર માટે ખતમ પઢશે. જલ્દીથી તંદુરસ્ત થશે. અથવા જલ્દીથી ઘણી જ આસાની સાથે બીમારીનો ખાતમો ખૈર સાથે થશે.

(૭) **'યા હાફીઝો'** જો માંદા પર સાત દિવસ સુધી એક હઝાર વાર એ નામ પઢી દમ કરવામાં આવે, ઈન્શાઅલ્લાહ માંદો ઘણી જલ્દી તંદુરસ્ત થઈ જશે.

(૮) **'યા હય્યો'** જે બીમાર માણસ એ નામને વધુ પઢશે તે જલ્દી શિફા મેળવશે. જો કોઈ બીજો માણસ માંદા ઉપર પઢે ત્યારે માંદાની આંખોની સામે આંખો કરી પઢે.

(૯) **'યા હય્યો'** દરેક બીમારી માટે નીચેનું તાવીજ અનુભવ સિધ્ધ છે. આ ઈબારતને ચીનીની રકાબી પર જાફરાનથી લખી બીમારને ૪૦ દિવસ પીવડાવવાથી જરૂર તંદુરસ્ત થશે. ઈન્શાઅલ્લાહ **યા હય્યો હીના લા હય્ય ફી દયમૂમતિ મુલકિહી વ બકાઈહી યા હય્યો યા હય્યો યા હય્યો.**

(૧૦) **બીમારીના કારણે શરીરના અવયવ નકામાં થતા અટકાવવા સવાર સાંજ ૭ વખત 'યા મુહયી'.**

(૧૧) **બીમારીની કમજોરી દૂર કરવા તેલ માલીશ માટે 'યા જબ્બારો'** જે બચ્ચું કે કોઈ બીમાર માણસ ઘણો જ પાતળો દુબળો થઈ ગયો હોય તો થોડુંક સરસીયાનું તેલ લઈ ૧૧૦૦ વાર **'યા જબ્બારો'** પઢી તે તેલ પર દમ કરે અને સાત દિવસ સુધી દરરોજ બીમારના શરીર પર માલીશ કરવામાં આવે. ઈન્શાઅલ્લાહ શક્તિ અને બળ જલ્દીથી પાછા આવી જશે ને કમજોરી અને દુર્બળતા મટી જશે.

(૧૨) **બીમારીની નિર્બળતા દૂર કરવા ૧૦૦ વખત દરરોજ 'યા કાદિરો'** જે માણસ માંદગીના કારણે નિર્બળ થઈ ગયો હોય તે આ મુબારક નામને ૧૦૦ વાર દરરોજ પઢે ઈન્શાઅલ્લાહ તેમાં તંદુરસ્તી અને શક્તિ પૈદા થશે અને માંદગી દિન પ્રતિદિન ઓછી થતી જશે.

(૧૩) **બે શુધ્ધિ દૂર કરવા ૧૦૧ વખત પઢવાનું**

**'યા શાહિદો'** જો કોઈ બીમારીના કારણે બેશુદ્ધ થઈ ગયો હોય તો બીમારના મથાળે ૧૦૧ વાર આ મુબારક નામને પઢવું. એવો વિચાર કરીને કે એ માંદાનો ઈલાજ કરવા અલ્લાહ તઆલા પોતે અહીં મોજૂદ છે. તુર્તજ માંદો શુધ્ધિમાં આવશે.

(૧૪) **'યા સલામો'** જો કોઈ બીમાર બે શુધ્ધ થઈ ગયો હોય તો તેના મથાળે બેસી ૩૦૦ વાર **'યા રહમાનો યા સલામો'** પઢવામાં આવે તો પઢતાં જ ઈન્શાઅલ્લાહ ઘણી જલ્દી બે શુધ્ધ માણસ શુધ્ધિમાં આવી જશે.

(૧૫) **સોજો અને દુખાવો દૂર કરવા 'યા અલીયો'**

જે કોઈ જગ્યાએ દુખાવો થતો હોય ને સોજો પણ આવી ગયો તો આ નામને ત્રણસો વાર પઢી સોજાની જગ્યાએ ફૂંકે ઈન્શાઅલ્લાહ સોજો તુર્ત મટી જશે.

(૧૬) **પેટનો દુખાવો દૂર કરવા 'યા અઝીમો'**

કોઈના પેટમાં દર્દ થતું હોય તો સાત વાર **'યા અઝીમો'** કાગળ પર લખી પાણીમાં ઘોળી પીવડાવવામાં આવે તો અલ્લાહ તઆલાના ફઝલથી તુર્ત આરામ થશે.

(૧૭) **પાંસળીનો દુખાવો દૂર કરવા 'યા મજીદો'**

જે માણસની પાંસળીમાં દર્દ હોય એક હજાર વાર આ નામને પઢી રૂ પર દમ કરી દર્દની જગ્યાએ બાંધે અલ્લાહ તઆલાના ફઝલથી તુર્ત દર્દ મટી જશે.

(૧૮) **માથાનો દુખાવો દૂર કરવા 'યા જબ્બારો'**

જેનું માથું દુખતું હોય તેના માથા પર સાત વાર **'યા જબ્બારો'** આંગળી વડે લખવામાં આવે. ફરી ત્રણ વાર માથું પકડી **'યા જબ્બારો યા સલામો'** સાત સાત વાર પઢીને દમ કરે ઈન્શાઅલ્લાહ કેવુંય દર્દ હશે મટી જશે. જો અર્ધા માથાનું દર્દ (આધાશીશી) હોય તો સૂર્ય ઉગતા પહેલા એ અમલ કરે. ઘણી જ જલ્દીથી શિફા પ્રાપ્ત થશે.

(૧૯) **'યા મુજીબો'** જો કોઈના માથામાં દુખાવો હોય તો જમણા હાથથી માથું પકડીને ત્રણ વાર આ નામ પઢી દમ કરે. ફરી બીજી વખતે પાંચ વાર, ત્રીજી વખત સાત વાર ચોથી વખત નવ વાર અને પાંચમી વખત અગિયાર વાર દમ કરશે તો માથાનું દર્દ તદ્દન મટી જશે.

(૨૦) **છાતી અને માથાનો દુખાવો દૂર કરવા 'યા મુહયી'**

જો કોઈ માણસના માથામાં કે છાતીમાં દર્દ હોય તો ૧૨૦ વાર આ મુબારક નામને સવાર સાંજ પઢીને દમ કરે ઈન્શાઅલ્લાહ ઘણી જ જલ્દી દર્દ દૂર થઈ જશે.

(૨૧) **કાનનું દર્દ દૂર કરવા અને આખી ઉંમર બેહોશીથી બચવા 'યા સમીઓ'** જે માણસના કાનમાં દર્દ થતું હોય અથવા કોઈ ફોલ્લી થઈ જાય જેથી સખ્ત દુખાવો થતો હોય તો એક હજાર વાર **'યા સમીઓ'** પઢી અને રૂ ઉપર દમ કરી કાનમાં રાખી લે. સાત દિવસ સુધી આ અમલ કરે ઈન્શાઅલ્લાહ

તઆલા કાનની ઈજા જતી રહેશે. આ અમલનો ખાસ વખત નથી જે વખત બને ત્યારે પઢી લે.

(૨૨) **આખી ઉંમરના અંધાપાથી બચવા 'યા સલામો'**

સવારની નમાઝ પછી દરરોજ **'યા સલામો'** એક હજાર વાર પઢશે તો મરતા સુધી આંધળો કે લાચાર બનશે નહીં.

(૨૩) **દુખતી આંખો માટે 'યા રહમાનો'**

જે ખરે બપોરે જેને ઝવાલનો વખત કહેવામાં આવે છે. વુઝૂ સાથે ૪૦ વાર **'યા રહમાનો'** પઢે અને પાણી પર દમ કરી જેની આંખો દુખવા આવી હોય તેની આંખોમાં સળીથી પાણીમાં ભીંજવી લગાડશે તો તેની આંખો ઈન્શાઅલ્લાહ સારી થઈ જશે અને એક વર્ષ સુધી કદી આંખો દુખવા આવશે નહીં. સાત વાર સળી ભીંજાવવી રોજ ત્રણ દિવસ સુધી લગાડવી જોઈએ.

(૨૪) **આંખમાંથી પાણી ઉતરતું બંધ કરવા 'યા બસીરો'**

જે માણસની આંખોમાં પાણી ઉતરવું શરૂ થયું હોય તેને ભવિષ્યમાં મામલો ભયંકર થશે એમ જણાય તો તે માણસે ૧૧૦૦ વાર **'યા બસીરો'** ને દરરોજ પઢે પહેલા અને છેલ્લા ત્રણ વાર આ દુરૂદ શરીફ પઢે. **અલ્લાહુમ્મા સલ્લિ અલા સય્યિદિસ સાજિદીના સય્યિદિર રાકિઈના સય્યિદિલ કામિલીના વ અલા આલિહી વ અસ્હાબિહી અજમઈન.** અલ્લાહ તઆલાના ફઝલથી થોડા જ દિવસોમાં આંખોમાંથી પાણી ઉતરવું બંધ થઈ જશે. ને તદુરસ્તી પ્રાપ્ત થશે. આવા માણસને જોઈએ કે તે આ અમલ હંમેશા કરતો રહે.

(૨૫) **આંખની લાલી દૂર કરવા**

**'યા અલીયો'** જો કોઈની આંખો દુખવા આવી હોય ને કેમ કરી આંખની રતાશ જતી ન હોય તો સાત વાર **'યા અલીયો'** પઢી પાણી ઉપર દમ કરી એ પાણીને સળીથી આંખોમાં લગાડે ત્રણ દિવસમાં ઈન્શાઅલ્લાહ આંખની રતાશ જતી રહેશે.

(૨૬) **આંખની રોશની માટે**

**'યા શકૂરો'** જે માણસની આંખોથી બરાબર દેખાતું ન હોય તો ૪૧ વાર આ નામને પઢી પાણી પર દમ કરી તે આંખમાં લગાડશે અને બાકી પીશે તો સાત જ દિવસમાં ઈન્શાઅલ્લાહ તઆલા તંદુરસ્તી પ્રાપ્ત કરશે.

(૨૭) **'યા ઝાહિરો'** જો કોઈ ઈચ્છે કે મારી આંખોનું તેજ ઓછુ ન થાય અથવા ઓછુ થઇ ગયુ હોય તો વધુ થઈ જાય તો તે માણસ ૨૧ દિવસ સુધી ઈશરાકની નમાઝ પછી પાંચસો વાર આ નામને પઢે તો હક તઆલા તેની આંખો રૌશન કરશે.

(૨૮) તાવ અને માથાનો દુખાવો દૂર કરવા **'યા ગફુરો'**

જે કોઈને તાવ આવતો હોય, માથામાં દર્દ હોય તે માણસ **'યા ગફુરો'** એક કાગળના ટુકડા પર લખી તે કાગળ રોટલીના કકડા પર સમાવી દઈને તે કકડાને ખાય ઈન્શાઅલ્લાહ તાવ જતો રહેશે અને માથાનું દર્દ મટી જશે.

(૨૯) **મસા અને નાસુર દૂર કરવા**

**'યા કુદદૂસો'** જે માણસ **'યા મલિકુલ કુદદૂસો'** સવાર અને મગરિબની નમાઝ પછી ૧૧, ૧૧ વાર પઢશે ઈન્શાઅલ્લાહ કદિયે બવાસિર, નાસુર, વિગેરે રોગનો ભોગ ન થશે. તેને કદિયે ગુપ્ત ભાગ કે શર્મ કે પડદાની જગ્યામાં કોઈ જખમ અથવા બીમારી થશે નહીં અને કદી તેને કોઈ શર્મ કે પડદાની જગ્યા પારકાને દેખાડવાની જરૂર પડશે નહી. આ અનુભવ સિધ્ધ અમલ છે.

(૩૦) **મસા અને નાસુર દૂર કરવા**

**'યા અલીચો'** જે માણસને ખૂની મસાની બીમારી હોય તે એક હજાર વાર **'યા અલીચો'** પઢી પાણી ઉપર દમ કરી પીએ સાત દિવસમાં લોહી બંધ થશે. મસા ઈન્શાઅલ્લાહ જતા રહેશે.

(૩૧) **રક્તપિત અને ખૂની મસા અને નાસૂર માટે**

**"યા માજીદો"** જે માણસ રક્તપિત અથવા ખૂની મસા અથવા બીજા કોઇ પ્રકારના નાપાક જખ્મ હોય તે ૧૩મી તારીખથી ૧૫મી સુધી રોઝા રાખે અને ઈફતાર વેળા સાત હજાર વાર એ પાક નામને પઢે ફરી પાણી પર દમ કરે. તે પાણી પીએ અને હાથ ઉઠાવી સાત વાર આ દુઆ પઢે.

**અલ્લાહુમ્મા ઇન્ની અઊઝુ બિકા મિનલ બહરિ વલ જુઝામિ વ મિન સય્યિલ અસકામ.**

ઈન્શાઅલ્લાહ ત્રણ દિવસમાં સંપૂર્ણ શિફા નસીબ થશે.

(૩૨) **ફોલ્લા ફોલ્લી અને જખ્મ (ઘા) મટાડવા**

**"યા રકીબો"** જે કોઇ માણસને ફોલ્લા ફોલ્લી અથવા નાસૂર થઇ ગયો હોય અને કોઇ રીતે સારો ન થતો હોય તો સાત દિવસ સુધી દરરોજ સો

વાર **"યા રકીબો"** પઢી તે જખ્મ પર દમ કરે તો અલ્લાહ તઆલાના ફઝલથી એ મુદ્દત દરમિયાન જખ્મ તદ્દન સારો થઈ જશે.

**મસા અને ડાયાબિટીસ, બલ્ડ પ્રેશરથી બચવા માટે**

**યા માલિકો યા કુદ્દૂસો** આ બીમારીથી બચવા માટે દરરોજ સવારની નમાઝ પછી ૩૩ વખત અને નમાઝે મગરિબ પછી ૩૩ વખત પઢવું ખૂબ જ ફાયદા કરક છે. જે શખ્સ નિયમિત આનો વિર્દ ચાલુ રાખે તે ઈન્શાઅલ્લાહ આ દર્દમાં સપડાશે નહી.

**દરેક પ્રકારની શરીરની બીમારીઓ માટે**

(૧) **દરેક નમાઝ પછી ૧૧૧ વાર "યા સલામો"**

(૨) **સવારની સુન્નત અને ફર્ઝ વચ્ચે ૪૧ વખત "સૂરએ ફાતિહા" અને દરેક નમાઝ પછી સાત વખત "સૂરએ ફાતિહા" પઢે.**

(૩) **આખા દિવસમાં બે વખત એટલે ફજરની અને અસરની નમાઝ પછી સો વખત બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ પઢે.**

તમામ વઝીફાના પહેલા અને છેવટમાં ત્રણ ત્રણ વાર દુરૂદ શરીફ પઢે.

**આખા શરીરમા જયાં પણ દર્દ હોય**

**વ બિલ્હક્કિ અન્ઝલ્નાહુ વ બિલ્હક્કિ નઝલ ૪૧ વખત પઢીને દમ કરે અથવા હાથ પર દમ કરીને ફેરવે આગળ પાછળ ૩ વખત દુરૂદે પાક પઢે.**

**યા અર-હમર રાહિમીન** આ નામને સજદામાં ઈશાની નમાઝ પછી ૧૦૦ વખત પઢવું અસાધ્ય રોગની દવા છે. તથા ભારેમાં ભારે મુશીબતથી નજાત મેળવવાનુ સાધન છે.

કોઈ મુસલમાનોએ આ દૌલતથી વંચિત ન રહેવું જોઈએ.

**લકવા માટે યા મુહમ્મદા** લકવો જે તરફથી ચાલુ થાય એ તરફના હાથ કે પગને સાત વખત ઝાટકા મારવા અને **'યા મુહમ્મદા'** બુલંદ અવાજે પઢવું

**આંખની રોશની માટે**

આગળ પાછળ ૧૧ વખત દુરૂદ શરીફ પઢવું **યા નૂરો, યા શકૂરો, યા બસીરો,** એકવીસ (૨૧) વાર પઢી પાણી પર દમ કરી પાણી આંખે લગાડવુ અને બાકીનું પાણી પી જવું.

**કાન, નાક, ગળું, પેટ અને વાના દર્દ માટે** (૧) **"યા ગનીયો," "યા અલ્લાહ"** ફજરની નમાઝ પછી તલના તેલમાં દમ કરીને તે તેલ દર્દ પર અથવા વા પર માલિસ કરવું.

**મગજ બરાબર કામ કરતુ ન હોય ત્યારે "યા બર્રો"** ૧૦૦ વખત પઢવું

**તંદુરસ્તી માટે** (૧) **"યા હય્યો, યા કય્યુમો"** ફજરની નમાઝ પછી ૫૦૦ (પાંચસો) વખત પઢવું.

(૨) **બિસમિલ્લાહ હિર્રહમા નિર્રહીમ** ૭૮૬ વખત ફજરની સુન્નત અને ફર્ઝ વચ્ચે પઢવી તથા **યા હન્નાનો યા મન્નાનો સો વખત, ૪૧ વખત સૂરએ ફાતિહા ૨૧ વખત યા અલીમો, દસ વખત સુરએ ઇખ્લાસ** પઢે.

**સલામતી અને સુકૂન માટે "યા અલ્લાહો, યા સલામો"** દરેક નમાઝ પછી ૧૦૦ વાર અને સવારની નમાઝ પછી ૫૦૦ વાર પઢવું.

## પાણી દ્વારા ઉપાયો

(૧) માથાનું દર્દ (૨) બલ્ડ પ્રેશર (૩) લકવો (૪) બેહોશી (૫) કોલેસ્ટેરોલ (૬) કફ (૭) ખાંસી (૮) દમ (૯) ટી.બી. (૧૦) મેનન જાયટીસ (૧૧) જીગર (યકૃત)ના દર્દો (૧૨) પેશાબની બીમારીઓ (૧૩) ગેસનુ દર્દ (૧૪) મરડો (૧૫) કબજિયાત (૧૬) ડાયાબિટીસ (૧૭) બવાસીર (મસા) (૧૮) આંખના દર્દ (૧૯) હૈઝની બીમારીઓ (૨૦) સ્તનનું કેન્સર (૨૧) નાક અને ગળાની બીમારીઓ.

## પાણી પીવાની રીત

સવારે ઉઠીને મોઢું ધોયા વિના અને કોગળા કર્યા વિના ૧૨૫૦ ગ્રામ એટલે (ચાર ગ્લાસ પાણી) પાણી એક સાથે પી જાવ. હવે ૪૫ મીનીટ સુધી કાંઇપણ ન ખાવ, ન પીએ. હાં ! હવે પછી બ્રશ કરવુ કોગળા કરવામાં વાંધો નથી. આ ઉપાય શરૂ કર્યા પછી ખોરાક ખાવા બે કલાક પછી પાણી પીએ, અને રાત્રે સુવાના અડધા કલાક પહેલા કાંઇ પણ ખાય નહી.

શરૂઆતમાં ચાર ગ્લાસ પીં શકે નહી તો એક અથવા બે ગ્લાસથી શરૂ કરે અને ધીરે ધીરે વધારતો જાય. દર્દીએ તંદુરસ્ત થવા માટે અને તંદુરસ્ત રહેવા માટે આ રીતે ઉપાય અપનાવે.

| દર્દ | મટવાની મુદ્દત | દર્દ | મટવાની મુદ્દત |
|---|---|---|---|
| કબજીયાત | બે દિવસ | હાઇ બલ્ડ પ્રેશર | એક માસ |
| ગેસના દર્દો | બે દિવસ | કેન્સર | એક માસ |
| ડાયાબિટીસ | એક સપ્તાહ | ટી.બી. | એક માસ |

નોટ :- ચાર મોટા ગ્લાસ પાણી એકી સાથે પીવાથી કોઇ નુકશાન (આડ અસર) થતી નથી.

હા પેટ તૃપ્ત થઇ જશે ઇન્શાઅલ્લાહ અઝઝ વ જલ્લ આશરે પોણા કલાક પછી ભૂખ લાગશે. શરૂઆતમાં ત્રણ દિવસ સુધી શકય છે કે કેટલીક વાર પેશાબ થાય અને તેના પછી ઇન્શાઅલ્લાહ અઝઝ વ જલ્લ સામાન્ય થઇ જશે.

**ઇલાજ કરવો સુન્નત અને બીજાઓને ઉપાય બતાવવો પણ સુન્નત છે.**
(હવાલા તિબ્બે નબવી)

## માહે મોહર્રમ શરીફમાં પઢવાના અમલ

મોહર્રમુલ હરામ ઈસ્લામી હિજરી વર્ષનો પ્રથમ મહીનો છે તેની ફઝીલત ખૂબ બયાન થઇ છે. તેમાં પઢવાના કેટલાક અમલ જોઈએ.

મોહર્રમ મહીનાનો ચાંદ જોઈને જે સુરએ ફાતેહા (અલહમ્દો શરીફ) પઢશે અને સોનું જોશે તેને ચાલીસ (૪૦) હજ્જનો સવાબ મળશે.

હઝરત ખ્વાજા અબુબકર શિબ્બી (રહમતુલ્લાહ અલયહ)થી મોહર્રમ મહીનામાં પ્રથમ દશ દિવસમાં દરરોજ પઢવાની એક નિફલ નમાઝનો તરીકો નકલ થયો છે. જે આ પ્રમાણે છે. ચાર રકાત નિફલ પઢવી, દરેક રકાતમાં અલહમ્દો પછી કુલ હોવલ્લાહ પંદર વખત પઢવી, નમાઝ પઢયા બાદ તેનો સવાબ હઝરત ઈમામ હસન અને હઝરત ઈમામ હુસૈન (રદીયલ્લાહો તઆલા અન્હોમા)ની પાક રૂહને બખ્શી દે. આ નમાઝ પઢનારની શફાઅત હઝરત ઈમામ હસન અને હઝરત ઈમામ હુસૈન (રદીયલ્લાહો તઆલા અન્હોમા) કરશે. ઇન્શાઅલ્લાહ.

આશૂરાની (દશમી મોહર્રમની રાત)માં કબરમાં રૌશની થાય એ માટે બે રકાત નફિલ આ રીતે પઢવી જોઈએ. દરેક રકાતમાં અલહમ્દો પછી કુલહોવલ્લાહ ત્રણ વાર પઢે, આ નમાઝ પઢનારની કબરમાં રૌશની થાય છે.

આશૂરાની રાતમાં ચાર રકઅત નિફલ પઢે દરેક રકાતમાં અલહમ્દો પછી કુલહોવલ્લાહ પચાસ વાર પઢે, તેનો સવાબ એ છે કે, આ નમાઝ પઢનારના પાછળના પચાસ વર્ષના ગુનાહ (સગીરા) બખ્શી દેવામાં આવે છે.

(જવાહિરે ગૈબી)

મોહર્રમની દશમી તારીખે જે માણસ છ (૬) રકાત નમાઝ નિફલ અદા કરશે તેના અલ્લાહ તઆલા આગળના પાછળના પચાસ વર્ષના ગુનાહ (સગીરા) મુઆફ કરી દેશે. તે છ (૬) રકાત ત્રણ સલામથી પઢવાની છે અને દરેક રકાતમાં અલહમ્દો પઢીને સૂરએ વશશમ્સ, સૂરએ ઇન્ના અનઝલના, સૂરએ ઇઝા ઝુલઝેલતીલ-અર્દો, સૂરએ કુલ અઉઝો બે રબ્બિલ ફલક અને સૂરએ કુલ અઉઝો બે રબ્બિન્નાસ આ છ સુરતોને ક્રમવાર પઢે. નમાઝથી ફારેગ થયા પછી સિજદામાં જઈને કુલ યા અય્યોહલ કાફેરૂનની સુરત પઢે પછી જે દુઆ માંગશે તે કબૂલ થશે. (ઇન્શાઅલ્લાહ)

આશૂરા (દશમી મોહર્રમ)ના રોઝાનો સવાબ ૬૦ વર્ષની ઈબાદતનો સવાબ છે. હદીસ શરીફમાં છે કે જેણે આશુરાનો રોઝો રાખ્યો તેને દોઝખની આગ બાળી શકશે નહી. બેહતર એ છે કે, દશમીની સાથે નવમીનો રોઝો પર રાખવો જોઈએ. (ગુનીયતુત્તાલેબીન, રાહતુલ કુલુબ)

હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમે) ફરમાવ્યું કે, દશમી મોહર્રમ (આશુરા) ના દિવસે જે માણસ પોતાના ઘરમાં બાલ બચ્ચાઓ માટે ખાવા પીવામાં ઉદારતા રાખશે અને વધુ ખર્ચ કરશે તો ખુદા તઆલા તેની રોઝીમાં બરકત અતા કરશે. (ઇન્શાઅલ્લાહ) (બયહકી)

## રજ્જબુલ મુરજ્જબ (રજ્જબ)ની ખાસ ઇબાદતો

માહે રજ્જબ ઈસ્લામી હિજરી વર્ષનો સાતમો મહીનો છે. આ મુબારક મહીનાની ફઝીલત બેશુમાર છે. આ મહીનામાં ઘણી ફઝીલત અને અઝમતવાળી રાતો પણ આવે છે. જેમાં શબે મેઅરાજ શરીફ ખૂબ મશહુર છે.

રજ્જબ મહીનાનો ચાંદ જોઈને માણસે સુરએ આયતુલ કુર્સી પઢવી જોઈએ અને કુરઆન શરીફ જોવુ જોઈએ. આ અમલની બરકતથી રોઝે મહેશરની બીક "ખૌફ"થી બચી જશે. ઇન્શાઅલ્લાહ.

જો કોઈ રજ્જબ મહીનાની પહેલી, પંદરમી અને છેલ્લી તારીખમાં ગુસલ (નહાશે) કરશે તો એવી રીતે એ ગુનાહોથી પાક થઈ જશે જેવો કે આજે જ માના પેટથી જન્મયો. (ખુલાસતુલ અબરાર)

રજ્જબ માસ એમ તો પૂરે પૂરો ખૂબ જ અફઝલ છે પણ તેમાં પાંચ રાતો ઈબાદત માટે ખૂબ જ ઉત્તમ છે. ૧. પ્રથમ રાત ૨. પહેલી જુમ્આની જેને લઈલતુર્રગાઈબ કહે છે. ૩. પંદરમી રાત જેને ઈસ્તીફતાહની રાત કહે છે. ૪. શબે મેઅરાજ શરીફ એટલે ૨૭મી રાત. ૫. રજ્જબની આખરી રાત. આ પાંચે રાતો ઘણી ફઝીલત ધરાવે છે. (ફઝાઈલે શોહરો સીયામ)

## રજ્જબની પ્રથમ રાતની ઇબાદત

પ્રથમ રાતે મગરીબની નમાઝ બાદ વીસ (૨૦) રકાત નિફલ દસ સલામથી પઢે દરેક રકાતમાં અલહમ્દો પછી કુલહોવલ્લાહ એક વખત પઢે.

## રજ્જબની જુમ્આહની ઇબાદત

રજ્જબની દરેક જુમ્આના દિવસે જુમ્આ અને અસર વચ્ચે ચાર રકાત નિફલ નમાઝ એક સલામથી અદા કરે દરેક રકાતમાં અલહમ્દો પછી આયતુલકુર્સી સાત વખત પઢે ને કુલહોવલ્લાહ પાંચ વખત પઢે. નમાઝથી ફારેગ થઈને આ દુઆ પઢે.

**'લા હોલ વલા કુવ્વતા ઇલ્લા બિલ્લાહિલ કબીરીલ મુતઆલ'** સો વખત પઢે **'અસ્તગફેરૂલ્લાહલ્લઝી લા ઇલાહા ઇલ્લા હોવલ હૈયુલ કૈયુમો ગફફારૂઝ ઝોનુબે વ સત્તારૂલ ઓયુબે ઐતુબો ઇલય.'** સો વખત પઢે દુરૂદ શરીફ સો વખત પઢીને જે હાજત હોય તે માટે દુઆ કરે ઇન્શાઅલ્લાહ દુઆ કબૂલ થશે. (અર્સરૂલ અસરાર)

## લૈલતુર્રગાઈબની ઇબાદત

રજ્જબની પહેલી જુમેરાત અને જુમ્આ વચ્ચેની આ રાતને લૈલતુર્રગાઈબ કહે છે. આ રાતે મગરિબ પછી બાર રકાત નિફલ નમાઝ પઢે છ સલામથી અદા કરે. દરેક રકાતમાં અલહમ્દો પછી 'ઇન્ના અન્ઝલનાહો' એક વખત અને સૂરએ ઈખ્લાસ બાર વખત પઢે. નમાઝથી ફારેગ થયા પછી સિત્તેર (૭૦) વખત દુરૂદ શરીફ પઢીને **'સુબ્બુહુન કદદુસુન રબ્બોના વ રબ્બુલ મલાઇકતે વર્રૂહ'** સિત્તેર (૭૦) વખત પઢે પછી સિત્તેર (૭૦) વખત **'રબ્બિગ ફીર વર્હમ વતજાવઝ અમ્મા તઅલમો ફઇન્નકા અન્તલ અલીય્યુલ અઝીમ'** ને પઢે પછી સિત્તેર (૭૦) વખત દુરૂદ શરીફ પઢે ને જે દુઆ માંગશે કબૂલ થશે ઇન્શાઅલ્લાહ.

## શબે ઇસ્તિફતાહની ઇબાદત

રજ્જબ મહીનાની પંદરમી રાતનું નામ શબે ઈસ્તિફતાહ છે. આ રાતમાં ઈશાની નમાઝ બાદ વીસ (૨૦) રકાત્ત નિફલ નમાઝ દસ સલામથી અદા કરે. દરેક રકાતમાં અલહમ્દો પછી સૂરએ ઈખ્લાસ (કુલ હોવલ્લાહ)ને એક વાર પઢે. આ નમાઝ દુનિયા અને દુનિયાની તમામ વસ્તુઓથી ઉત્તમ અને બહેતર છે. (ફઝાઈલે શુહુરે સિયામ)

## શબે મેઅરાજની ઇબાદત

રજ્જબ મહીનાની સતાવીસમી રાતને શબે મેઅરાજનું સદભાગ્ય હાસિલ થયું છે. આ મુબારક રાતમાં ઈબાદત કરવા વાળાને દરેક નેકીનો બદલો સો વર્ષની ઈબાદત જેટલો આપવામા આવે છે. આ રાતની ફઝીલત એટલા માટે મોટી ગણવામાં આવે છે કે અલ્લાહના મહેબુબ બંને જહાનના સરદાર હુઝૂર રેહમતુલલિલ આલમીન મોહમ્મદુર્રસુલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ખુદાના આમંત્રણથી આસ્માનોની સફર કરી અર્શે આઝમ પર પહોંચ્યા. માર્ગમાં મસ્જિદે અકસામાં તમામ સાબેકીન પયગમ્બરો અને મુકર્રબ ફરિસ્તાઓની ઈમામત ફરમાવી. અલ્લાહ તઆલાના દિદારથી આપને નવાઝવામાં આવ્યા. આપની ઉમ્મત પર ખાસ અહેકામો નાઝિલ થયા. માટે આ રાતની ફઝીલત ઘણી ઉંચી છે. આ રાત શબે રહમત (રહેમતવાળી રાત) છે.

હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)એ ફરમાવ્યું કે, રજ્જબ માસમાં સત્તાવીસમી રાતે સીત્તેર (૭૦) હજાર ફરિશ્તાઓ પોતાના માથાઓ ઉપર અન્વારે ઈલાહીના તબક (થાળ) લઈને જમીન પર ઉતરે છે. અને તે દરેક ઘરમાં દાખલ થાય છે. જેના રહેવાવાળા અલ્લાહની યાદમાં પ્રવૃત હોય છે. ફરિશ્તાઓ હુકમે ઈલાહી નૂરના તે થાળ એ રાત્રે તેઓના માથાઓ ઉપર ઠાલવી દે છે. જેઓ આ રાતની કદર (આદર) કરે છે. (ફલાહે દીનો દુનિયા)

શબે મેઅરાજમાં બાર રકાત નિફલ નમાઝ છ સલામથી પઢે દરેક રકાતમાં અલહમ્દો પછી કુલહોવલ્લાહ પાંચ વખત પઢે. નમાઝ પૂરી થાય ત્યારે કલમએ તમજીદ, અસ્તગફાર, દુરૂદ શરીફ સો સો વખત પઢે અને દુઆ માંગે જે દુઆ માંગશે ઈન્શાઅલ્લાહ કુબૂલ થશે. (કીતાબુલ ઔરાદ)

શબે મેઅરાજમાં છ રકાત નમાઝ નિફલ પઢે દરેક રકાતમાં અલહમ્દો પછી કુલહોવલ્લાહ સાત વખત પઢે. નમાઝ પૂરી કરીને પચાસ વાર દુરૂદ શરીફ પઢે, દુઆ કરે. અલ્લાહ તઆલા તેની તમામ હાજતો પૂરી કરશે. ઈન્શાઅલ્લાહ. (તોહફાહ)

શબે મેઅરાજમાં સો રકાત ૫૦ (પચાસ) સલામથી નિફલ નમાઝ અદા કરે દરેક રકાતમાં અલહમ્દો પછી કુલહોવલ્લાહ એક વખત પઢે. નમાઝ બાદ સો વાર દુરૂદ શરીફ પઢે અને પછી સિજદામાં જઈને દુઆ માંગે. ઈન્શાઅલ્લાહ દુઆ કુબૂલ થશે. (ફલાહુદારૈન)

શબે મેઅરાજમાં ખાસ કરીને નેક લોકોનો એ તરીકો હતો કે હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પર હદિયો (ભેટ) મોકલવાની નિય્યતથી બે રકાત નમાઝ નિફલ અદા કરતા. દરેક રકાતમાં અલહમ્દો પછી સૂરએ ઈખ્લાસ (કુલહોવલ્લાહ) સત્તાવીસ ૨૭ વખત પઢતા અને કાયદાહમાં અત્તહિય્યાત પછી દુરૂદે ઈબ્રાહીમ સત્તાવીસ ૨૭ વખત પઢીને નમાઝથી ફારીગ થયા પછી આ નમાઝનો હદિયો હુઝૂરના દરબારમાં પેશ કરતા હતા. અલ્લાહ સૌને અમલની તૌફિક અતા કરે.

રજ્જબ મહિનાના રોઝાનો સવાબ પણ ખૂબ વર્ણવામાં આવ્યો છે. રજ્જબનો એક રોઝો અજાબે કબ્રથી બચાવે છે. ૨૭મી રજ્જબના રોજાનો સવાબ સો વર્ષની ઈબાદત જેટલો છે. જે શખ્સ ૨૭મી રાત (શબે મેઅરાજ)માં ઈબાદત કરશે અને ૨૭ના દિવસે રોઝો રાખશે તો અલ્લાહ તઆલા તેને કયામતમાં રસુલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અને હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ)ના દસ્તરખ્વાન પર જમાડશે. (દીનો દુનિયા)

## શાબાનુલ મુઅઝ્ઝમ (શાબાન) મહિનાની ખાસ ઈબાદતો

શાબાનુલ મુઅઝ્ઝમ (શાબાન) મહિનો ઈસ્લામી વર્ષનો આઠમો મહિનો છે તેની ખાસ વિશિષ્ટ ફઝીલત બયાન થઈ છે.

શાબાન મહિનાનો ચાંદ જોઈને માણસે સૂરએ અલકારેઆ પઢવી જોઈએ અને લીલોતરી જોવી જોઈએ આ અમલની બરકતથી આ આખો મહિનો તેના માટે ઘણો જ ખુશીનો પસાર થશે. ઈન્શાઅલ્લાહ...

શા'બાન ઘણો જ મુબારક અને ઉત્તમ ફઝીલત ધરાવતો મહિનો છે. જેને મહેબૂબે ખુદા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)એ પોતાનો મહિનો કહ્યો છે. 'શા'બાનો શહરી' અર્થાત શા'બાન મારો મહિનો છે. જે મહિનાનો સંબંધ અલ્લાહના પ્યારા મહેબૂબ સાથે હોય તેની અઝમતનું શું કહેવું ! હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)એ ફરમાવ્યું શા'બાનની બુઝુર્ગી તમામ મહિનાઓમાં એવી છે જેવી રીતે તમામ પયગમ્બરો પર મને ફઝીલત આપવામાં આવી છે.

આ મુબારક માસમાં એક બહુ જ મોટી બરકત અને રહેમતવાળી રાત પણ છે અને તે શાબાનની પંદરમી રાત એટલે શબે બરાત. બરાત એટલે નજાત (બક્ષીસ)ની રાત. આ રાતે અલ્લાહ પાક તેના બંદાઓની બરાત એટલે નજાત ફરમાવે છે. છુટકારો કરે છે.

હઝરત સિદ્દીકે અકબર (રદિયલ્લાહો અન્હો)થી રિવાયત છે કે, હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)એ ફરમાવ્યું કે, શા'બાનની પંદરમી રાતે (શબે બરાતમાં) ઊભા રહો (નમાઝ પઢો) બેશક આ મુબારક રાત છે. આ રાતમાં અલ્લાહ તઆલા ફરમાવે છે 'છે કોઈ બખ્શીશ ઈચ્છનાર ? કે હું તેની મગફેરત કરૂં ?'

આ મુબારક રાતમાં ઈબાદત્ત કરનાર પર રહેમતના ફરિશ્તા ઉતરે છે. ઈબાદત કરનારના સગીરાહ-કબીરાહ ગુનાહને અલ્લાહ પાક માફ કરી દે છે. માણસ ગુનાહોથી પાક થઈ જાય છે.

અલ્લાહ તઆલા ફરમાવે છે કે, અમારા હુકમથી આ રાતમાં હિકમતવાળા કામોની વહેંચણી કરવામાં આવે છે. (સુ. દુખાન પા.૨૫)

શબે બરાતમાં દરેકની રોઝી, દરેકની મૌત, પુરા વર્ષમાં થનાર કાર્યોની વહેંચણી કરી દેવામાં આવે છે. વર્ષમાં દરેક જન્મનાર અને મરનારની યાદી તૈયાર થાય છે. (બહયકી શરીફ)

હુઝૂરે ફરમાવ્યું કે, શબે બરાતમાં મારી ઉમ્મત પર બની કલ્બની બકરીઓના વાળો બરાબર રહેમત નાઝીલ થાય છે. (બની કલ્બની બકરીઓની સંખ્યા અગણિત હતી.) (તફસીરે કબીર)

જે માણસ શબે બરાત (પંદરમી શા'બાન)માં સો રકાત નિફલ નમાઝ પઢશે તો રબ તઆલા તેની પાસે ૧૦૦ સો ફરિશ્તા મોકલશે. જે પૈકી ૩૦ (ત્રીસ) જન્નતની ખુશખબરી સંભળાવશે. (૩૦) જહન્નમના અઝાબથી સુરક્ષિત રાખશે ત્રીસ (૩૦) દુનિયાની આફતોથી દૂર રાખશે. દશ (૧૦) શયતાનના ફરેબથી બચાવશે. (તફસીરે કબીર)

આ મુબારક રાતમાં ગુસ્લ કરવું (ન્હાવું) સારા કપડા પહેરવા (ગજા પ્રમાણે) સુરમો લગાડવો, મિસ્વાક (દાંતણ) કરવું અત્તર લગાડવું કબરોની ઝિયારત કરવી, ફાતેહાખ્વાની કરવી, મરહુમો માટે મગફેરતની દુઆ કરવી. બીમારને જોવા જવું, તહજ્જુદની નમાઝ પઢવી, નિફલ નમાઝો વધુ પઢવી, દુરૂદો સલામ અધિક પ્રમાણમાં પઢવા, સૂરએ યાસીન શરીફ પઢવી, કુરઆન શરીફની તિલાવત કરવી વગેરે.

સૂર્યાસ્ત પછી ચાલીસ વખત 'લા હૌલા વલા કુવ્વતા ઈલ્લા બિલ્લા હિલ અલીય્યીલ અઝીમ' પઢવું, પૂરા વર્ષ માટે શયતાની ફસાદથી બચેલો રહેશે. ઈન્શાઅલ્લાહ.

શબે બરાતમાં મગરીબની નમાઝ બાદ બે રકાત નિફલ નમાઝ પઢીને, સૂરએ યાસીન પઢવી એક વખત ઉંમરમાં બરકતની નિય્યતથી, ફરી બે રકાત નિફલ નમાઝ પઢીને સૂરએ યાસીન પઢવી. આ રોઝીમાં બરકતની નિય્યતથી પઢવી અને ત્રીજી વાર બે રકાત નિફલ નમાઝ પઢીને સૂરએ યાસીન પઢવી અને તે મુસીબત દૂર કરવાની નિય્યતથી પઢવી. ઈન્શાઅલ્લાહ મુરાદ બર આવશે.

ઈશાની નમાઝ બાદ બાર રકાત નિફલ નમાઝ પઢે છ સલામથી પઢી દરેક રકાતમાં અલહમ્દો પછી કુલહોવલ્લાહ દશ (૧૦) વખત. નમાઝથી પરવારીને કલ્મએ તૈયબ દશ વખત, કલ્મએ તમજીદ દશ વખત અને દુરૂદ શરીફ દશ વખત પઢીને આ દુઆઓ વારંવાર અનેક વખત પઢવી જોઈએ.

(૧) અલ્લાહુમ્મા ઈન્નકા અફુવ્વન તોહિબ્બુલ અફવ. ફઅફો અન્ની.

(૨) અલ્લાહુમ્મા ઈન્ની અસ્અલોકલ અફવ, વલ આફેયતા, વલ મુઆફતદ દાએમતા ફિદ દુનિયા, વલ આખેરતા.

શબે બરાતમાં ચાર રકાત નિફલ નમાઝ અદા કરે દરેક રકાતમાં અલહમ્દો પછી કુલહોવલ્લાહ પચાસ વખત પઢે તો એવી રીતે ગુનાહોથી પાક થઈ જશે કે આજે જ માંના પેટથી જન્મ્યો હતો.

શબે બરાતમાં ૧૪ (ચૌદ) રકાત સાત સલામથી અદા કરે અલહમ્દો પછી જે સુરત ચાહે પઢે સલામ ફેરવીને ૧૦૦ વખત દુરૂદ શરીફ પઢીને જે દુઆ માંગશે. ઈન્શાઅલ્લાહ કબૂલ થશે. (ફઝાઈલે શોહુરો સિયામ)

આઠ રકાત નિફલ નમાઝ એક સલામથી અદા કરે દરેક રકાતમાં અલહમ્દો પછી કુલ હોવલ્લાહ અગીયાર વખત પઢે નમાઝથી ફારીગ થઈને આ નમાઝનો સવાબ હઝરત બીબી ફાતેમા ખાતુને જન્નત (રદિયલ્લાહો અન્હા)ને બક્ષીસ કરે તો આ નમાઝ પઢનારની આપ શફાઅત ફરમાવશે. (ગુનીયતુત્તાલેબીન)

શા'બાનની પંદરમી તારીખના રોઝાની સખ્ત તાકીદ કરવામાં આવી છે. આ દિવસે રોઝો જરૂર રાખે. આ સિવાય પણ ઘણી નફિલ ઈબાદતોના તરીકા છે. અહીયા ટૂંકમાં માહિતી આપી છે. અલ્લાહ પાક અમો સૌને અમલની તૌફિક અતા કરે. બહક્કે તાહા વ યાસીન (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ). આમીન.

## રમઝાનુલ મુબારક (રમઝાન શરીફ)ની સર્વોત્તમ ઈબાદતો

માહે રમઝાનુલ મુબારક ઈસ્લામી હિજરી વર્ષનો નવમો મહિનો છે. તેની ફઝીલત જગ જાહેર છે. એની અઝમત સર્વશ્રેષ્ઠ, એની બરકત સર્વત્ર છે. એની રહેમત સર્વોપરી છે.

રમઝાન શરીફનો ચાંદ જોઈને સૂરએ નાસ (કુલઅઉઝો બેરબ્બીન્નાસે) પઢવી જોઈએ અને તલવાર જોવી જોઈએ. આ અમલની બરકતથી માણસ ને શહીદનો સવાબ મળે છે અને તે મહિનો તેના પર ઘણો નેક ગુજરે છે.

રમઝાનુલ મુબારક ઈબાદતની મૌસમ છે. બંદાની બખ્શીશનો મહિનો છે. આબીદોની ઈદ, ઝાહિદોની વસંત ઋતુ છે. એક નેકીનો બદલો અલ્લાહ તઆલા આ મુબારક માસમાં સિત્તેર (૭૦) ગણો આપે છે. દોઝખના દરવાજા બંધ કરી દેવામાં આવે છે. જન્નતના દરવાજા ખુલ્લા કરી દેવામાં આવે છે. શયતાનને સાંકળોથી કેદ કરી દેવામાં આવે છે. આ મહિનામાં અલ્લાહ તઆલાએ પોતાના કલામને નાઝિલ કર્યું હતું એટલે આ મુબારક મહિનો કુરઆને મજીદની સાલગીરાહ (વર્ષ ગાંઠ) તરીકે પણ ઉજવાય છે. આ મહત્વના કારણે રમઝાનની ફઝીલત તમામ મહિનાઓમાં ઉચ્ચ સ્થાન ધરાવે છે.

રમઝાનની અઝમતને ચાર ચાંદ લગાવી દેનાર વાત તો એ છે કે, તેના છેલ્લા દશ દિવસમાં એક મહાન રાત આવે છે. જેની ફઝીલત હજાર મહિનાઓ કરતાં વધુ છે. એ રાતમાં હઝરત જીબ્રઈલ (અલયહિસ્સલામ) અને ફરિશ્તાઓ દુનિયા પર તશરીફ લાવે છે તે મુબારક રાત છે શબે કદ્ર તેની તારીફ કુરઆને મજીદમાં પણ આવી છે.

રમઝાન શરીફનો રોઝો રૂકને ઈસ્લામ અને ફર્ઝે ખુદાવંદી છે. શરઈ કારણ વિના તેને છોડનાર શખ્સ ગુનેહગાર અને સજાને પાત્ર થશે. રોઝદારની દુઆ ખાસ કરીને ઈફતારના સમયે કબૂલ થાય છે.

હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)એ ફરમાવ્યું કે, સહેરીમાં બરકત છે. તેને છોડશો નહિ. સહેરી ખાવી સુન્નત છે કાંઈ ના મળે તો ફક્ત પાણી પી લો જેથી સુન્નત અદા થઈ જાય.

### રોઝાની નિય્યત

'નવૈતો અન અસુમા ગદન લિલ્લાહે તઆલા મિન ફર્દે રમઝાના હાઝા.'

### ઈફતાર પછીની દુઆ

'અલ્લાહુમ્મ લકા સુમતો વ બેકા આમન્તો વ અલૈકા તવક્કલતો
વ અલા રિઝકેકા અફતર્તોકા ફતકબ્બલ મિન્ની.'

## તરાવીહની નમાઝ

તરાવીહની વીસ (૨૦) રકાત પઢવી. દરેક બાલીગ મુસલમાન સ્ત્રી-પુરૂષ પર સુન્નતે મુઅકેદા છે તેનો સવાબ ઘણો જ બયાન થયો છે. તરાવીહ પઢનારના ૨૦ હજાર ગુનાહ માફ થશે, ૨૦ શહીદો જેટલો, ૭૦ નબીઓની ઝિયારત કરવાનો અને ૨૦ ગુલામ આઝાદ કરવાનો સવાબ મળશે. ઈન્શાઅલ્લાહ. (હદિષ)

## તરાવીહની દુઆ

**સુબ્હાન ઝિલ મુલ્કે, વલ મલકુતે સુબ્હાન ઝિલ ઈઝઝતે વલ અઝમતે વલ હયબતે વલ કુદરતે વલ કિબ્રિયાએ વલ જબરૂતે સુબ્હાનલ મલેકિલ હૈય્યિલ લઝી લા યનામો વલા યમુતો સુબ્બુ-હુન કુદ્દુસુન, રબ્બોના વરબ્બુલ મલાએ-ક-તે વરરૂહ અલ્લા હુમ્મ અજીરની મીનન્નારે, યા મુજીરો, યા મુજીરો, યા મુજીર.**

## એઅતેકાફ

રમઝાનના છેલ્લા દશ (૧૦) દિવસનો એઅતેકાફ કરવો સુન્નતે કિફાયા છે. તેનો સવાબ બે હજ્જ અને બે ઉમરાહ જેટલો છે. એઅતેકાફની નિય્યત : **બિસ્મિલ્લાહે દખલ્તો વ અલૈહે તવક્કલતો વ નવૈતો સુન્નતલ એઅતેકાફ.**

રમઝાનની સત્તાવીસમી રાતને બહુમતીના કારણે શબે કદ્ર ગણવામાં આવે છે. હદિષોમા આ મહાન રાતની ઘણી ફઝીલતો આવી છે. સૂર્યાસ્તથી લઈને સૂર્યોદય સુધી અન્વારે ઈલાહીની વર્ષા થાય છે.

જે લોકો આ રાતમાં ઈબાદતમાં પ્રવૃત્ત રહે છે. ફરિશ્તાઓ તેમને સલામ કરે છે. તેઓથી મુસાફા કરે છે અને તેમના હકમાં દુઆ કરે છે.

શબે કદ્રમાં એક આયત પઢવી બીજા દિવસોમાં આખું કુરઆન પઢવાથી બહેતર છે. એક હદિષમાં છે કે શબે કદ્રમાં ત્રણ વાર 'લાઈલાહા ઈલ્લલ્લાહ' કહી દીધું તો રબ તઆલા તેની મગફેરત ફરમાવી દેશે.

સિત્તેર અથવા સો રકાત નિફલ નમાઝ એ રીતે અદા કરે કે, દરેક રકાતમાં અલહમ્દો પછી 'ઈન્ના અન્ઝલનાહો' એક વખત પઢે. નમાઝથી ફારેગ થઈને ૭૦ વખત અસ્તગફાર પઢે પછી દુઆ માંગે ઈન્શાઅલ્લાહ કબૂલ થશે.

બે રકાત નિફલ નમાઝ એ રીતે પઢે કે દરેક રકાતમાં અલહમ્દો પછી ઈન્ના અન્ઝલનાહો એક વખત પઢે અને કુલહોવલ્લાહ સો વખત પઢે. સલામ ફેરવીને દુરૂદ શરીફ ૧૦૦ વખત પઢે ઘણો જ સવાબ મળશે.

ચાર રકાત નિફલ નમાઝ અદા કરે દરેક રકાતમાં અલહમ્દો પછી ઈન્ના અન્ઝલનાહો ત્રણ વખત પઢે. કુલહોવલ્લાહ (૨૭) વખત પઢે. આ નમાઝની બરકતથી મૌતની સકરાતને આસાન કરી દેશે અને કબરનો અઝાબ દૂર થશે.

ચાર રકાત નિફલ નમાઝ એક સલામથી અદા કરે દરેક રકાતમાં અલહમ્દો પછી 'ઈન્ના અન્ઝલનાહો' એક વખત પઢે પછી કુલ હોવલ્લાહો સત્તાવીસ (૨૭) વખત પઢે. અલ્લાહ તઆલા આ નમાઝની બરકતથી તમામ ગુનાહ માફ ફરમાવી દેશે અને જન્નતે મુઅલ્લામાં મુકામ અતા ફરમાવશે.

સો રકાત નિફલ નમાઝ પચાસ સલામથી અદા કરે દરેક રકાતમાં અલહમ્દો પછી 'ઈન્ના અન્ઝલનાહો' ત્રણ વખત પઢે, કુલહોવલ્લાહ દશ વખત પઢે. આ નમાઝ પઢનારને અલ્લાહ તઆલા જન્નતમાં મહેલ અતા કરશે.

ચાર રકાત નિફલ નમાઝ એક સલામથી અદા કરે, દરેક રકાતમાં અલહમ્દો પછી ઈન્ના અન્ઝલનાહો ત્રણ વખત અને કુલહોવલ્લાહ પચાસ વખત પઢે સલામ ફેરવીને સિજદાહમાં જઈને, દુરૂદ શરીફ પઢીને જે દુઆ માંગશે ઈન્શાઅલ્લાહ કબૂલ થશે.

શબે કદ્રમાં સુબ્હ સાદિકના સમયની થોડીવાર પહેલા ચાર રકાત નમાઝ એક સલામથી પઢે. દરેક રકાતમાં અલહમ્દો પછી ઈન્ના અન્ઝલનાહો ત્રણ વખત અને કુલહોવલ્લાહ પાંચ વખત પઢે. નમાઝ પૂરી કરીને સિજદો કરે અને સિજદામાં એકતાલીસ (૪૧) વખત 'સુબ્હાનલ્લાહ' પઢે. અલ્લાહ તઆલા તેની તમામ હાજતો પૂરી કરશે અને દુઆ કબૂલ કરશે.

બે રકાત નમાઝ અદા કરે. દરેક રકાતમાં અલહમ્દો પછી ઈન્ના અન્ઝલનાહો સાત વખત અને કુલહોવલ્લાહ સાત વખત પઢે. નમાઝ બાદ અસ્તગફાર અને દુરૂદ શરીફ પઢે. આ નમાઝ પઢનારના મા-બાપની બખ્શીશ થશે. (ફઝાઈલે શોહરો સિયામ)

## શબે કદ્રમાં આ તસ્બીહ જરૂર પઢે

(૧) અલ્લાહુમ્મા ઈન્નકા અફુવુન તોહિબ્બુલ અફવ ફઅફો અન્ની.

(૨) અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલોકલ અફવ વલ આફેયતા વલ મઆફતા ફિદ્દીને વદ દુનિયા વલ આખેરતે

(૩) અશહદો અલ્લાઈલાહા ઈલ્લલ્લાહો અસ્તગફેરૂલ્લાહ અસ્અલોકલ જન્ના વ અઉઝો બેકા મિનન્નારે

(૪) અલ્લાહુમ્મ અજિર્ની મિનન્નારે યા મુજીરો, યા મુજીરો, યા મુજીર.

## સૂરએ કદ્ર

### બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ

ઈન્ના અન્ઝલનાહો ફી લૈલતિલ કદરે, વમા અદરાકા મા લૈલતુલ કદરે લૈલતુલ કદરે ખૈરૂમ મિન અલ્ફે શહરીન. તનઝઝલુલ મલાઈકતો વર્રૂહો ફીહા બેઈઝને રબ્બેહિમ મિન કુલ્લે અમરિન સલામ હિયા હત્તા મત્લઈલ ફજ્ર.

સૂરએ ઈખ્લાસ

**બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ**

કુલહો વલ્લાહો અહદ અલ્લા હુસ્સમદ લમયલિદ વલમયૂલદ
વલમ યકુલ્લહુ કોફોવન અહદ.

# ઝિલ હજ્જની ફઝીલત અને કુરબાનીનો તરીકો

## ફઝાઈલ

હઝરત ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહુ અન્હુથી રિવાયત છે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, રબ તઆલાને નેકીઓ આ દસ દિવસ કરતા વધુ પ્યારી હોય એવો બીજો કોઈ સમય નથી. માહે ઝિલહજ્જની નવમી તારીખને અરફાનો દિવસ કહે છે. અરફાના દિવસનો રોઝો એક સાલ આગલા અને એક સાલ પાછલા ગુનાહોનો કફફારો છે. એટલે આ મુબારક દિવસે રોઝો રાખવો જોઈએ અને મુબારક દસ દિવસોમાં ઈબાદત કરવી જોઈએ.

## કુરબાનીનો તરીકો

જાનવરને ડાબા પળખે એવી રીતે સુવાડવો કે કિબ્લાની બાજુ તેનું મોઢું હોય અને તેની પીઠ પૂર્વની બાજુ હોય, ઝુબ્હ કરનાર પોતાનો જમણો પગ જાનવરના પળખે મૂકી તેજ છૂરી લઈને આ દુઆ પઢે. **'ઈન્ની વજજહતુ વજિહિયા લિલ્લઝી ફતરસ સમાવાતિ વલ અર્દ. હનીફંવ વમા અના મિનલ મુશરિકીન ઈન્ન સલાતી વ નુસુકી વ મહયાય વ મમાતી. લિલ્લાહી રબ્બિલ આ-લમીન. લા શરીક લહુ વ બિજાલિકા ઉર્મિતુ વ અના મિનલ મુસ્લિમીન. અલ્લા હુમ-મ લકા વ મિન્કા બિસ્મિલ્લાહિ અલ્લાહુ અકબર.'**

આ દુઆ પઢી જાનવરને ઝુબ્હ કરે. ઝુબ્હ કર્યા પછી આ દુઆ કહે, **'અલ્લા હુમ-મ તકબ્બલ મિન્ની. કમા તકબ્બલતા મિન ખલીલિકા ઈબ્રાહીમ અલયહિસ્સલામુ વ હબીબિકા મુહમ્મદિન સલ્લલ્લાહુ તઆલા અલયહિ વસલ્લમ.'** અને જો બીજાના તરફથી કુરબાની કરવાની હોય તો **'મિન્ની'** ની જગ્યાએ **'મિન ફલાણા'** કહે એટલે કે જેની તરફથી કુરબાની કરવાની હોય તે દરેકનું નામ લે.

# તકબીરે તશ્રીક

ઝિલહજજની નવમી તારીખની ફજરની નમાઝથી તેરમીની અસરની નમાઝ સુધી, દરેક ફર્ઝ નમાઝમાં જમાઅતથી અદા કરવામાં આવી હોય અને જુમ્આની નમાઝના સલામ ફેરવ્યા પછી એક વખત તકબીરે તશ્રીક એટલે **'અલ્લાહુ અકબર અલ્લાહુ અકબર લાઈલાહા ઈલ્લલ્લાહુ, વલ્લાહુ અકબર અલ્લાહુ અકબર વલિલ્લાહિલ હમ્દ.'** બુલંદ અવાજથી ઈમામ અને મુકતદીઓએ પઢવું વાજિબ છે અને ત્રણ વખત પઢવું બેહતર છે. સ્ત્રીઓ ધીમેથી પઢે. (આલમગીરી)

# કુરબાનીની ખાલ

ફકીરો, મિસ્કીનોને આપો અથવા કોઈ સુન્ની મદ્રસાઓમાં અથવા અંજુમનમાં આપી દો પોતાના કામમાં પણ લાવી શકે છે. દાખલા તરીકે તેની જાનમાઝ, ડોલ, થેલી, મશક વગેરે બનાવી લે. પરંતુ તેની ખાલ વેચીને તેની રકમ પોતાના કામમાં વાપરવી જાઈઝ નથી. પણ તેને સદકો કરવો વાજિબ છે.

કુરબાનીનું ચામડું અથવા ગૌશ્ત અથવા તેમાંથી કોઈ પણ વસ્તુ કસાઈને મહેનતાણામાં આપી શકતા નથી. (હિદાયા)

### બેનમાઝીને સજા

(૧) હઝરત ઈમામે આઝમ અબુ હનીફા રદિયલ્લાહો અન્હો ફરમાવે છે કે, 'બેનમાઝી (નમાઝ નહીં પઢનાર)ને જેલમાં પૂરી દો અને જ્યાં સુધી સાચી તૌબા કરી નમાઝ ન પઢે ત્યાં સુધી છોડશો નહીં.'

(૨) હઝરત ઈમામ શાફઈ રદિયલ્લાહો અન્હો ફરમાવે છે કે 'બેનમાઝીની નમાઝે જનાઝા ન પઢવી જોઈએ અને તે મૌતની સજાને પાત્ર છે.'

(૩) હઝરત ઈમામ માલીક રદિયલ્લાહો અન્હો ફરમાવે છે કે 'બેનમાઝીને મુસલમાન સત્તાધીશની ફરજ બને છે કે તેને સજાએ મૌતનો હુકમ કરે.'

(૪) ઈમામ અહેમદ બીન હંબલ રદિયલ્લાહો અન્હો ફરમાવે છે કે 'બેનમાઝીને કત્લ કરી દેવો વાજીબ છે. તે સજાએ મૌતને લાયક છે.'

(૫) હઝરત ગૌસુલ આઝમ પીરાનેપીર દસ્તગીર રદિયલ્લાહો અન્હો ફરમાવે છે કે 'બેનમાઝીને મુસલમાનના કબ્રસ્તાનમાં દફન કરવો જોઈએ નહીં.'

જે માણસ સળંગ ત્રણ જુમ્આની નમાઝ છોડી દે છે તેના સીનામાંથી નૂરે ઈમાન કાઢી લેવામાં આવે છે. ફરિશ્તાઓ તેનું નામ મુસલમાનના દફતરમાંથી કાઢી નાખે છે. - હદીસ શરીફ

## ૧૨ મહિનાના ચાંદ જોવાની દુઆ

(૧) મોહર્રમનો ચાંદ જોઈ સૂરએ ફાતેહા (અલહમ્દો શરીફ) પઢે અને સોનું જુએ તો ૪૦ હજનો સવાબ મળશે. ઈન્શાઅલ્લાહ.

(૨) સફરનો ચાંદ જોઈ સૂરએ નસ્ર (ઈઝા જા અ નસરૂલ્લાહ) પઢે અને આયનો (અરીસો) જુએ તો અગણિત નેકીઓ મળશે.

(૩) રબીઉલ અવ્વલનો ચાંદ જોઈ સૂરએ કૌસર (ઈન્ના આઅતયના) પઢે અને પાણી જુએ તો ગુનાહોથી પાક થઈ જશે.

(૪) રબીઉલઆખરનો ચાંદ જોઈ સૂરએ ઝિલઝાલ (ઇઝાઝુલઝેલ) પઢે અને બકરો જુએ તો હજાર ગુલામ આઝાદ કરવાનો સવાબ મળશે.

(૫) જમાદીઉલ અવ્વલનો ચાંદ જોઈ સૂરએ ઈખ્લાસ (કુલહોવલ્લાહ) પઢે અને ચાંદી જુએ તો ઘણો જ સવાબ અને ફાયદો મેળવશે.

(૬) જમાદીઉલ આખરનો ચાંદ જોઈને સૂરએ અલક (ઈકરા બિસ્મે) પઢે અને ઝઈફ (વૃદ્ધ) મુસ્લમાનનો ચહેરો જુએ તો પૂરો મહિનો ખુશીમાં ગુજરે.

(૭) રજબ્બુલ મુરજ્જબનો ચાંદ જોઈને સૂરએ આદીયાત (વલ આદિયાતે) પઢે અને કુર્આન શરીફ જુએ. મહેશરની બીકથી નજાત (મુક્તિ) મળશે.

(૮) શાબાનુલ મુઅઝઝમનો ચાંદ જોઈને સૂરએ કારેઆ (અલકારેઆતો) પઢે અને લીલુ ઝાડ જુએ તો આખો મહિનો ખુશીમાં પસાર થશે.

(૯) રમઝાનુલ મુબારકનો ચાંદ જોઈને સૂરએ નાસ (કુલઅઉઝો બેરબ્બીન્નાસ) પઢે અને તલવાર જુએ તો શહીદનો સવાબ મળશે.

(૧૦) શવ્વાલનો ચાંદ જોઈને સૂરએ લહબ (તબ્બતયદા) પઢે અને રંગીન કપડુ જુએ તો મા-બાપના હક અદા કરવાનો સવાબ મળે.

(૧૧) ઝીલકાદનો ચાંદ જોઈને સૂરએ અસ્ર (વલ અસરે) પઢે અને કલમ જુએ તો દોઝખથી મુક્તિ મળશે.

(૧૨) ઝીલહજનો ચાંદ જોઈને સૂરએ કદ્ર (ઈન્ના અન્ઝલના) પઢે અને મુસ્લિમ નવજુવાનનો ચહેરો જુએ તો જન્નત નશીબ થાય.

**'તમારામાં સૌથી સારો માણસ એ છે જે કુર્આન શીખે છે અને બીજાને શીખવાડે છે.'**

- હદીસ શરીફ

**'રાત્રીની એક પળ ઈલ્મ શીખવું કે શીખવાડવું આખી રાતની ઈબાદત કરતાં શ્રેષ્ઠ છે.'**

- મીશ્કાત શરીફ

**'નાઅહેલ (અયોગ્ય વ્યક્તિ)ને ઈલ્મ શીખવાડવું ડાકૂના હાથમાં તલવાર આપવા બરાબર છે.'**

-હ. ફારૂકે આઝમ (રદિ.)

**'ઉલમાઓની કલમની શાહી શહીદોના ખૂનથી પણ વધુ અફઝલ છે.'**

-હદીસ

# રિજાલુલ ગયબ

## (અદ્રષ્ય લોકો)

વાદળોની ઉપર, પાતાળોની નીચે અને ઉંડા સમુદ્રોના પેટાળમાં શું શું છે? કેવી રીતે મખ્લૂક હસ્તી ધરાવે છે? તેઓ કયા પ્રકારનું જીવન જીવે છે? તેમની કામગીરીઓ અને ફરાઈઝ વિષે આપણે કશું જાણતા નથી. કારણ કે આપણે ધરતીની ઉપર ઉપલી સપાટીએ રહીએ છીએ. જે કાંઈ આપણી સમક્ષ આવે છે, તે જ આપણે જોઈ શકીએ છીએ. તે સિવાયની ગયબી, (અદ્રષ્ય) બાબતોનું આપણને જ્ઞાન હોતું નથી. પણ એનો અર્થ એ પણ થતો નથી કે, પૃથ્વીની સપાટી પર વસતી મખ્લૂક સિવાય બીજી કોઈ મખ્લૂક હસ્તી ધરાવતી જ નથી. **'ફરિશ્તહ'** અને **'જીન્નાત'** જેવી ગુપ્ત મખ્લૂક પણ દુનિયામાં મૌજૂદ છે. વળી કુરઆને શરીફમાં અલ્લાહ તઆલાએ પોતાને **'રબ્બુલ આલમીન'** તરીકે ઓળખાવ્યો છે (એટલે કે તમામ આલમોનો રબ). આ ઉપરથી એટલું તો પુરવાર થઈ ગયું કે, આપણા આલોક (પૃથ્વી) ઉપરાંત પણ બીજી અનેક દુનિયાઓ હસ્તી ધરાવે છે. આજના વૈજ્ઞાનિક યુગમાં જે વસ્તુ જોવા જાણવામાં આવતી ના હોય, જેનું નિરીક્ષણ અને ભાસ થઈ શકે નહીં, તે વસ્તુને ઉપજાવી કાઢેલી વાત તરીકે ચિતરવામાં આવે છે. તેથી જ વૈજ્ઞાનિકો અને તત્ત્વચિંતકો ફરિશ્તા અને જીન્નાત જેવી મખ્લૂકને માનતા નથી. પરંતુ હવે રહી રહીને પણ, વિજ્ઞાનની પૂરેપૂરી તરક્કી અને વિકાસના યુગમાં, ટોચના વૈજ્ઞાનિકો એટલું તો માનતા થયા છે કે, મંગળ જેવા ગ્રહોમાં પણ જુદા જુદા પ્રકારની મખ્લૂક ધરાવતી હોય તો નવાઈ જેવું નથી. વૈજ્ઞાનિકોની આ માન્યતા **'રબ્બુલ આલમીન'** (અલ્લાહ તમામ સૃષ્ટિઓનો પાલનહાર છે.)ના કુરઆની ફરમાનને સીધી રીતે નહીં તો આડકતરી રીતે ટેકો આપે છે.

અલ્લાહ તઆલા કાદીરેમુતલક છે, એટલે કે તેની કુદરત બહાર કોઈ વસ્તુ નથી. પ્રત્યેક કાર્ય તેની મશિય્યત અને ઈરાદા ઉપર જ

અવલંબે છે. તેની કુદરતની કોઈ હદ કે કોઈ મર્યાદા નથી. તે પોતાના ઈરાદાને અમલમાં મૂકતાં કોઈપણ વસ્તુ કે બહારની શક્તિની હાજત ધરાવતો નથી. કારણ કે પ્રત્યેક મખ્લૂકનો સર્જનહાર તે પોતે જ છે. જ્યારે તેની ઝાતે બરહક સિવાય કંઈ મૌજૂદ ન હતું. ત્યારે તે પોતાના એક જ આદેશ 'કુન' (થઈ જા) વડે તમામ આલમને વજૂદમાં લાવ્યો, તો આજે તેને કોઈપણ બાબતમાં કયાંથી મજબૂરી નડે ?

આપણે આ સંસારને **'આલમે અસ્બાબ'** તરીકે ઓળખીએ છીએ. એટલે અહીં કોઈપણ કામ ગમે તે કારણ કે સબબ વિના થતું નથી. દીવો બળવાનું કારણ તેનું તેલ છે. તે હોલવાઈ જાય છે. એટલા માટે કે તેમાં તેલ ખતમ થઈ જાય છે. એટલે જે રીતે દીવો બળવાનું કે હોલવાઈ જવાનું કારણ તેલ હોય છે, તે જ રીતે અહીં પ્રત્યેક વસ્તુની પાછળ કંઈને કંઈ કારણ અને સબબ રહેલો હોય છે. આપણે ટૂંકી બુદ્ધિના માણસો વિચાર અને ચિંતન ઓછું કરીએ છીએ. ઘણી ખરી બાબતોનાં કુદરતો કારણો આપણે આપી શકતા નથી. કારણ વગર કોઈ વસ્તુનું વજૂદ નથી.

આપણી ફાની જિંદગીમાં વ્યવસ્થા જાળવવા માટે આપણે કેટલાક પ્રબંધો કરવા પડે છે. આ પ્રબંધો જ ખરી રીતે તે વ્યવસ્થા જળવાઈ રહેવાનું કારણ બને છે. રાજ્ય તરફથી નાણાં એકત્ર કરવા અને યોગ્ય માર્ગે ખર્ચ કરવાનો પ્રબંધ થતો ના હોય, પ્રજાના જાન-માલ અને ઈજ્જત આબરૂના રક્ષણ માટે પોલીસ ખાતાનો પ્રબંધ ના હોય, ગુનાહ અને અપરાધ કરનારાઓને શિક્ષા કરવા કોર્ટો અને કચેરીઓનો પ્રબંધ ના હોય, બહારના દુશ્મનોથી પોતાના દેશ અને પ્રજાને બચાવવા ખાતર લશ્કરી તાકાતનો પ્રબંધ ના હોય, અનાજ,મકાન, કાપડ તેમજ જીવન જરૂરિયાતની બીજી વસ્તુઓની આપ લે માટે ચોક્કસ પ્રથાઓ અને કાયદાઓનો પ્રબંધ ના હોય, પ્રજાના ભાવી જીવનને ઉજ્જવળ બનાવવા માટે શિક્ષણ અને કેળવણીનો પ્રબંધ ના હોય, તો આપણી દુનિયા ટકી શકે નહીં. વ્યવસ્થા જાળવવા માટે આવા અનેક પ્રયત્નો અને કાયદા

ઘડવા પડે છે અને તેને ચલાવવા માટે વ્યવસ્થિત તંત્ર ઉભું કરવું પડે છે. પણ આવી તમામ વ્યવસ્થા અને પ્રબંધો, જે આપણે જોઈ શકીએ છીએ અને જાણી શકીએ છીએ, તે આપણી ઝાહેરી જિંદગી સાથે સંકળાયેલા છે.આપણે એક સમજીએ છીએ કે, ઉપરોક્ત પ્રબંધોના કારણે જ આપણા સંસારની વ્યવસ્થા જળવાઈ રહી છે.

આ ઝાહેરી વ્યવસ્થા ઉપરાંત, એક ગુપ્ત વ્યવસ્થા પણ સમાન્તર સપાટીએ ચાલી રહી છે. તેનું નિરીક્ષણ આપણા જેવા દુનિયાદાર લોકો કરી શકતા નથી. તે વ્યવસ્થા રૂહાની લોકો, આધ્યાત્મિક વ્યક્તિઓના હાથમાં છે. જેવી રીતે દુનિયાના રાષ્ટ્રોની વ્યવસ્થા, નાણાંખાતું, કેળવણી ખાતું, આંતરિક ખાતું, વિદેશ ખાતું, સંરક્ષણ ખાતું, વગેરે જુદા જુદા ખાતાંઓને સોંપાએલી કામગીરીઓ દ્વારા જળવાય છે. તે જ રીતે આપણી જાણ અને આપણી નજરથી છુપાયેલું પોશીદા, એક ગુપ્તતંત્ર પણ કુદરત તરફથી કામ કરી રહ્યું છે. આ તંત્ર વિષેની સંપૂર્ણ માહિતી આપણને મળી શકે તેમ નથી. કારણ કે તે તંત્રનું સંચાલન કરતી વ્યક્તિઓ સુધી પહોંચવાનું કામ ફકત અવલીયાએ કિરામનું જ છે. સાધારણ માનવી તે વિષે કશું જોઈ શકતો નથી. અલબત્ત આલમે અસ્બાબની ઝાહેરી વ્યવસ્થા ઉપરાંત ગુપ્ત વ્યવસ્થા, કુદરતે જે ગોઠવી છે, તેની આછી રૂપરેખા તસવ્વુફની કિતાબોના આધારે રજૂ કરીએ છીએ.

**'રિજાલુલ ગયબ'** જેને ફારસીમાં **"મર્દાને ગયબ"** (ગયબી પુરૂષો) કહેવામાં આવે છે, તે અવલીયાએ કામેલીન પૈકીના જ હોય છે. કુદરત તરફથી દુનિયાની બાતિની (ગુપ્ત) વ્યવસ્થા, તેમને સોંપાએલી હોય છે. આ લોકો ઝાહેરમાં પણ રહે છે અને ગાયબ પણ થઈ જાય છે. ઝાહેરમાં હોય છે, ત્યારે આપણે તેમને જોઈ શકીએ છીએ, પણ ઓળખી શકતા નથી કે, આ જ વ્યક્તિ મર્દાને ગયબ પૈકીની છે. હા ! જે લોકો રૂહાની આલમના જાણકાર છે અને જેમણે આધ્યાત્મિક શક્તિ કેળવી છે, તેઓ જ કુદરતના ઘણા ખરા રહસ્યોના જાણકાર હોય છે. આવા લોકો જ પેલા મર્દાને ગયબને ઓળખી શકે છે.

કુરઆને શરીફમાં **"વમા યઅલમુ જુનુદ રબ્બુક ઇલ્લા હુવ"** ના વાકય દ્વારા એમ કહેવામાં આવ્યું છે કે, "તારા પરવરદિગારના ગુપ્ત લશ્કરની સંખ્યા ખુદ પરવરદિગાર સિવાય કોઈ જાણી શકતું નથી." તેથી રિજાલુલ ગયબ જેવી મખલુકની કુલ સંખ્યા જાણવી મુશ્કેલ છે. પણ તસવ્વુફની કિતાબોમાં અવલિયાએ કિરામના મંતવ્યો અને મુશાહિદાત મળી આવે છે. તે ઉપરથી જાણવા મળે છે કે આ મર્દાને ગયબની સંખ્યા ૭૦ હજાર જેટલી છે. હુઝૂર સરકારે દોઆલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની એક હદીસ શરીફ છે કે, "મારી ઉમ્મતના ૭૦ હજાર માણસો કયામતના દિવસે હિસાબ કિતાબ વગર જ જન્નતમાં દાખલ થશે." તે વિષે મુતસવ્વેફીન (સુફી બુઝુર્ગો)નું કથન છે કે, આ ૭૦ હજાર તે જ "રિજાલુલ ગયબ"છે.

દુનિયાની ઝાહેરી વ્યવસ્થા જાળવવા અને પ્રજાને પ્રગતિના પંથે લઈ જવા, જે પ્રકારના અધિકારીઓ, કેળવણી ખાતાના વડા, પોલીસ ખાતાના વડાઓ, સી.આઈ.ડી. તથા એલ.આઈ.બી., જેવા જાસુસી ખાતાના માણસો, પાર્લામેન્ટના સભ્યો અને સ્પીકરો, પ્રધાનો અને તેમના ખાનગી મંત્રીઓ વગેરેની નિમણૂકો રાજય તરફથી થાય છે. તે જ પ્રકારે રૂહાની અધિકારીઓની નિમણૂકો ખુદા તરફથી થાય છે. અવલિયાએ કિરામના કથનો જોતાં જાણવા મળે છે કે, રિજાલુલ ગયબના કુલ ૧૨ પ્રકારો છે. તે સૌ જુદા જુદા ખાતાઓ અને વ્યવસ્થા તંત્રનું સંચાલન કરે છે.

**રિજાલુલ ગયબ**ની કુલ સંખ્યા ૭૦ હજારની છે. તે પૈકીના ૫૬૦૦૦ તે લોકો છે, જેમના શિરે અલ્લાહ તઆલાએ સંસારની વ્યવસ્થા અને નેક બંદાઓની રૂહાની કેળવણીની જવાબદારી નાખી છે. બાકીના ૧૪૦૦૦ માણસોના શિરે, રાહે હિદાયત દેખાડવાની કામગીરી સોંપવામાં આવી છે. આ ૧૪૦૦૦ વ્યક્તિઓ તે **"મશાઇખે તરીકત"** છે, જે તાલિબાને હકને મહેનત શ્રમ અને પ્રેમ સહિત રૂહાની તાલીમ આપી, અલ્લાહ તઆલા સુધી પહોંચાડે છે. આ ચૌદ હજાર મશાઇખે

તરીકત આપણા દુનિયવી પીરો જેવા હોતા નથી. પંરતુ કુદરતના બાતિની નિઝામમાં પેલી છપ્પન હજાર વ્યક્તિઓ સાથે સંકળાયેલા અને તેમના સંપર્કમાં રહેતા હોય છે.

**રિજાલુલ ગયબ**ના હોદ્દા નીચે મુજબ હોય છે. (૧) કુત્બુલ અકતાબ (૨) કુત્બુલ ઈકલીમ (૩) કુત્બુલ વિલાયત (૪) ગૌસ (૫) ઈમામ (૬) મકતુમ (૭) ફર્દ (૮) અખ્યાર (૯) અવતાદ (૧૦) અબદાલ (૧૧) નકીબ (૧૨) નજીબ : આ ૧૨ પ્રકારની ગયબી મખલુકનો ટૂંકો પરિચય નીચે મુજબ છે.

**(૧) "કુત્બુલ અકતાબ" :** કુત્બુલ અકતાબની પદવી સૌથી શ્રેષ્ઠ અને પ્રથમ પંક્તિની છે. આ મહાન વ્યક્તિનું નામ જીંદગીમાં ગમે તે હોય, પણ રિજાલુલ ગયબમાં તેમનું નામ હંમેશા **"અબ્દુલ્લાહ"** હોય છે. અલ્લાહ તઆલાએ આખા જગતનો દારોમદાર તેમની જ કામગીરી ઉપર સોંપ્યો છે. ૭૦ હજાર મર્દાને ગયબ તેમના કબજામાં છે. તેમની યોજનાઓ, આદેશો અને માર્ગદર્શન મુજબ બધા કામ કરતા હોય છે. જગતનું પ્રત્યેક કામ તેમની નજર હેઠળ જ થાય છે. "કુત્બુલ મદાર", "કુત્બુલ અકબર", "કુત્બુલ આલમ", "કુત્બુલ ઈર્શાદ" જેવા નામોથી તેમને સંબોધવામાં આવે છે. તેમની હેસીયત જાહેરી જીવનમાં જેમ બાદશાહ, રાષ્ટ્રપ્રમુખ કે ગવર્નર જનરલ હોય છે, તેવી જ તેમની પદવી છે.

**(૨) "કુત્બુલ ઇકલીમ" :** પૃથ્વીને સાત જુદા જુદા વિભાગોમાં વહેંચી નાખી છે. પ્રત્યેક વિભાગ માટે એક **"કુત્બુલ ઇકલીમ"** ની નિમણૂક કરવામાં આવી છે. આ નિમણૂકો **કુત્બુલ અકતાબ** જ કરે છે. દુનિયાના આ સાત વિભાગોને **"હફ્ત ઇકલીમ"** કહેવામાં આવે છે અને તે સાત ઈકલીમ પૈકી એક એક ઈકલીમ (વિભાગ)ની જવાબદારી **કુત્બુલ ઇકલીમ**ના શિરે હોય છે. તેમની હૈસીયત આપણા ગવર્નર જેવી ગણી શકાય.

(૩) **"કુત્બુલ વિલાયત"** : અલ્લાહના નેક બંદાઓને વિલાયતના મરતબા સુધી પહોંચાડવા અને તે મરતબો પ્રાપ્ત કર્યા બાદ, તેને ચોક્કસ કામગીરી સોંપવાનું કામ આ કુત્બે વિલાયતનું હોય છે. દુનિયાના તમામ અવલિયા અલ્લાહ અને મશાઇખ તેના નુરે બાતિનથી ફૈઝ હાસિલ કરતા હોય છે. આ વ્યક્તિઓની કુલ સંખ્યા પાંચની છે અને તે પાંચ જણા હંમેશા મુલ્કે યમનમાં રહે છે. આપણા જેવા દુનિયાદાર માણસો તેમને ઓળખી શકતા નથી. તેઓ યમનમાં બેઠા બેઠા આખી દુનિયાના અવલિયા અલ્લાહ પર નજર રાખે છે.

(૪) **"ગૌસ"** : **'રિજાલુલ ગયબ'**માં કુત્બુલ અકતાબ સિવાય, મર્દાને ગયબમાં ગૌસનું સ્થાન સૌથી ઉચ્ચ ગણાય છે. તેમની કામગીરી કુત્બુલ અકતાબના પર્સનલ આસિસ્ટંટ જેવી હોય છે. કુત્બુલ અકતાબ અવાર નવાર તેમને પોતાના નાયબ તરીકે કેટલીક સેવાઓ સોંપે છે. અમુક બાબતોમાં તેઓ પોતાના આ બરગુઝીદહ આસિસ્ટંટ સાથે સલાહ મશવરો પણ કરતા હોય છે. ગૌસની ખાસ કામગીરીઓમાં સૌથી મહત્વની એ છે કે, તેઓ કુત્બુલ અકતાબના આદેશ અનુસાર બારગાહે ઈલાહીમાં મખલુકાતની જરૂરતો અને આવશ્યકતાઓ પેશ કરતા રહે છે. **ગૌસનું કાયમી સ્થાન મક્કા મુઅઝઝમા અથવા બયતુલ મુકદ્દસમાં હોય છે.**

(૫) **"ઇમામ"** : મર્દાને ગયબમાં આ વ્યક્તિઓ ફકત બે જ હોય છે. તેમની હેસીયત, કુત્બુલ અકતાબની કેબીનેટ (પ્રધાન મંડળ)માં વઝીર જેવી હોય છે. **'રિજાલુલ ગયબ'**માં તેમના નામો **'અબ્દુર્રબ'** તથા **'અબ્દુલ માલિક'** હોય છે.

(૬) **"મકતુમ"** : અવાર નવાર રિજાલુલ ગયબની જે સંયુકત પરિષદો ભરાય છે, તેની વ્યવસ્થા કરવાનું કામ મકતુમોના શિરે છે. બાતિની બેઠકોનો પ્રબંધ કરવો તેમજ તેમાં મંઝુર થએલા ઠરાવો કે નિર્ણયોને અમલમાં મૂકવાની કામગીરી મકતુમોને સોંપવામાં આવી છે.

**(૭) "ફર્દ"** : આ વ્યક્તિઓ મર્દાને ગયબના ખાસ જલ્સાઓની વ્યવસ્થા કરે છે. **'મકતુમ'** અને **'ફર્દો'**, કુત્બુલ અકતાબના સમકાલીન અને તાબેદાર હોય છે. આ લોકો ખૂબ જ રહસ્યમય કામગીરીઓ ધરાવતા હોય છે. કુત્બુલ અકતાબ ખાસ ખાસ પ્રસંગોએ તેમને ઉપયોગમાં લે છે અને તે પૈકીની જે વ્યક્તિ પોતાની રૂહાનીયતમાં વધુ પ્રગતિ કરી જાય છે, ત્યારે કુત્બુલ અકતાબ તેને ગૌસના મરતબામાં લઈ જાય છે અને ત્યાં નવી કામગીરી સોંપવામાં આવે છે.

**(૮) "અખ્યાર"** : રિજાલુલ ગયબમાં આ લોકો કુત્બુલ અકતાબના પ્રવાસમંત્રીઓ જેવા હોય છે. તેઓ કાયમ આખી દુનિયાનો પ્રવાસ કરતા રહે છે. લોકો આ જગતમાં શું શું કરે છે, તેની અઠવાડિક નોંધ એકત્ર કરીને કુત્બુલ અકતાબને પહોંચાડે છે. નજુમીઓ (જયોતીષી) અખ્યારને જ, મર્દાને ગયબ તરીકે ઓળખે છે, તેઓ એક જગાએ રેહતા નથી. આવા **'અખ્યાર'** ની સંખ્યા ૭૦૦ જેટલી છે.

**(૯) "અવતાદ"** : અવતાદની પદવી કુત્બુલ અકતાબ ગૌસ, ઈમામ, મકતુમ, ફર્દ અને અખ્યારથી નીચેની છે. આ હોદ્દેદારો સિવાય. બીજા તમામ મર્દાને ગયબ પર તેમનો હુકમ ચાલી શકે છે. તેમની ખાસ કામગીરી પણ એ જ છે કે, રિજાલુલ ગયબમા જે જે અધિકારીઓને, જે જે સેવાઓ સોંપવામાં આવી હતી તેનું શું થયું ?? એટલે કે અવતાદ બીજા મર્દાને ગયબ પાસેથી, તેમની કામગીરીઓનો રિપોર્ટ મેળવે છે અને નવી કામગીરીઓથી વાકિફ કરે છે.

અવતાદની કુલ સંખ્યા ૧૨ની છે. તે પૈકીના ૪ અવતાદને, કુત્બુલ અકતાબે દુનિયાની ચારે દિશાઓમાં ગોઠવ્યા છે. આ ચાર અવતાદોને આપણા બુઝુર્ગો અને સુફીઓ **'અમદ'**ના નામે ઓળખે છે. ઉપરોકત ચાર સિવાય બાકીના આઠને દુનિયાના જુદા જુદા ભાગો ઉપર રાખવામાં આવ્યા છે.

**(૧૦) "અબદાલ"** : અબદાલની કુલ સંખ્યા ૪૦ની છે. રિજાલુલ ગયબમાં તેઓ **'અબરાર'**ના નામે ઓળખાય છે. આ ૪૦ પૈકીના એક અબ્દાલને એક હજાર અવલિયાના હાકિમ તરીકે ગોઠવવામાં આવ્યા છે. એટલે કે તેઓ ૪૦ હજાર અવલિયાઓની નિગેહબાની કરતા હોય છે. આ ૪૦ હજાર અવલિયાને ભિન્ન ભિન્ન પ્રકારની કામગીરીઓ સોંપીને, મોટા મોટા શહેરોમાં ગોઠવી દેવામાં આવ્યા છે. આ અવલિયાને **'કુત્બે શહેર'** પણ કહેવામાં આવે છે. આ ૪૦ હજાર અવલિયાઓ પોત પોતાને સોંપવામાં આવેલા શહેરોમાં અને તેની આજુ બાજુના ગામો, કસ્બાઓ અને મોટા મોટા વિસ્તારોમાં પોતાની ગુપ્ત અને રહસ્યમય સેવાઓ બજાવતા હોય છે. તે લોકો અબદાલોના હુકમો તથા આદેશોને આધીન રહે છે.

**(૫) "નકીબ"** : નકીબોનું કામ રિજાલુલ ગયબમાં જાસુસ તરીકેનું છે. તેમની સંખ્યા ૭૦૦ની છે. તે પૈકીના ૩૦૦, અબદાલોના હાથ નીચે કામ કરતા હોય છે. મર્દાને ગયબમાં આ ૭૦૦ નકીબોનું નામ **'અલી'** પણ હોય છે.

**(૫) "નજીબ"** : આ નજીબ લોકો અવલિયાની જમાઅતમાં ઉચ્ચ સ્થાન ધરાવે છે. તેમની સંખ્યા ૮૪૦ પૈકીના, ૪૦ શખ્સો અબદાલોના પ્રાઈવેટ સેક્રેટરી તરીકેની કાગીરી બજાવે છે. અબદાલો પોતાના કામમાં અવાર નવાર તેમનાથી સલાહ મશવરો કરતા રહે છે અને અવાર નવાર પોતાના નાયબ તરીકેની કામગીરી પણ તેમને સોંપે છે. તેમાં તેઓ અબદાલ તરીકે કામ કરે છે. આ ૪૦ ઉપરાંત બાકીના કેટલાક ગૌસની માતેહત છે, તો કેટલાક કુત્બેવિલાયત અને અવતાદની માતેહતમાં કામ કરતા હોય છે.

આવી રીતે રિજાલુલ ગયબની બાતિની વ્યવસ્થા ખૂબ જ રહસ્યમય હોવાથી તેની વધુ વિગતો મળી શકતી નથી. અવલિયાએ કિરામે અવારનવાર જે કાંઈ જોયું અને અનુભવ્યું છે, તેમણે પણ તે

વિષેની પૂરેપૂરી વિગતો આપવાનું ઉચિત માન્યું નથી. આ ગુપ્ત મખ્લુકની ફકત આછી રૂપરેખા જ આપી છે.

આ રિજાલુલ ગયબ (ગયબી મખલુક) કોણ છે ? શું કરે છે ? વિગેરે વિગેરે બાબતોની જાણકારી પ્રાપ્ત કરવાનો આપણને શરીઅત તરફથી કોઈ હુકમ આપ્યો નથી. તેમજ શરઈ દષ્ટિએ તેમની શોધખોળ અથવા તેમની સાથે સંપર્ક સાધવાના પ્રયાસો કરવાની પણ આપણને જરૂર રેહતી નથી. કારણકે તસવ્વુફની કિતાબોમાં રજૂ થએલી આવી રહસ્યમય બાબતોનો કોઈ સ્પષ્ટ ઉલ્લેખ કુરઆને મજીદમાં કે, હદીસ શરીફમાં મળી આવતો નથી.અલબત્ત હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ અને હઝરત અબૂ હુરયરહ (રદિયલ્લાહો અન્હો) ની કેટલીક હદીસો જોતાં આપણા બુઝુર્ગોએ તેમના ભાવાર્થને આ મર્દાને ગયબ સાથે સરખાવ્યો છે. એટલે આ ગુપ્ત સિલસિલો અવશ્ય હસ્તી ધરાવે છે, તે તો પુરવાર થઈ જાય છે. પરંતુ તેને શા માટે ગુપ્ત રાખવામાં આવ્યો ? તે એક પ્રશ્ન છે. તેને ખુદા જ બેહતર જાણે છે.

અલ્લાહ રબ્બુલ ઈજ્જતના ભેદ ન્યારા જ છે. આપણી ટૂંકી બુદ્ધિ અને મર્યાદિત દૃષ્ટિ આ જોઈ પણ ન શકે અને સમજી પણ ન શકે, અલ્લાહ રબ્બુલ ઈજ્જતે કુરઆને મજીદમાં જે રીતે હુરૂફે મુકત્તઆત **"અલિફ લામ, મીમ." "અલિફ લામ, રા." "કાફ, હા, યા, અયન, સ્વાદ" "હા મીમ" "હા મીમ અયન સીન કાફ", "તા હા" "યાસીન", "કાફ" "સ્વાદ"** આવા રહસ્યમય શબ્દોમાં પોતાના રહસ્ય છુપાવ્યાં છે. તે જ રીતે દુનિયાના ઝાહરી તંત્રની પાછળ જે ગુપ્ત તંત્ર ગોઠવ્યું છે અને તે તંત્રની કાગીરીઓ જે ગુપ્ત લોકોને સોંપી છે, તેની વિગતોથી આપણને અજ્ઞાત રાખ્યા છે, તે કદાચ એટલા માટે હશે કે, ઘણી ખરી બાબતો એવી હોય છે, જે મનુષ્ય સમજી શકતો નથી.

અલ્લાહ બહેતર જાણનારો છે.

# મૈયતને ગુસ્લ આપવાની રીત

મૈયતને ગુસ્લ આપવા માટે એક લાકડાનો તખ્તો (પાટ) રાખવો. તેની ચોતરફ લોબાન વગેરેની ખુશ્બૂની ધૂણી આપવી. પછી મૈયતને તેના ઉપર સૂવડાવી દેવું. જેવી રીતે ગુસ્લ આપવાની સગવડ હોય એ રીતે સૂવડાવવું. કિબ્લારૂખ હોવું જરૂરી નથી. પરદો રાખવો અને ત્યાં ગુસ્લ આપનાર તથા તેને મદદ કરનાર હોય, તે સિવાય બીજો કોઈ જોવા પામે નહીં. પછી ડૂંટીથી ઘૂંટણ સુધી કપડું ઢાંકી તેને ઈસ્તિન્જા એ રીતે કરાવે કે ગુસ્લ આપનાર હાથ ઉપર કપડું લપેટી ઈસ્તિન્જા કરાવે, પછી નજાસત સાફ કરી લે. ડૂંટીથી ઘૂંટણ સુધીના ભાગને 'આડ' વીના સ્પર્શવું હરામ છે. મર્દે મર્દની અને ઔરતે ઔરતની સાથળને જોવી નહીં. પછી મૈયતને વુઝૂ કરાવવું. આ વુઝૂ મોઢા અને નાકથી શરૂ થાય છે. કુલ્લી અને નાકમાં પાણી નાખવા માટે ગુસ્લ આપનાર કપડાને આંગળીમાં લપેટી મૈયતના મોઢામાં દાખલ કરીને સાફ કરે અને તેના દાંત, હોઠ, પેઢાં અને તાળવાને સાફ કરે. પછી કોણી સુધી હાથોને ધોઈ લે. પછી ગુસ્લ એવી રીતે કરાવે કે માથા તથા દાઢીના વાળને પાક માટી અથવા સાબુથી ધોઈ લે. પછી ગરમ પાણીથી મૈયતને નવડાવે. (બરોડીના પાંદડાં નાખીને પાણી ગરમ કરેલ હોય તો સારૂં). મૈયતને જમણા પડખે લેટાવીને નવડાવો જેથી તેના શરીરના જમણા ભાગે પાણી પહોંચી જાય પછી મૈયતને સહારાથી બેઠા કરી પેટને નરમ હાથથી દબાવવું જેથી 'નજાસત' હોય તો નીકળી જાય. પછી નજાસતને ધોઈ નાખવી. તેમાં ફરી વુઝૂ, ગુસ્લની જરૂર નથી. પછી ડાબા પડખે લેટાવીને નવડાવો. ઓછામાં ઓછું ત્રણ વાર તેના શરીર પરથી પાણી વહેવું જોઈએ. પછી પાક, સાફ કપડા વડે શરીર લૂંછી લો. દાઢી તથા માથામાં અત્તર લગાડવું મુસ્તહબ છે. પછી પેશાની, બંને હથેળી, બંને ઘૂંટણ અને બંને પગ ઉપર કપૂરને લગાડવું.

# મા-બાપના હક્કો

**અલ્લાહ અલ્લાહ અય ફલક ! દેખ શાને મુસ્તફા**
**ચૂમતે હૈં સબ મલાઈક આસ્તાને મુસ્તફા**

અલ્લાહ તઆલાનું ફરમાન છે કે જો તમે મને રાજી રાખવા માગતા હો તો પહેલાં મારા રસૂલ સલ્લલ્લાહો અલયહે વઆલેહિ વસલ્લમને રાજી કરો અને અલ્લાહના રસૂલ ત્યારે જ રાજી થશે જ્યારે આપના ફરમાન મુજબ અમલ કરવામાં આવે.

હદીસ પાકમાં મા-બાપના હક્કોની અદાયગીની ઘણી જ તાકીદ કરવામાં આવી છે. કારણ કે મા-બાપની નાફરમાની હરામ છે અને તેનો બદલો જહન્નમ છે. જેમ કે હઝરત અબૂ અમામા રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે કે એક શખ્સે અરજ કરી, યા રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહિ વસલ્લમ ! ઔલાદ પર મા-બાપનો શો હક છે ? ફરમાવ્યું, બંને તારી જન્નત અને દોઝખ છે. એટલે કે એમની ફરમાબરદારી કરી રાજી રાખશો તો જન્નત મળશે અને નારાજ કરશો તો જહન્નમ. (ઈબ્ને માજા)

બીજી એક હદીસમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે કે રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહિ વસલ્લમે ફરમાવ્યું, જેની સવાર એ રીતે થઈ કે મા-બાપનો ફરમાબરદાર છે, એના માટે સવારે જ જન્નતના દરવાજા ખુલી જાય છે અને જો મા-બાપમાંથી એક જણ હયાત હોયતો એક દરવાજો ખુલે છે. જેણે સવાર એ રીતે કરી કે મા-બાપનો નાફરમાન હોય, એના માટે સવારે જ જહન્નમના દરવાજા ખુલી જાય છે. જો મા-બાપમાંથી એક જણ હયાત હોય તો એક દરવાજો ખુલે છે. એક શખ્સે પૂછયું. જો મા-બાપની એની ઉપર જુલમ કરે તો ? ફરમાવ્યું, જો મા-બાપ એની ઉપર જુલમ કરતા હોય તો પણ. આમ ત્રણ વાર ફરમાવ્યું.

આજે તો ઘણા લોકો મા-બાપની ફરિયાદો કર્યા કરે છે. ખબરદાર મુસલમાનો ! જાણી લો મા-બાપની નાફરમાની પણ ઔલાદને જહન્નમમાં તાણી જશે. બીજી એક હદીસમાં અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે કે રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહિ વસલ્લમે ફરમાવ્યું, 'ઉપકાર જતાવનાર, શરાબ પીનાર જન્નતમાં નહીં જાય

મુસલમાનો ! આ હદીસ વારંવાર વાંચો અને વિચારો કે મા-બાપનો શો દરજ્જો છે ? યાદ રાખો ! મા-બાપની ખુશીમાં અલ્લાહ અને એના વ્હાલા રસૂલની ખુશી છે અને મા-બાપની નારાજગીમાં અલ્લાહ-રસૂલની નારાજગી છે.

**અગર-ચે ઝોહદો તકવેકા મૈં મુન્કર તો નહીં લેકિન**
**દુઆ મા-બાપકી લે લે, કે યે અકસીરે આઝમ હૈ**

# અકીકા

**અકીકાની તારીફ :** બાળક પૈદા થવાના શુક્રિયામાં જે જાનવર ઝબ્હ કરવામાં આવે છે. તેને અકીકા કહેવામાં આવે છે.

**અકીકો ક્યારે કરવો જોઈએ :** મસઅલા અકીકો મુસ્તહબ છે. તેના માટે સાતમો દિવસ બેહતર છે. અગર સાતમા દિવસે ન કરી શકે તો, જ્યારે ઠીક લાગે ત્યારે કરે. સુન્નત અદા થઈ જશે.

**મસઅલા :** છોકરાના માટે બે બકરા અને છોકરી માટે એક બકરી ઝબ્હ કરવામાં આવે એટલે કે છોકરામાં નર જાનવર અને છોકરીમાં માદા જાનવર મુનાસીબ છે. અગર તેમાં ફેરફાર હોય તો પણ વાંધો નહીં.

**મસઅલા :** અગર ગાય, ભેંસ ઝબ્હ કરે તો છોકરાના માટે બે હિસ્સા અને છોકરીના માટે એક હિસ્સો પુરતો છે.

**મસઅલા :** કુરબાનીમાં અકીકા પણ થઈ શકે છે. અકીકાના જાનવર માટે પણ તેજ શરતો છે. જે કુરબાનીના જાનવર માટે છે.

**અકીકાના ગોસ્તને શું કરવું જોઈએ : મસઅલા :** અકીકાનો ગોસ્ત ફકીરો અને અઝીઝો અને દોસ્તોને કાચુ તકસીમ (વહેચવું) કરવામાં આવે. અથવા રાંધીને વહેંચવામાં આવે. અથવા દાવતના તરીકાથી ખવડાવી દેવામાં આવે. બધી જ રીતે જાઈઝ છે.

**મસઅલા :** બાળકના સારા ભવિષ્ય માટે હાડકા ના તોડે તો બેહતર છે અને તોડવું પણ નાજાઈઝ નથી. ગોસ્તને જેવી રીતે ઈચ્છે રાંધી શકે છે. પરંતુ મીઠું (ગળ્યું) રાંધવું બાળકના સારા અખ્લાક (સદવર્તન) થવાના સંકેત છે.

**મસઅલા :** અકીકાનો ગોસ્ત મા-બાપ, દાદા, દાદી વગેરે બધા જ ખાઈ શકે છે.

**મસઅલા :** અકીકાની ખાલ (ચામડું)નો તેજ હુકમ છે જે કુરબાનીની ખાલનો છે કે પોતાના કામમાં રાખે અથવા ગરીબોને આપી દે. અથવા કોઈ બીજા સારા નેક કામમાં મસ્જીદ મદ્રસામાં આપી દેવું.

**મસઅલા :** અકીકાના જાનવરને ઝબ્હ કરવાના સમયે આ દુઆ પઢવામાં આવે છે.

**'અલ્લાહુમ્મ હાઝેહી અકીકતો ઈબ્ની ફલાં'**

('ઈબ્ની ફલાં'ની જગ્યાએ પોતાના છોકરાનું નામ લે જો પોતે ઝબ્હ કરતો હોય તો, અને અગર બીજો કરે તો છોકરાનું અને છોકરાના બાપનું નામ લે.)

**'દમોહા બે દમેહી વલ હમોહા બેલહમેહી વઅઝમોહા બે અઝમેહી વજીલ્દોહા બે જીલ્દેહી વશઅરોહા બેશઅરેહી અલ્લાહુમ્મજ અલ્હા ફેદા અલ લે ઈબ્ની મે નબ્નારે બીસ્મીલ્લાહે અલ્લાહો અકબર'**

અને અગર છોકરીનું હોય તો આ દુઆ પઢે.

**'અલ્લાહુમ્મ હાઝેહી અકીકતો બિન્તી ફોલાનતન'**

(ફોલાનતનની જગ્યાએ નામ લે.)

**'દમોહા બે દમેહા વલહમોહા બેલહમેહા વઅઝમોહા બેઅઝમેહા વજીલ્દોહા બેજીલ્દેહા વશઅરોહા બે શઅરેહા અલ્લાહુમ્મજ અલ્હા ફેદા અલ લે બીન્તી'**

(અગર બીજાની છોકરીનો અકીકા હોય તો બીન્તી અને તેનું નામ લે.)

**'મેનબ્નારે'** અગર આ દુઆ યાદ ન હોય તો વિના દુઆ પઢે. પણ ફકત **બીસ્મીલ્લાહે અલ્લાહો અકબર** કહીને ઝબ્હ કરી દે અકીકો થઈ જશે.

(હવાલા : કાનુને શરીઅત ભાગ ૧, પેજ ૧૬૬)

# કેટલાક કબીરા ગુનાઓ

**વ્યાજ લેવું :** કરજના બદલામાં કોઈ પ્રકારનો નફો લેવો વ્યાજ છે. જે કબીરા ગુનાઓમાં છે. અલ્લાહ તઆલાએ ફરમાવ્યું, 'હે ઈમાનવાળાઓ ! અલ્લાહતઆલાથી ડરો અને (આજ પછી) જે વ્યાજ બાકી રહી ગયું છે એ છોડી દો. જો તમે ખરેખર ઈમાનદાર હોવ, અને જો આમ નથી કરતા તો અલ્લાહ તઆલા અને એના રસૂલથી લડવા માટે તૈયાર થઈ જાય.'

'રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે વ્યાજ ખાનારા, ખવડાવનારા, લખનારા અને એના પર સાક્ષી બનનારાઓ પર લાનત કરી છે અને ફરમાવ્યું કે ગુનામાં તેઓ બરાબરના ભાગીદાર છે.' (સહીહ મુસ્લિમ)

**માપ-તોલમાં કમી કરવી :** કોઈનાથી માલ લેતી વખતે કે આપતી વખતે ઓછું-વત્તુ કરવું પણ મોટા અપરાધમાંથી છે. અલ્લાહતઆલાએ ફરમાવ્યું, વિનાશ છે તોલમાપમાં ઓછું આપનારાઓ માટે જેમની સ્થિતિ એવી છે કે જ્યારે લોકો પાસેથી લે છે, અને જ્યારે તેમને માપીને અથવા તોલીને આપે છે ત્યારે તેમને ઓછું આપે છે. શું આ લોકો નથી સમજતા કે એક મહાન દિવસે આ લોકો ઉઠાવીને લાવવામાં આવવના છે ? તે દિવસે જ્યારે સૌ લોકો દુનિયાઓના માલિક સમક્ષ ઊભા હશે. (સૂર : મુતફ્ફિફીન-૧ થી ૫)

**ખયાનત કે બેઈમાની કરવી :** અમાનતમાં ખયાનત કરવી પણ કબીરા ગુનો છે. અલ્લાહ તઆલાએ ફરમાવ્યું, 'હે લોકો જેઓ ઈમાન લાવ્યા છો, જાણી જોઈને અલ્લાહ અને તેના રસૂલની સાથે બેવફાઈ ન કરો. પોતાની અમાનતોમાં વિશ્વાસઘાત ન કરો. (સૂર : અન્ફાલ-૨૮)

રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું જે અમાનતદાર નથી, તેનો ઈમાન નથી અને જે વાયદો પૂરો કરનાર નથી તેનો દીન નથી. (મુસ્નદ અહમદ)

**ચોરી કરવી :** ચોરી કરવી કબીરા ગુનો છે. અલ્લાહતઆલાએ ફરમાવ્યું, ચોરી કરનારા પુરૂષ અને સ્ત્રીના હાથ કાપી નાખો. આ એમના કરતૂતનો બદલો છે અને અલ્લાહ તરફથી ચેતવણી અને બોધપ્રદ સજા છે અને અલ્લાહ શક્તિશાળી અને ડહાપણવાળો છે.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું, જ્યારે વ્યભિચારી વ્યભિચાર કરે છે તો તે મોમિન નથી રહેતો અને આ જ રીતે જ્યારે ચોરી કરે છે તો મોમિન નથી રહેતો. (સહીહ બુખારી)

**લૂટ કરવી :** જબરજસ્તી કોઈનો માલ છીનવી લેવો અને રાહદારી તથા મુસાફરોને લૂટી લેવા અલ્લાહની નજીક બહુ જ મોટો ગુનો છે. અલ્લાહતઆલાએ ફરમાવ્યું, જે લોકો અલ્લાહ અને તેના રસૂલ સાથે લડાઈ કરે છે અને ધરતી ઉપર બગાડ પેદા કરવા માટે પ્રયત્નશીલ રહે છે તેમની સજા એ છે કે તેમને કતલ કરવામાં આવે, અથવા શૂળીએ ચઢાવવામાં આવે અથવા તેમના હાથ અને પગ સામસામી બાજુએથી કાપી નાખવામાં આવે. અથવા તેમને દેશનિકાલ કરવામાં આવે. આ નામોશી તો તેમના માટે દુનિયામાં છે અને આખિરતમાં તેમના માટે આનાથી મોટી સજા છે. (સૂર : માઈદહ-૩૩)

રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું, જ્યારે કોઈ એવી લૂટમાર કરે છે કે લોકો (તાકતી) નજરે તેની તરફ જોઈ રહ્યા હોય તો તે ઈમાનદાર નથી હોતો. (સહીહ બુખારી)

**દીનનું શિક્ષણ છુપાવવું અને દુનિયા પ્રાપ્તિ માટે શિક્ષણ મેળવવું :** દીનનું શિક્ષણ છુપાવીને દુનિયાનો માલ અને હોદ્દો પ્રાપ્ત કરવા માટે દુનિયાનું શિક્ષણ મેળવવું પણ મોટો ગુનો છે.

અલ્લાહ તઆલાએ ફરમાવ્યું, જે લોકો અમારા ઉતારેલા સ્પષ્ટ શિક્ષણ અને માર્ગદર્શનને છુપાવે છે. એ પછી પણ કે અમે એમને સર્વ માનવોના માર્ગદર્શન માટે અમારા ગ્રંથમાં વર્ણવી ગયા છીએ, ખાતરી રાખો કે અલ્લાહ પણ તેમની ઉપર ફિટકાર કરે છે અને સર્વ ફિટકાર કરનારાઓ પણ તેમની ઉપર ફિટકાર કરે છે. (સૂર : બકરહ-૧૫૯)

રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું, જેનાથી શિક્ષણની કોઈ વાત પૂછવામાં આવી અને તેણે છુપાવી લીધું, કયામતના દિન આગની લગામ એને લગાવવામાં આવશે. (તિર્મિઝી)

જે શખ્સ એવું શિક્ષણ મેળવે છે જેનાથી અલ્લાહની પ્રસન્નતા વંચિત હોવી જોઈતી હતી, પરંતુ તે તેના માટે મેળવે છે કે એના દ્વારા દુનિયાનો સામાન મળી જાય, એવો શખ્સ કયામતના રોજ જન્નતની ખુશબૂ સુદ્ધાં નહીં મેળવે. (અબૂ દાઊદ)

**જુગાર** રમવો મોટો ગુનો છે, કેમકે એમાં બીજાનું ધન અધમ રીતે મેળવવામાં આવે અને સમયનો વ્યય થાય છે. : અલ્લાહ તઆલાએ ફરમાવ્યું :

'હે લોકો જેઓ ઈમાન લાવ્યા છો, શરાબ અને જુગાર, વેદીઓ અને પાસાં, આવા સર્વ ગંદા શેતાની કામ છે, તેનાથી દૂર રહો, આશા છે કે તમને સફળતા પ્રાપ્ત થશે.' (સૂર : માઈદહ-૯૦)

એ જ રીતે ઉપકાર કરી દર્શાવવું, નિંદા કરવી, વિના કારણે લાનત કરવી મોટા અને કબીરા ગુનાઓ છે, એનાથી બચવું દુનિયા અને આખિરતની સફળતા માટે જરૂરી છે.

## નસીહત

અલ્લાહ તઆલાની નાફરમાની થી બચો સૌથી મોટા આબીદ (ખૂબ ઈબાદત કરનાર) બની જશો. (મિશ્કાત શરીફ)

સંબંધ તોડનાર જન્નતમાં દાખલ થઈ શકશે નહીં (બુખારી શરીફ)

મોટા ભાઈનો હક નાના ભાઈ પર એવો છે જેમકે બાપની હક બેટા ઉપર હોય છે. (બયહકી શરીફ)

હાજીની બખ્શીશ થઈ જાય છે. અને હાજી જેના માટે મગફેરતની દુઆ કરે તેની પણ મગફેરત થઈ જાય છે.

જેણે હજ કરી અને નકામા કામોથી દુર રહયો એ માણસ ગુનાહોથી એવો પાક થઈ જાય છે કે જાણે આજે જ તેણે માના પેટથી જન્મ લીધો હોય. (બુખારી શરીફ)

અહેલેબૈત (આલે રસુલ- સૈયદ) થી દુશ્મની રાખનારમાં ત્રણ વાતોમાંથી વાત જરૂર હશે (૧) મુનાફિક હશે (૨) હરામની ઔલાદ હશે (૩) હૈઝના દિવસમાં તેની માંને હમલ રહયો હોય અને તેનાથી પૈદા થયો હોય. (બયહકી શરીફ)

જમાઅત સાથે નમાઝ પઢતી વખતે રૂકુઅ અને સીજદહમાં તારૂ માથું ઈમામથી પહેલા ઉંચુ ન કર કયાંક એવું ન બને કે તારા માથાને ગધેડાનું માથું બનાવી દેવામાં આવે. (મુસ્લિમ શરીફ)

કુરઆને કરીમ ત્યાં સુધી પઢો જયાં સુધી તમારૂં દિલ (ધ્યાન) તેમાં લાગેલું રહે અને જયારે કંટાળો આવે તો ઉભા થઈ જાવ. (બુખારી શરીફ)

મહેમાનનો આદર સત્કાર કરો, મહેમાનને વધુમાં વધુ ત્રણ દિવસ રોકાવાની ઈજાઝત છે. તેથી વધારે રોકાશે અને જે કાંઈ ખાશે તે સદકામાં ગણાશે. (અલ-અદબમાંથી)

હલાલ કાર્યોમાં અલ્લાહ તઆલાને સૌથી નાપસંદ કાર્ય તલાક આપવાનું કાર્ય છે. (અબુ દાઉદ શરીફ)

તમારામાં સૌથી સારો મોમીન (મુસલમાન) એ છે જે સદાચારી અને સંસ્કારી હોય. (મિશ્કાત શરીફ)

અલ્લાહ તઆલા એ વ્યક્તિ ઉપર રહેમ (દયા) કરે છે જે ઉઘરાણી વખતે ગ્રાહક સાથે નમ્રતા અને ઉદારતા દાખવે છે. (બુખારી શરીફ)

ત્રણ બાબતો એવી છે કે જે તેની અંદર હશે તો અલ્લાહ તઆલા તેની મૌત આસાન (સરળ) બનાવશે અને જન્નતમાં દાખલ કરવામાં આવશે.

(૧) નબળાઓ સાથે નમ્ર વ્યવહાર (૨) માં બાપ સાથે પ્રેમ (૩) ગુલામો - નોકરો સાથે ભલાઈ પૂર્વકનું વર્તન. (તિરમીઝી શરીફ)

અમલ (ઈબાદત-બંદગી, નેક કાર્ય) કાર્ય વિનાની દુઆ એવી છે કે શરીર તો છે પણ તેમાં રૂહ નથી.

હંમેશા વાદવિવાદ કરવાથી બચતા રહો વાદ-વિવાદ (બહસ)નું પરિણામ લડાઈ-ઝઘડો જ હોય છે.

તમારી જીભથી નીકળેલો એક શબ્દ કોઈના દિલ માટે ઝખ્મ (ઘા) પણ થઈ શકે છે અને કોઈના દિલ માટે મરહમ (ઘા પર લગાડવાની દવા) પણ થઈ શકે છે હવે તમારે નક્કી કરવાનું રહે છે કે કયા શબ્દનો ઉચ્ચાર કરવો.

દુનિયામાં સૌથી મુશ્કિલ કામ પોતાની જાતની સુધારણા કરવાનું છે. જયારે સૌથી સહેલુ કામ બીજાના ઐબ જોવા છે.

કોઈના પણ સદગુણો (સારી ટેવો અને સારા કામો) ના વર્ણન પાછળ સમય ન બગાડો હોશીયારી એ છે કે તેના સદગુણો પર અમલ કરવામાં સમય આપવો જોઈએ.

ઔરત (પત્ની)ની બદચલની પર સબ્ર કરનારને હઝરત ઐયુબ (અલૈહિસ્સલામ)ના સબ્રની બરાબર સવાબ મળશે. (હઝરત ઈમામ ગઝાલી રદી)

આવક કરતા વધુ ખર્ચ કરવો અને સુખી થવાની આશા રાખવી મૂર્ખતા છે.

એ કેટલી શર્મની વાત કહેવાય કે માણસ સવારે જાગે તે પહેલા તો પક્ષીઓ જાગી જાય છે. (હઝરત સિદ્દીકે અકબર રદી)

જયારે તમારા પર કોઈ અહેસાન (ઉપકાર) કરે તો તમે તેને જાહેર કરો પણ તમે કોઈના પર અહેસાન કરો તો તેને છુપાવો. (હઝરત અલી કર.)

મુસીબત (તકલીફ) માણસના વિનાશ માટે નથી આવતી પણ તેની કસોટી (પરીક્ષા) માટે હોય છે. (હઝરત મૌલાના રૂમી રહે.)

જુઠ બોલવા કરતા ચુપ રહેવું ઉત્તમ છે. અને ચુપ રહેવા કરતાં સત્ય બોલવું ઉત્તમ છે.

કોઈનું પણ દિલ ન દુખાવો શકય છે કે તેના આંસુ તમારા માટે મુસીબત બની જાય.

માણસ કેટલો ગાંડો ગણાય કે પોતે એક પત્તુ કે એક કીડી બનાવી શકતો નથી પણ કેટલાય ખુદા બનાવી દે છે. (બર્નાડ શો)

ઈલ્મ શરીફ માણસો (નેક લોકો)ને નમ્ર બનાવી દે છે. અને કમીના (નાલાયક) માણસોને અભિમાની બનાવી દે છે.

સજ્જનતાના પરદામાં છુપાયેલા ડાકુ જેવા માણસો કરતા તે જંગલના વરૂ સારા છે જે પોતાની અસલીયતને છુપાવતા નથી.

પહાડની ઉંચાઈથી પડી જનાર માણસ બેઠો થઈ શકે છે. પણ કોઈની નજરથી પડી જાય તો કદી ઉભો થઈ શકતો નથી.

સારી ખ્યાતી માણસને ઈલ્મથી પ્રાપ્ત થાય છે દૌલતથી નહીં.

સૌથી ખરાબ ઘર એ છે જે ઘરમાં યતીમ (અનાથ) બાળક સાથે દુષ્ટ વ્યવહાર કરવામાં આવે.

જેના દિલમાં અલ્લાહ તઆલાનો ડર (ખૌફ) ના હોય તે ગમે તેવું ખરાબ કૃત્ય આચરી શકે છે.

જે સ્ત્રી (પત્ની) યોગ્ય કારણ વિના પતિ પાસેથી તલાક માંગે તેને જન્નતની ખુશ્બુ પણ નસીબ થતી નથી.

ખરાબ માણસો સારી વસ્તુઓમાં પણ ખરાબ વસ્તુઓ જ શોધે છે. જેમ માખી સુંદર શરીર પર નહીં પણ ગંદા ગુમડા પર જઈને બેસે છે.

પોતાના માં-બાપની નાફરમાની કરનાર, પોતાની ઔલાદથી ફરમાંબરદારીની આશા રાખનાર મોટો મૂર્ખ છે.

હક (સત્ય)ના માર્ગ પર ચાલનારના પગ શૈતાનની છાતી પર હોય છે. અને જૂઠ (અસત્ય)ના માર્ગ પર ચાલનારની છાતી પર શૈતાનના કદમ હોય છે.

**ખત્મ શુદ**

# • તસવ્વુરે શયખ •

તસવ્વુરે શયખ (પીર)નો ખ્યાલ (વિચાર) ધ્યાનસ્થ કરવા એકાંત-શાંત જગ્યાએ બેસવું. જો પોતાના શયખ (પીર) હયાત હોય તો જે દિશામાં તેમનું મકાન હોય તે દિશામાં મોં (ચહેરો) રાખે અને જો હયાત ના હોય તો જે દિશામાં તેમનો મઝાર હોય એ દિશા તરફ મોં રાખવું જોઈએ અને ફક્ત ચુપચાપ (ખામોશ) બેસવાનું છે અને મન (દિલ)માં એવો વિચાર (ખ્યાલ) સ્થિર કરવાનો છે કે હુઝૂર પુરનૂર આ'કા વ મૌલા રહેમતુલ લીલ આલમીન સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ તરફથી ફયઝનો 'નૂર' મારા પીર સાહેબના દિલ (હૃદય) પર વરસી રહ્યો છે અને મારૂં દિલ મારા શયખ (પીર)ના દિલના નીચે યાચક (ભિખારી)ની જેમ લાગેલું છે અને તે ફયઝનો 'નૂર' મારા પીરના દિલમાંથી ઉભરાઈ ઉભરાઈને મારા દિલમાં આવી રહ્યો છે.

ઉપરોક્ત રીત મુજબ મુરીદે તસવ્વુરે શયખને ખૂબ વધારતા રહેવું જોઈએ ત્યાં સુધી કે પીરની શકલો સુરત મુરીદના દિલમાં હમશકલ થઈ જાય તો ઈન્શાઅલ્લાહ દરેક પ્રકારના અમલ-વિર્દ વઝાઈફ અને ઈબાદતમાં મદદ મળશે. આ માર્ગમાં આવતી તકલીફો દૂર થશે અને કામયાબી મળશે. ઈન્શાઅલ્લાહ.

## જરૂરી સૂચના

કોઈપણ અમલ કે વિર્દ-વઝાઈફ માટે સૌમો સલાતની પાબંદી શર્ત છે પીરસાહેબની ઈજાઝત પણ ફાયદાકારક બને છે. અગર ફર્ઝ રોઝા-નમાઝનોની કઝા બાકી હોય તો નિફલ અમલ કબૂલ થતા નથી અને આ ત્રણ આદતોનું હોવું અતિ જરૂરી છે. (૧) તકલીલે તઆમ એટલે ઓછું ખાવું (૨) તકલીલે કલામ એટલે ઓછું બોલવું (3) તકલીલે મનામ એટલે ઓછું ઉંઘવું.

**રિયાઝત નામ હૈ તેરી ગલીમે આને જાનેકા**
**તસવ્વુરમેં તેરે રહેના ઈબાદત ઉસકો કેહતે હૈ**

# આભાર અને અપીલ

વ્હાલા વાચક મિત્રો......................અસ્સલામો અલયકુમ

અલ્લાહ ત્આલાના ફઝલો કરમથી તેના પ્યારા, વ્હાલા, લાડલા, મહેબૂબ, આપણા આ'કા અને મૌલા હુઝૂર તાજદારે અંબિયા સલ્લલ્લાહો અલયહે વસલ્લમના વસીલાથી બુઝૂર્ગોની દુઆથી આપ સૌ, સખી, કદરદાન ભાઈઓ અને બહેનોના સાથ, સહકાર અને સહયોગથી આપણી સુન્ની મુસ્લિમ ખિદમત કમિટી રૂપાલ તેનું નવું પ્રકાશન 'ખિદમત સીરીઝ' નં. ૧૫ "રૂહાની ઈન્આમ" આપની સમક્ષ રજૂ કરતાં અનહદ આનંદ અને ગૌરવ અનુભવે છે. આ કમિટીના નાના અને મર્યાદિત પ્રકાશન કાર્યમાં સફળતા આપ સૌના સાથ અને સહકાર અને મદદનું પરિણામ છે.

આપે જે સહકાર આપ્યો તે બદલ ખૂબ ખૂબ આભાર. ફરીવાર અને વારંવાર આવા દીની પ્રકાશનો લોકોના હાથમાં વિના મૂલ્યે પહોંચે અને મઝહબે ઈસ્લામની તબલીગી સેવાનો હક અદા કરવા આપણે સમર્થ થઈએ તેવી નેક ઉમ્મીદ પણ રાખીએ છીએ. આ તકે આપનો આભાર માનીને નમ્ર અપીલ પણ કરીએ છીએ કે નીચેના સરનામે આપની દરેક પ્રકારની ઈમદાદ, ઝકાત અને કુરબાનીની ખાલો આપી-અપાવી સવાબે જારીયાહના મહાન કાર્યમાં સહભાગી બનો.

## સુન્ની મુસ્લિમ ખિદમત કમિટી

મુ. રૂપાલ, તા. બાવલા, જિ. અહમદાબાદ.

પીન-૩૮૨૨૨૦